અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ એપ્રિલ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૩ | અંક : ૨૮૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### જથ્થાબંધ મોંઘવારી માર્ચમાં ઘટી ૨.૦૫ ટકા નોંધાઈ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

દેશમાં ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડાના કારણે જથ્થાબંધ મોંઘવારી માસિક ધોરણે ઘટી છે. માર્ચમાં જથ્થાબંધ મોંઘવારી ઘટી ૨.૦૫ ટકા થઈ હતી. જે ફેબ્રુઆરીમાં ૨.૩૮ ટકા હતી. કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર જારી આંકડાઓ અનુસાર, જથ્થાબંધ ફુગાવો વાર્ષિક ધોરણે વધ્યો છે. જે માર્ચ, ૨૦૨૪માં ૦.૨૬ ટકા સામે અધધધ વધી માર્ચ, ૨૦૨૫માં ૨.૦૫ ટકા થયો છે. વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, જથ્થાબંધ મોંઘવારીમાં ઘટાડા પાછળનું કારણ ઉત્પાદિત ખાદ્ય ચીજો, અન્ય ઉત્પાદિત ચીજો, ફૂડ આર્ટિકલ્સ, વીજ, અને કપડાંના ભાવોમાં ઘટાડો છે. માર્ચમાં ખાદ્ય ચીજોનો જથ્થાબંધ ફુગાવો ૧.૫૭ ટકા નોંધાયો છે. જે ફેબ્રુઆરીમાં ૩.૩૮ ટકા હતો. શાકભાજીના ભાવોમાં ધરખમ ઘટાડાના કારણે ખાદ્ય ચીજોમાં મોંઘવારી દર ઘટ્યો છે.

### બરોડા ડેરીથી તરસાલી ગામ સુધીના હંગામી દબાણનો સફાયો

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરા શહેરમાં ચારે બાજુએ બિલાડીના ટોપની જેમ ગેરકાયદે દબાણો રોજે રોજ નવા થઈ રહ્યા છે ત્યારે પાલિકા તંત્ર માત્ર દબાણ હટાવીને જ સંતોષ માને છે પરંતુ કોઈ ચોક્કસ નીતિ રીતિ ગણવાની વિચારતા નથી. આવી જ રીતે શહેરના દક્ષિણ વિસ્તારમાં બરોડા ડેરી ત્રણ રસ્તાથી તરસાલી ગામ સુધી ખેર ઠેકાણે રોડ રસ્તાની બંને બાજુએ થયેલા હંગામી દબાણો દૂર કરીને દબાણ શાખાની ટીમે બે ટ્રક જેટલો માલ સામાન કબજે કરી કર્યો હતો. ઉલ્લેખનીય છે કે શહેરના દક્ષિણ વિસ્તારમાં બરોડા ડેરીથી તરસાલી ગામ સુધી રોડ રસ્તાની બંને બાજુએ તરબૂચના તંબુ, શેરડીના કોલા, કેરીના શેડ સહિત અન્ય ફળફળાદી તથા મોટર ગેરેજ, ચા-પાણીની લારીઓ, ખાણીપીણીની અસંખ્ય રેકડીઓ તથા દુકાનદારોએ બહાર શેડ બનાવીને ગોઠવેલો માલ સામાન પાલિકાની દબાણ શાખાએ ખસેડીને તંબુઓ, કાચા શેડ, અનેક લારીઓ તથા ગેરકાયદે ગોઠવાયેલા ગલ્લા દબાણ શાખાની ટીમ દ્વારા ખસેડાયા હતા.

### લગ્ન પ્રસંગવાળા ઘરે ૬૦ તોલા સોનું-ચાંદી અને ૭૦ લાખથી રોકડ લઈ ફરાર

। (એજન્સી) નડિયાદ, તા.૧૫ ।

ગુજરાતમાં સતત વધતી ગુનાખોરી વચ્ચે તસ્કરોનો આતંક પણ વધ્યો છે. ખેડાના નડિયાદમાંથી પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં લગ્ન પ્રસંગમાં જવાનું હોવાથી પરિવારે સોનું અને રોકડ ઘરમાં રાખ્યું હતું. તસ્કરો ઘરમાં ઘુસી ૬૦ તોલા સોનું અને ૭૦ લાખથી વધુની રોકડ ચોરી ફરાર થઈ ગયા હતાં. હાલ આ મામલે નડિયાદ ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે. નડિયાદના કપવંજ રોડ પર એસ.આર.પી કેમ્પસ સામે આવેલી પ્રભુકૃપા સોસાયટીમાં ચોરીની ઘટના સામે આવી છે. મોડી રાત્રે ૧ વાગ્યાની આસપાસ તસ્કરો ઘરના મુખ્ય દરવાજાનો નકૂચો તાળા સાથે તોડી ઘરમાં પ્રવેશ્યા હતાં.

---

સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાને સમન્સ જારી કર્યા

## રોબર્ટ વાડ્રાને લેંડ ડીલમાં EDનું તેડું, પ્રિયંકા પર ઉઠ્યા સવાલો

**સમગ્ર મામલાથી વાકેફ લોકોનું કહેવું છે કે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે અધિકારીઓનું કહેવું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાને સમન્સ જારી કર્યા છે. તેઓ પૂછપરછ માટે ED ઓફિસ પણ પહોંચી ગયા છે. આ દરમિયાન વાડ્રાએ કહ્યું કે અમે કંઈપણ માટે તૈયાર છીએ. જ્યારે હું લઘુમતીઓ માટે બોલું છું, ત્યારે અમને દબાવવામાં આવે છે. રાહુલને સંસદમાં દબાવી દેવામાં આવે છે. તેમણે કહ્યું કે હું જે પણ કરું છું તેમાં દબાણ હોય છે. ગુરુગ્રામના શિકોપુર ગામમાં જમીન સોદાના સંદર્ભમાં વાડ્રાને આ સમન્સ જારી કરવામાં આવ્યું છે. સમગ્ર મામલાથી વાકેફ લોકોનું કહેવું છે કે મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે આ કેસમાં વાડ્રાને પહેલી વાર બોલાવવામાં આવ્યા છે. હરિયાણા પોલીસે ૨૦૧૮ માં આ કેસમાં FIR નોંધી હતી. આ કેસ ફેબ્રુઆરી ૨૦૦૮ ના એક જમીન સોદા સાથે સંબંધિત છે, જે હેઠળ રોબર્ટ વાડ્રાની કંપની સ્કાય લાઈટ હોસ્પિટાલિટી પ્રાઈવેટ લિમિટેડે ગુરુગ્રામના શિકોપુર ગામમાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. આ જમીન ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ૭.૫ કરોડ રૂપિયા ચૂકવીને હસ્તગત કરવામાં આવી હતી. એવો આરોપ છે કે આ કિસ્સામાં પરિવર્તનની પ્રક્રિયા એટલે કે દાખિલ ખારીજ ૨૫ કલાકમાં પૂર્ણ થઈ ગઈ હતી. EDના એક અધિકારીએ જણાવ્યું હતું કે આ કેસમાં રોબર્ટ વાડ્રા પાસેથી નાણાકીય વ્યવહારોની વિગતો લેવી પડશે. એટલા માટે તેમને સમન્સ જારી કરવામાં આવ્યા છે. આ ચાર્જશીટમાં ભાગેડુ હથિયાર વેપારી સંજય ભંડારી અને બ્રિટિશ નાગરિક સુમિત ચઢ્ઢા વિરુદ્ધ માહિતી આપવામાં આવી હતી. આમાં કહેવામાં આવ્યું હતું કે રોબર્ટ વાડ્રા અને પ્રિયંકા ગાંધીએ હરિયાણામાં અનેક એકર જમીન ખરીદી હતી. આ સોદો દિલ્હીના એક રિયલ એસ્ટેટ એજન્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. આ જ એજન્ટે NRI ઉદ્યોગપતિ સીસી થમ્પીને પણ જમીન વેચી હતી. ત્યારે એજન્સીએ વાડ્રા અને પ્રિયંકાના નામ આરોપી તરીકે દાખલ કર્યા ન હતા. પરંતુ થંપી અને વાડ્રા વચ્ચેના સંબંધ વિશે માહિતી આપવા માટે ચાર્જશીટમાં જમીન સોદાનો ચોક્કસપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.



### પ્રિયંકા ગાંધીના નામે ૫ એકર જમીન પણ ખરીદવામાં આવી હતી

થમ્પીની જાન્યુઆરી ૨૦૨૦ માં ધરપકડ કરવામાં આવી હતી. તેણે ED ને કહ્યું હતું કે તે વાડ્રાને ૧૦ વર્ષથી ઓળખે છે. થમ્પીએ કહ્યું કે સોનિયા ગાંધીના પીએએ મને રોબર્ટ વાડ્રા સાથે પરિચય કરાવ્યો હતો. આ પછી, તે દિલ્હીથી યુએઈ સુધી ઘણી વખત વાડ્રાને મળ્યો. એજન્સીનો દાવો છે કે થમ્પીએ ૨૦૦૫ થી ૨૦૦૮ દરમિયાન ફરીદાબાદના અમીપુર ગામમાં ૪૮૬ એકર જમીન ખરીદી હતી. આ સોદો NCR સ્થિત પ્રોપર્ટી એજન્ટ HL પાહવા દ્વારા કરવામાં આવ્યો હતો. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું હતું કે રોબર્ટ વાડ્રાએ અમીપુર ગામમાં ૪૦ એકર જમીન પણ ખરીદી હતી. આ જમીન પાહવા પાસેથી ખરીદવામાં આવી હતી અને પછી ૨૦૧૦માં તેમને વેચી દેવામાં આવી હતી. આ ઉપરાંત, એપ્રિલ ૨૦૦૬માં પ્રિયંકા ગાંધીના નામે ૫ એકર જમીન પણ ખરીદવામાં આવી હતી અને તે ૨૦૧૦ માં પાહવાને વેચી દેવામાં આવી હતી. રોબર્ટ વાડ્રાના નામે લંડનમાં એક પ્લોટ પણ છે, જેના વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે થમ્પીએ તેને ખરીદવામાં મદદ કરી હતી.

### નેશનલ હેરાલ્ડ મની લોન્ડ્રિંગ કેસમાં EDની કાર્યવાહી, રાહુલ-સોનિયા ગાંધી વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ



નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઓવરસીઝ પ્રમુખ સેમ પિત્રોડા વિરુદ્ધ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં પ્રોસિક્યુશન કમ્પલેન્ટ (ચાર્જશીટ) દાખલ કરી છે. આ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ચાર્જશીટમાં સુમન દુબે અને અન્ય લોકોના નામ પણ સામેલ કર્યા છે. ચાર્જશીટની નોંધ લેવા અંગેની સુનાવણી ૨૫ એપ્રિલ માટે નક્કી કરવામાં આવી છે.

---

તપાસ એજન્સીએ આપ્યો મહત્ત્વનો રિપોર્ટ

## મુર્શિદાબાદમાં વક્ફ વિરૂદ્ધ હિંસા માટે બાંગ્લાદેશીઓને જવાબદાર ગણાયા

**ઉત્તરપ્રદેશમાં ૨.૨ લાખ વક્ફ સંપત્તિ બાદ બીજા સ્થાને છે આ મહિનાની શરૂઆતમાં વક્ફ કાયદો પસાર થયા બાદ વ્યાપક વિરોધ પ્રદર્શન કર્યા હતા**

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૧૫ ।

પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદા મુદ્દે સર્જાયેલી હિંસાની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. તપાસ એજન્સીએ કેન્દ્રીય ગૃહ મંત્રાલયને જણાવ્યું છે કે, બંગાળમાં વક્ફ કાયદાના વિરોધમાં થયેલી હિંસાની પ્રારંભિક તપાસમાં બાંગ્લાદેશના બદમાશોની સંડોવણી છે. પોલીસે આ હિંસા મામલે અત્યારસુધીમાં કુલ ૨૧૦ લોકોની ધરપકડ કરી છે. મુર્શિદાબાદમાં હાલ સ્થિતિ સામાન્ય બની છે.



સુત્રો અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલયને જાણ કરવામાં આવી છે કે, પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદાના વિરોધમાં સર્જાયેલી હિંસાની પ્રારંભિક તપાસમાં બાંગ્લાદેશી બદમાશોની સંડોવણી છે. તપાસમાં જાણવા મળ્યુ છે કે, મમતા બેનરજીના નેતૃત્વ હેઠળ સરકાર ઘૂસણખોરો પર નજર રાખવામાં નિષ્ફળ રહી છે. વક્ફ કાયદાનો વિરોધ કરી રહેલા લોકો અચાનક હિંસક બન્યા હતાં. જેના લીધે મુર્શિદાબાદ જિલ્લા અને દક્ષિણ ૨૪ પરગણામાં અશાંતિ ફેલાઈ છે. જેમાં ત્રણ લોકોના મોત અને અનેક લોકો ઘાયલ થયા હતાં. પશ્ચિમ બંગાળમાં ૮૦૪૮૦થી વધુ વક્ફ સંપત્તિઓ છે, ઉત્તરપ્રદેશમાં ૨.૨ લાખ વક્ફ સંપત્તિ બાદ બીજા સ્થાને છે. આ મહિનાની શરૂઆતમાં વક્ફ કાયદો પસાર થયા બાદ વ્યાપક વિરોધ પ્રદર્શન કર્યા હતાં. વક્ફનો નવો કાયદો વક્ફ સંપત્તિઓના નિયમનમાં સરકારની ભૂમિકા વધારનારો હોવાની ટીકા સાથે વિરોધ થઈ રહ્યો છે. જો કે, સરકારે આ કાયદો ગરીબ મુસ્લિમોના પક્ષમાં હોવાનું જણાવતાં આ પ્રકારના દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા છે.

મુર્શિદાબાદના સુતી અને સમસેરગંજમાં વક્ફ કાયદાના વિરોધમાં હિંસક દેખાવો થયા હતા. અનેક દુકાનો, જાહેર વાહનોને આગ ચાંપીના બનાવો બન્યા હતાં. પથ્થરમારાની ઘટના પણ થઈ હતી. આ તણાવગ્રસ્ત સ્થિતિ બાદ ગામડાઓમાંથી ૪૦૦ હિન્દુઓ પલાયન કરી રહ્યા હોવાના અહેવાલો પણ મળ્યા છે.

---

વેલ્લોર જિલ્લાના કટ્ટુકોલ્લઈ ગામના લોકોને એક નોટિસ મળી

## આ વક્ફની પ્રોપર્ટી છે, ખાલી કરો કાં ટેક્સ આપો

**નોટિસ મળ્યા બાદ લગભગ ૧૫૦ પરિવારો જિલ્લા કલેક્ટરની ઓફિસે પહોંચી ગયા હતા**

। (એજન્સી) તમિલનાડુ, તા.૧૫ ।

તમિલનાડુના વેલ્લોર જિલ્લાના કટ્ટુકોલ્લઈ ગામના લોકોને એક નોટિસ મળી છે. આ નોટિસમાં કહેવાયું હતું કે, તેમની જમીન વક્ફની સંપ ત્તિ છે. નોટિસ મળ્યા બાદ લગભગ ૧૫૦ પરિવારો જિલ્લા કલેક્ટરની ઓફિસે પહોંચી ગયા હતા. તેમણે જણાવ્યું કે, સૈયદ અલી સુલ્તાન શાહે આ નોટિસ આપી છે. નોટિસમાં કહેવાયું છે કે, કટ્ટુકોલ્લઈ ગામની જમીન એક સ્થાનિક દરગાહની છે. દરગાહ મતલબ મુસ્લિમ સંતનો



મકબરો. નોટિસમાં ગામ લોકોને કહેવાયું છે કે, તેઓ તરત આ જમીન ખાલી કરી દે. અથવા તો દરગાહને ટેક્સ આપવાનું શરૂ કરી દે. ગામના લોકો આ વાત સાંભળી ચોંકી ગયા કેમ કે તેમની ચાર ચાર પેઢી અહીં રહી છે. તેમની રોજી રોટી અહીં ખેતી પર નિર્ભર છે. આ મામલો થોડો વિચિત્ર છે. વક્ફ બોર્ડનું કહેવું છે કે, તેમની પાસે આ જમીનના કાગળિયા છે. તો વળી ગામ લોકોનું કહેવું છે કે, તેમની પાસે સરકાર દ્વારા આપવામાં આવેલા જમીનના દસ્તાવેજ છે. કેટલાય ગામના લોકો પાસે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા જમીનના દસ્તાવેજ છે. તેઓ કલેક્ટર ઓફિસમાં સુરક્ષા અને સ્પષ્ટીકરણ માગવા ગયા હતા. આ ઘટનાથી ગામના લોકોમાં ડરનો માહોલ છે. તેમને ડર છે કે, તેમને પોતાની જમીનમાંથી હાંકી ન કાઢે. તેમની આવકનું એકમાત્ર સાધન છીનવાઈ જશે.

---

દેશમાં જુદી-જુદી ભાષા, જાતિ અને સંસ્કૃતિના લોકો વસે છે

## તમિલનાડુને 'સ્વાયત્ત' બનાવવા વિધાનસભામાં પ્રસ્તાવ રજુ કર્યો

। (એજન્સી) તમિલનાડુ, તા.૧૫ ।

રાજ્યપાલ સાથે ખેંચતાણ વચ્ચે તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રી એમકે સ્ટાલિને રાજ્યને સ્વાયત્ત બનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમણે કહ્યું કે, દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂરા થયા છે. આપણા દેશમાં જુદી-જુદી ભાષા, જાતિ અને સંસ્કૃતિના લોકો વસે છે. આપણે સૌએ સાથે મળીને રહેવુ જોઈએ. ડો. આંબેડકરે તમામની રક્ષા કરતાં દેશની રાજનીતિ અને પ્રશાસનની પ્રણાલી ઘડી છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.



સ્ટાલિને વિધાનસભામાં કહ્યું કે, રાજ્યના અધિકારોની રક્ષા અને કેન્દ્ર-રાજ્યના સંબંધોને વધુ શ્રેષ્ઠ બનાવવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ ઘડવામાં આવી છે. આ સમિતિમાં પૂર્વ અધિકારી અશોક શેટ્ટી અને એમ.યુ. નાગરાજન જેવા લોકો સામેલ થશે.

---

૧૫ દિવસમાં નવી પોલિસી જાહેર કરાશે

## નીતિન ગડકરીએ દેશભરના પ્રવાસીઓને ટોલ પ્લાઝામાંથી રાહત આપવા માટે મોટી જાહેરાત કરી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ દેશભરના પ્રવાસીઓને ટોલ પ્લાઝામાંથી રાહત આપવા માટે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે, 'દેશભરમાંથી ટોલ પ્લાઝા હટાવવા માટે કેન્દ્ર સરકાર ઝડપી કામગીરી કરી રહી છે અને ટૂંક સમયમાં નવી ટૉલ પોલિસી રજૂ કરવામાં આવશે. ગડકરીએ મુંબઈના દાદરમાં આયોજીત એક કાર્યક્રમમાં કહ્યું કે, આગામી



૧૫ દિવસમાં નવી પોલિસીની જાહેરાત કરવામાં આવશે. જોકે તેમણે પોલિસીની માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે, પરંતુ આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, નવી પોલિસી જાહેર થતાં જ ટૉલ સંબંધીત તમામ ફરિયાદો ખતમ થઈ જશે. આ સાથે કેન્દ્રીય મંત્રીએ મુંબઈ-ગોવા હાઈવેની કામગીરી અંગે વિશ્વાસ સાથે કહ્યું કે, 'આ હાઈવે જૂન-૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ બનીને તૈયાર થઈ જશે. ત્યારબાદ હાઈવે પરથી રોજબરોજ પસાર થતા પ્રવાસીઓ, ખાસ કરીને કોંકણ વિસ્તારના લોકોને મોટી રાહત મળશે.' તેમણે એમ પણ કહ્યું કે, આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહ્યો હતો, ત્યારે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે.

---

ભક્તોમાં ઉત્સાહ જોવા મળ્યો

## અમરનાથ યાત્રા ૨૦૨૫ માટે નોંધણી શરૂ થઈ ગઈ

। (એજન્સી) અમરનાથ, તા.૧૫ ।

અમરનાથ યાત્રા ૨૦૨૫ માટે નોંધણી શરૂ થઈ ગઈ છે. યાત્રામાં જોડાવા માટે ભક્તોને ઓનલાઈન અને ઓફલાઈન નોંધણીની સુવિધા આપવામાં આવી છે. નોંધણી પછી, મુસાફરી પરમિટ મેળવવા માટે આરોગ્ય પ્રમાણપત્ર પણ ફરજિયાત રહેશે. આ યાત્રા ૩ જુલાઈથી શરૂ થશે અને ૯ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. આ પવિત્ર યાત્રામાં ભાગ લેવા માટે નોંધણી જરૂરી છે કારણ કે તેના વિના તમારી યાત્રા



શરૂ થઈ શકતી નથી. નોંધણી માટે અરજી ઓફલાઈન અને ઓનલાઈન બંને રીતે કરી શકાય છે. ઑફલાઈન અરજી માટે ફોર્મ કઈ બેંકોમાંથી મેળવી શકાય છે તે જાણો? અમરનાથ યાત્રા માટે નોંધણી આજથી એટલે કે ૧૫ એપ્રિલથી શરૂ થઈ ગઈ છે.

---

અયોધ્યામાં એલર્ટ જાહેર કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે

## રામ મંદિર ટ્રસ્ટ અને UPના અનેક જિલ્લાના DMને મળ્યો બોમ્બથી ઉડાવવાની ધમકીનો મેઈલ

। (એજન્સી) અયોધ્યા, તા.૧૫ ।

અયોધ્યામાં રામ જન્મભૂમિ ટ્રસ્ટ અને ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાના જિલ્લા અધિકારીઓ ને ધમકીભર્યો મેઈલ મળ્યો છે. સોમવારે રાત્રે મેઈલ મળ્યા બાદ રામ મંદિરની સુરક્ષા વધારવાની ચેતવણી અપાઈ છે. મેઈલમાં લખ્યું છે કે, 'વધારી દો મંદિરની સુરક્ષા.' આ મેઈલની સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે, મોટા ષડયંત્રની ધમકી અપાઈ છે. રામ મંદિર ટ્રસ્ટે ધમકીને ગંભીરતાથી લઈ અયોધ્યાના સાયબર પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે. ધમકીનો મેઈલ મળ્યા બાદ સુરક્ષા એજન્સી અયોધ્યામાં એલર્ટ જાહેર કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. આ ઉપરાંત બારાબંકી, ચંદૌલી સહિતના જિલ્લાઓને એલર્ટ પર રાખવામાં આવ્યા છે, કારણ કે આ જિલ્લાઓમાં ડીએમને પણ મેઈલ મોકલી બોમ્બથી ઉડાવવાની ધમકી અપાઈ છે. સુરક્ષા એજન્સીઓએ પ્રાથમિક તપાસ કરતા મેઈલ તમિલનાડુથી મોકલાયો હોવાનું સામે આવ્યું છે. હવે સાઈબર સેલે મેઈલ ક્યાંથી આવ્યો, કોણે મોકલ્યો, તેની તપાસ શરૂ કરી દીધી છે. મેઈલ મોકલનારને ઝડપી પાડવા માટે તમામ પ્રયાસો શરૂ કરી દેવાયા છે. હાલ અયોધ્યા, બારાબંકી, ચંદૌલી અને અન્ય સંબંધિત જિલ્લાઓમાં સુરક્ષા વધારવામાં આવી છે.

---

કોર્ટમાં લગ્ન કરતા પહેલા, દુલ્હન ગાયબ

## હરદોઈ જિલ્લામાં એક-બે નહી ૧૩ લગ્ન કરી લુટેરી દુલ્હને કર્યો દગો

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના હરદોઈ જિલ્લામાં પોલીસે એક લૂંટારુ દુલ્હન સહિત ત્રણ મહિલાઓની ધરપકડ કરી છે. લૂંટેરી દુલ્હન ૧૩ વાર લગ્ન કરી ચૂકી છે અને ઘણા લોકોને છેતરી ચૂકી છે. હકીકતમાં, આ મહિલાઓ પહેલા વિવિધ જિલ્લાઓમાં એવા લોકોને શોધતી હતી જેઓ લગ્ન કરી શકતા ન હતા અને પછી તેમની સાથે લગ્ન કરતી હતી. રાત્રે, તે પરિવારના સભ્યો અને વરરાજાને નશીલા પદાર્થો ખવડાવતી અને પછી પૈસા અને ઘરેણાં લઈને ભાગી જતી. હરદોઈમાં પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો જ્યારે એક યુવક કોર્ટમાં લગ્ન કરવા આવ્યો અને લગ્નના દસ્તાવેજો તૈયાર કર્યા પછી, દુલ્હનને ઘરેણાં અને રોકડ રકમ આપવામાં આવી. થોડી જ વારમાં, દુલ્હન તેના અન્ય સાથીઓ સાથે રોકડ અને ઘરેણાં લઈને ભાગી ગઈ. પોલીસે કેસ નોંધ્યો અને આરોપીઓને પકડવા માટે ઘણી ટીમો તૈનાત કરી. હરદોઈ કોતવાલી શહેર પોલીસના રક્ષણ હેઠળ ઉભેલી લૂંટેરી દુલ્હન સહિત આ ત્રણ ધૂર્ત મહિલાઓ છે, જેમની ધરપકડ કરવામાં પોલીસ સફળ રહી છે. અત્યાર સુધી તમે લુટેરી દુલ્હનની વાર્તા ફિલ્મોમાં જોઈ હશે અથવા અખબારોમાં વાંચી હશે.

## જૂનાગઢમાં પત્નીના પ્રેમી સાથેના સંબંધોથી ત્રાસી એસ.ટી.ના કર્મચારીનો આપઘાત

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।

પત્ની અને તેના પ્રેમીના ત્રાસથી જુનાગઢમાં એસટી કર્મચારીએ ઝેર પીને આપઘાત કરી લીધો છે. સુસાઈડ નોટમાં યુવકે દુબઈ રહેતી પોતાની પત્નીના આડાસંબંધથી કંટાળી તેમજ પત્ની અને પ્રેમીના ત્રાસ અને ધમકીથી મોતને વ્હાલુ કરતો હોવાનું જણાવ્યું હતું. આ સાથે આવા લોકોને કડક સજા કરવાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી છે.મળતી માહિતી મુજબ, જુનાગઢમાં ૪૪ વર્ષીય દીપક અગ્રાવતે ઝેરી દવા પી લઈને આપઘાત કરી લીધો હતો. આ મામલે તેમના પુત્રએ માતા દક્ષાબેન અને તેના પ્રેમી શ્યામ શાહ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.દીપકે મરતા પહેલા સુસાઈડ નોટ લખી હતી. જેમાં લખ્યું છે કે, મારા મોતના જવાબદાર માત્ર બે જ વ્યક્તિ છે એક શ્યામ શાહ જે અમદાવાદનો વતની છે અને બીજી મારી પત્ની દક્ષા અગ્રાવત. આ બંને જણા સાથે મળી વારંવાર મને ખૂબ જ માનસિક ત્રાસ આપ્યો છે, મને એ હદે લાવીને ઉભો રાખ્યો છે કે મારે જીવવા કરતાં મોતને વ્હાલું કરવુ પડ્યું છે.નોટમાં લખ્યા મુજબ, આ બંનેનું છેલ્લા એક વર્ષથી અફેર ચાલે છે. જેની મને જાણ થતાં જ મારી પત્નીએ તમામ જગ્યાઓ પરથી મને બ્લોક કરી નાખ્યો હતો. વારંવાર કહેવા છતાં મને અવારનવાર ખોટા કેસમાં ફસાવી તેમજ શ્યામ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી, આજે રાત્રે ૧૦:૦૨ વાગ્યે તેના મોબાઈલ પરથી મને મારી નાખવાની ધમકી આપી છે. જેનું કોલ રેકોર્ડિંગ મારા મોબાઈલમાં છે. તેમજ આ લોકોનું ચેટિંગ પણ મારા મોબાઈલમાં છે.સરકારને મારી એટલી જ અંતિમ વિનંતી છે કે, આવા હલકા માણસો જે એક પરિવારની જવાબદારી નિભાવતા વ્યક્તિને પોતાના પૈસા અને રૂતબાના જોર ઉપર મરવા મજબૂર કરે છે.

## ૪૩ વર્ષ જૂના ઉચાપત કેસમાં ગોંડલમાં પોસ્ટ માસ્તરને ત્રણ વર્ષની સજા

। (એજન્સી) ગોંડલ, તા.૧૫ ।

૪૩ વર્ષ જૂના ઉચાપતના કેસમાં ગોંડલની કોર્ટે પોસ્ટ માસ્તરને ત્રણ વર્ષની જેલની સજા અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ૪૩ વર્ષ બાદ આવેલા આ ચુકાદાથી ભ્રષ્ટાચાર કરનારા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે૧૧ ડિસેમ્બર, ૧૯૮૧ના રોજ, ભગવતીબેન જેઠાભાઈ ડોડિયાએ ગોંડલ કોલેજ ચોક પેટા પોસ્ટ ઓફિસમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમની પાસબુકમાં ઉપાડની કોઈ રકમ દર્શાવવામાં આવી નથી અને તેમણે કોઈપણ રકમ ઉપાડી નથી, છતાં પોસ્ટ ઓફિસના રેકોર્ડમાં તેમના ખાતામાંથી ૨૫,૦૦૦ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે.પોસ્ટ ઓફિસના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી, જેમાં જાણવા મળ્યું હતું કે તે સમયના પોસ્ટ માસ્તર દિલીપસિંહ હરભમજી ઝાલાએ ખાતામાંથી ૨૫,૦૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા. ઝાલાએ પોસ્ટ ઓફિસને રકમ પરત કરવાનું વચન આપ્યું હતું અને તે રકમ પરત કરી હતી. જો કે, પોસ્ટ ઓફિસ દ્વારા વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે ઝાલાએ અન્ય ૧૮ ખાતાધારકોના ખાતામાંથી પણ કુલ ૮૭,૬૮૦ રૂપિયાની ઉચાપત કરી હતી.પોસ્ટ ઓફિસના સુપરિન્ટેન્ડેન્ટ એન.એ. ઠક્કરે ૧૯૮૨માં ગોંડલ સિટી પોલીસ સ્ટેશનમાં ઝાલા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ઝાલાની ધરપકડ કરી અને કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.૪૩ વર્ષ જુના આ કેસની સુનાવણી ગોંડલની ચીફ કોર્ટમાં થઈ હતી. જેમાં તમામ દલીલો બાદ જજ એમ.એસ. દવેએ ઝાલાને દોષી ઠેરવ્યા હતા અને તેમને ત્રણ વર્ષની જેલની સજા અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.





ઓલિમ્પિક મેડલ વિજેતા અને પ્રખ્યાત એથલીટ કર્ણમ મલ્લેશ્વરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કરી મુલાકાત.

## ગીર સોમનાથના સુત્રાપાડામાં દીપડાના હુમલામાં 3 વર્ષની બાળકીનું મોત

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૧૫ ।

ગીર સોમનાથ જિલ્લામાં માનવભક્ષી દીપડાએ આતંક મચાવ્યો છે. ત્યારે સુત્રાપાડા તાલુકાના મોરાસા ગામમાં રવિવારે (૧૩મી એપ્રિલ) દીપડો ત્રણ વર્ષની બાળકીને ઊઠાવી ગયો હતો. જે બાદ આજે (૧૪મી એપ્રિલ) સવારે ગામના વોકળામાંથી બાળકીના અવશેષો મળી આવ્યા હતા. વન વિભાગ દ્વારા બાળકીના મૃતદેહના અવશેષોને પી.એમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે.મોરાસા ગામમાં રમેશ ચાવડાની ત્રણ વર્ષની દીકરી કુંદના રવિવારે રાત્રે ઘરની બહાર ફળિયામાં હાથ ધોવા ગઈ હતી. આ દરમિયાન પરિવારના સભ્યો ઘરમાં જમી રહ્યા હતા. ત્યારે અચાનક જ માનવભક્ષી દીપડો આવ્યો અને બાળકીને ઊઠાવીને લઈ ગયો હતો. પરિવારજનોએ બાળકીને બચાવવા માટે દીપડા પાછળ દોડ્યા પણ હાથમાં કાંઈ આવ્યું નહીં.

### અમદવાદમાં તસ્કરો બેફામ બન્યા

## કંપની સ્ટોરમાંથી ૧૮.૨૪ લાખનો માલસામાન ચોરી તસ્કરો પલાયન

### નરોડા પોલીસે ચોર સામે ગુનો નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

નરોડા મુઠિયા ગામમાં આવેલી કંપનીના સ્ટોરમાં ઘૂસીને અલગ-અલગ ચીજવસ્તુઓના કુલ રૂ. ૧૮.૨૪ લાખના માલસામાનની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ અંગે કંપનીના મેનેજરે તસ્કરો સામે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે. ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે રહેતા પ્રેમપાલ પટેલ વડોદરામાં આવેલી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. તેમની કંપનીનો સ્ટોર નરોડા મુઠિયા ગામમાં આવેલો છે. ગત ૭ એપ્રિલે તેઓ ઘરે હતા તે સમયે સવારે સ્ટોર ઈન્ચાર્જ મયંકભાઈ પંચાલનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે આપણી કંપનીના સ્ટોરમાં મૂકેલ ઈલેક્ટ્રીક



સહિતની ચીજવસ્તુઓના બોક્સ ઓછા દેખાય છે. જેથી ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. જેથી પ્રેમલાલ તાત્કાલિક સ્ટોર પર આવ્યા હતા. બાદમાં સ્ટોકની ગણતરી કરતા અને તપાસ કરતા સ્ટોરમાંથી અલગ અલગ ચીજવસ્તુઓનો કુલ રૂ. ૧૮.૨૪ લાખનો માલસામાન ચોરી થયો હોવાનું સામે આવ્યું હતું. જેથી ચોર દીવાલ કૂદીને ઘૂસ્યો હોવાની શંકા સેવાઈ રહી છે. ત્યારે પ્રેમલાલે કંપનીના માલિકને ફોન કરીને જાણ કરી હતી.

## આંગણવાડીનું મકાન ખાલી કરાવવા મુદ્દે મહિલા સરપંચના પતિની હત્યા

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૫ ।

જૂનાગઢના ખંભાળિયામાં ગામના જ શખ્સે મહિલા સરપંચના પતિની હત્યા કરી નાંખી હોવાનો બનાવ સામે આવ્યો છે. એકાદ મહિના પહેલા ગામના એક શખ્સ સાથે આંગણવાડીના મકાન મુદ્દે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન થયેલા હૂમલામાં સરપંચના પતિને ઈજા પહોંચતા તેમને સારવાર માટે ખસેડાયા હતાં. જ્યાં સારવાદ દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. સરપંચના પતિ અરવિંદ મકવાણાને ઈજા પહોંચી પ્રાપ્ત વિગતો પ્રમાણે જૂનાગઢના ખંભાળિયામાં મારામારીનો બનાવ હત્યામાં પલટાયો હતો. ખંભાળિયા (ઓઝત)ના મહિલા સરપંચના પતિ સાથે ગામના જ એક શખ્સે પાનના ગલ્લા પાસે આંગણવાડીના મકાન મુદ્દે બોલાચાલી કરી હતી. ત્યારબાદ બંને વચ્ચે બોલાચાલી ઉગ્ર બનતાં સામે વાળા શખ્સે હૂમલો કર્યો હતો.

## અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી કરતાં પટેલ પરિવારની ધરપકડ

। (એજન્સી) કલોલ, તા.૧૫ ।

કેનેડા સરહદેથી અમેરિકામાં ઘૂસણખોરી કરતાં ઝડપાયેલા પરિવારે કલોલના જીતુ પટેલ નામના એજન્ટે બધી ગોઠવણ કરી હોવાનો ભાંડો ફોડતાં સીબીઆઈએ જીતુ પટેલને કલોલથી પકડીને વધુ તપાસ હાથ ધરી છે. કેનેડા સરહદેથી ઝડપાયેલા મહેસાણાના પટેલ પરિવારના પતિ-પત્ની અને પુત્રને અમેરિકન સત્તાધીશોએ ભારત ડિપોર્ટ કરી દીધાં હતાં અને તેમની ધરપકડ પણ કરાઈ છે. આ ત્રણેયની છેલ્લાં ચાર દિવસથી નવી દિલ્હી ખાતે સીબીઆઈ હેડક્વાર્ટરમાં પૂછપરછ ચાલી રહી છે. જીતુ પટેલ પહેલાં પણ ગુજરાતમાંથી ૫૦ જેટલાં લોકોને કબૂતરબાજી દ્વારા વિદેશ મોકલી ચૂક્યો છે. જીતુની પૂછપરછમાં તેમનાં નામ બહાર આવશે તો અમેરિકામાં તેમના પર પણ તવાઈ આવશે અને તેમને પણ ડિપોર્ટ કરાશે. સીબીઆઈના અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, જીતુ પટેલે પોતાના નેટવર્ક મારફતે પોતાના કલાયન્ટને કેનેડા બોર્ડર પરથી ઘૂસણખોરી કરાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘૂસણખોરી કરતાં ઝડપાયેલાં લોકોએ પોતાને ગેરકાયદે ઘૂસાડવાની આ વ્યવસ્થા કલોલના જીતુ પટેલ નામના એજન્ટે કરી આપી હોવાની વિગતો આપી હતી. જેના કારણે તપાસનો રેલો કલોલ સુધી પહોંચ્યો છે. સીબીઆઈને આ ઈનપુટ મળતા જ જીતુ પટેલને કલોલથી ઝડપી આ અંગે વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી છે. કબૂતરબાજીના આ રેકેટમાં એક વ્યક્તિને ગેરકાયદે ઘૂસાડવાના જીતુ પટેલ કેટલા પૈસા વસૂલતો હતો તે અંગેની સીબીઆઈએ ઝીણામાં ઝીણી બાબતોની તપાસ હાથ ધરી છે. જીતુ સાથે કોણ-કોણ સંકળાયેલુ છે અને અત્યાર સુધી કેટલા લોકોને ગેરકાયદે અમેરિકા પહોંચાડી દીધા છે અને એ લોકો ક્યાં છે તે તમામ બાબતોની હાલ તપાસ ચાલી રહી છે.કબૂતરબાજીના મસમોટા રેકેટનો અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલે પર્દાફાશ કર્યો હતો. આ રેકેટમાં ૨૨ આરોપીઓને પકડીને જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે. બોબી પટેલ આ રેકેટનો સૂત્રધાર હતો. કબૂતરબાજીના માસ્ટર માઈન્ડ ચરણજીત સીંહ, મુન્નો ખત્રી અને મહેકન પટેલ વિદેશ ભાગી ગયા છે. ચરણજીત સીંહ પંજાબનો છે અને પોલીસને મળેલી માહિતી પ્રમાણે તે અમેરિકા ભાગી ગયો છે. આ ઉપરાંત પોલીસનું માનવું છે કે, મહેકન પટેલ પણ અમેરિકામાં જ છે. પોલીસ તપાસમાં મુન્ની ખત્રી કેનેડામાં હોવાનું સામે આવ્યું છે. જેના કારણે પોલીસે આ ત્રણેય આરોપીઓ સામે રેડ કોર્નર નોટિસ પણ જાહેર કરી દીધી છે.

## ગુજરાત રમખાણોના પીડિતોના પરિવારજનોને સરકારી ભરતીમાં છૂટ નહી મળે

### સંબંધીઓને વિવિધ સત્તાવાર જગ્યાઓ પર ભરતી માટે આપવામાં આવતી વયમર્યાદાની છૂટછાટ રદ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

વેણુકુટ્ટન નાયરે મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૦૭માં જાહેર કરેલા પહેલા આદેશનો હવાલો આપતાં કહ્યું કે ઉંમરમાં આપતી વયમર્યાદાની છૂટને તાત્કાલિક પાછી ખેંચી લેવામાં આવે છે. તેમણે કહ્યું કે 'વયમર્યાદામાં છૂટછાટનો લાભ અધસૈનિક દળ, ઈન્ડીયા રિઝર્બ બટાલિયન, રાજ્ય પોલીસ દળ, સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમ અને અન્ય રાજ્ય તથા કેન્દ્ર સરકારના વિભાગોમાં ભરતી પર લાગૂ થતો હતો.'

ભરતીમાં વયમર્યાદામાં છૂટછાટ જેવા અન્ય લાભોની સાથે ગુજરાત રમખાણના પીડિતોને આપવામાં આવતા હતા. ગુજરાત રમખાણો દરમિયાન રાજ્યમાં હજારો લોકો મૃત્યું પામ્યા હતા, જેમાં મોટાભાગના મુસ્લિમ સમુદાયના લોકો હતા.

હ્યુમન રાઈટ્સ વૉચે રમખાણોના દસ વર્ષ બાદ કહ્યું હતું કે 'ગુજરાતમાં કેસોની તપાસ અને કેસ ચલાવવાના પ્રયાસને રોકવામાં આવ્યા હતા અને કેસમાં સામેલ કાર્યકર્તાઓ અને વકીલોને હેરાન કરવામાં આવ્યા અને ધમકાવવામાં આવ્યા હતા.' તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે તે દસ વર્ષોમાં 'મુસ્લિમ વિરોધી હિંસામાં ગુજરાત રાજ્યના અધિકારીઓની મિલીભગતના પુરાવા સામે આવ્યા.' એ પણ આરોપ લગાવ્યો હતો કે તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રમખાણો માટે જવાબદાર હતા. પરંતુ નરેન્દ્ર મોદીએ આ વાતને નકારી કાઢી છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક પૉડકાસ્ટના ઈન્ટરવ્યું દરમિયાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગુજરાતમાં સાંપ્રદાયિક રમખાણોનો એક લાંબો ઈતિહાસ રહ્યો છે, તે મુખ્યમંત્રી બન્યા તે પહેલાંથી જ. નરેન્દ્ર મોદીએ હિંસા પહેલાં આતંકવાદી હુમલાની 'પૃષ્ઠભૂમિ' તરફ ઈશારો કર્યો ઉભરતીમાં વયમર્યાદામાં છૂટછાટ જેવા અન્ય લાભોની સાથે ગુજરાત રમખાણના પીડિતોને આપવામાં આવતા હતા. ગુજરાત રમખાણો દરમિયાન રાજ્યમાં હજારો લોકો મૃત્યું પામ્યા હતા, જેમાં મોટાભાગના મુસ્લિમ સમુદાયના લોકો હતા. હ્યુમન રાઈટ્સ વૉચે રમખાણોના દસ વર્ષ બાદ કહ્યું હતું કે 'ગુજરાતમાં કેસોની તપાસ અને કેસ ચલાવવાના પ્રયાસને રોકવામાં આવ્યા હતા અને કેસમાં સામેલ કાર્યકર્તાઓ અને વકીલોને હેરાન કરવામાં આવ્યા અને ધમકાવવામાં આવ્યા હતા.'

તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે તે દસ વર્ષોમાં 'મુસ્લિમ વિરોધી હિંસામાં ગુજરાત રાજ્યના અધિકારીઓની મિલીભગતના પુરાવા સામે આવ્યા.' એ પણ આરોપ લગાવ્યો હતો કે તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી રમખાણો માટે જવાબદાર હતા. પરંતુ નરેન્દ્ર મોદીએ આ વાતને નકારી કાઢી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં એક પૉડકાસ્ટના ઈન્ટરવ્યું દરમિયાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગુજરાતમાં સાંપ્રદાયિક રમખાણોનો એક લાંબો ઈતિહાસ રહ્યો છે, તે મુખ્યમંત્રી બન્યા તે પહેલાંથી જ. નરેન્દ્ર મોદીએ હિંસા પહેલાં આતંકવાદી હુમલાની 'પૃષ્ઠભૂમિ' તરફ ઈશારો કર્યો

## પ્રાથમિક શાળાના શિક્ષકો હવે સમસ્યાને લઈ ફરિયાદ નિવારણ સમિતિમાં અરજી કરી શકશે

### કોઈ પણ પ્રકારના અસંતોષ હોય તો સીધા રાજ્યકક્ષાની સમિતિમાં અરજી કરી શકશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્યની સરકારી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોની કામગીરીમાં અસંતોષ અને અન્ય પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા માટે રાજ્યકક્ષાની ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે. શિક્ષક હવે પોતાની કામગીરી કે વહીવટ અંગે કોઈ પણ પ્રકારના અસંતોષ હોય તો સીધા રાજ્યકક્ષાની સમિતિમાં અરજી કરી શકશે. જોકે, આવેલી અરજીની નકલ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલવી ફરજિયાત રહેશે, જેથી અરજીએ માન્યતા મેળવી શકે.

શિક્ષણ વિભાગે વહીવટી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે અનેક કામગીરીઓ ઓનલાઈન કરી છે, તેમ છતાં, સમયસર શિક્ષકોની ફરિયાદોનો ઉકેલ ન મળતા આ નવા મેકેનિઝમની રૂપ રેખા ઘડી કાઢવામાં આવી છે. આ સમિતિમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત જિલ્લા સ્તરના શિક્ષણાધિકારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા હેઠળ રાજ્યના અરવલ્લીથી લઈને કચ્છ, સુરત અને બનાસકાંઠા સુધીના તમામ જિલ્લાઓના શિક્ષકો માટે ઓપન પ્લેટફોર્મ ઉભું કરવામાં આવ્યું છે. અગાઉ કોઈ પણ શિક્ષકને જિલ્લા સ્તરે અરજી કરવાની છતાં ઉકેલ ન મળ્યો હોય, તો હવે રાજ્ય કક્ષાએ પોતાની ફરિયાદ રજૂ કરી શકશે.

# ખાસ લેખ

### પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્થંભ વિશે જાણવા જેવું

## દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત, ઓછા ખર્ચે થતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી

### ખેડૂતોને જિલ્લામાં પ્રાકૃતિક ખેતી અંગે તમામ પ્રકારનું માર્ગદર્શન પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા), આત્માની કચેરી, વિસત પેટ્રોલ પંપની પાસે સાબરમતી અમદાવાદ ખાતેથી મળી શકશે

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાકૃતિક ખેતી સાથે જોડવા માટે વિશેષ અભિયાન અપનાવવામાં આવ્યું છે, ત્યારે અમદાવાદ જિલ્લામાં પણ પ્રાકૃતિક ખેતીની પહેલને બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળી રહ્યો છે. અમદાવાદ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે તે માટે પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસારના ભાગરુપે ખેડૂતો સુધી તે ખેતી વિષયક જાણકારી પહોંચાડવામાં આવી રહી છે.

પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના છાણ અને ગૌમૂત્ર થકી ઓછા ખર્ચે થતી ખેતી. પાકની વૃદ્ધિ માટે જરુરી ઈનપુટ (ખેત સામગ્રી) બહારથી ન લેતાં, પ્રાકૃતિક સામગ્રી દ્વારા જ જાતે ખેડૂત પોતે તે બનાવી શકે છે. પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આધાર સ્થંભ છે, જેમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જંતુનાશક અસ્ત્રોનો સમાવેશ થાય છે.

પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોએ સૌ પ્રથમ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવો જોઈએ. ત્યારબાદ દેશી ગાયના ગૌમૂત્ર અને છાણમાંથી તૈયાર કરેલા જીવામૃત/ઘન જીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવું જોઈએ. પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્થંભ મુજબ ખેતી કરવાથી સારા પરિણામો પ્રાપ્ત થાય છે.

રાસાયણિક ખાતરને બદલે જીવામૃત : ખેડૂતોએ આ પદ્ધતિ દ્વારા ખેતી કરતી વેળાએ રાસાયણિક ખાતરને બદલે જીવામૃત વાપરવું જોઈએ. આ જીવામૃત તૈયાર કરવા માટે ૧૦ લીટર દેશી ગાયનું ગૌમૂત્ર + ૧૦ કિ.ગ્રા દેશી ગાયનું તાજું છાણ, + ૧ મુઠી ઝાડ નીચે પડેલા શેઢા પાળા વાડની માટી + ૧ કિ.ગ્રા દેશી ગોળ + ૧ કિ.ગ્રા ચણા કે કોઈ પણ દાળના લોટનું મિશ્રણ તૈયાર કરવું. આ મિશ્રણને ૨૦૦ લીટર પાણીના ડ્રમમાં નાખી અને મિશ્રણ મિક્ષ કરવું. ત્યારબાદ ડ્રમને કંતાનના કોથળાથી ઢાંકવું અને છાંયડે રાખવું અને લાકડીથી ઘડિયાળના કાંટાની દિશામાં સવાર-સાંજ ૦૫-૦૫ મિનિટ સુધી હલાવવું. ઉનાળામાં બે-ત્રણ દિવસમાં અને શિયાળામાં એક અઠવાડિયામાં આવી રીતે જીવામૃત બની જશે. જીવામૃત તૈયાર થયા પછી ૧૫ દિવસ તેનો ઉપયોગ કરી શકાય છે.

વાપરવાની રીત : આ જીવામૃતને એક એકર માટે ૨૦૦ લીટર ગાળીને પિયતના પાણી સાથે અથવા ડ્રીપ સાથે મુખ્ય પાકની હારમાં આપવું અને ઉભા પાક પર તેનો છંટકાવ કરવો.

ઘન જીવામૃત તૈયાર કરવાની રીત : ઘન ૨૦૦ કિ.ગ્રા સખત તાપમાં સૂકવેલ, ચાળણીથી ચાળેલા દેશ ગાયના છાણના પાવડરને ૨૦ લીટર જીવામૃત સાથે ભેળવવું. ત્યારબાદ ૪૮ કલાક માટે છાંયો હોય ત્યાં ઢગલો કરી અને ત્યારબાદ પાતળું સ્તર કરી સૂકવવું. આ સ્તરને દિવસમાં ૨-૩ વાર ઉપર નીચે કરવું. સૂકાઈ જાય ત્યારબાદ તેના ગાંગડાનો ભૂક્કો કરી એક વર્ષ સુધી તે વાપરી શકાય છે.

વાપરવાની રીત : ઘન જીવામૃત જમીનમાં અંતિમ ખેડાણ પહેલાં પ્રતિ એકર ૨૦૦ કિ.ગ્રા અને કુલ અવસ્થાએ પ્રતિ એકર ૧૦૦ કિ.ગ્રા આપવું.

ફાયદા : જીવામૃત આપવાથી જમીનમાં સુક્ષ્મ જીવાણુની સંખ્યામાં ઝડપથી વધારો થાય છે અને ભેજનું નિર્માણ ઝડપી બને છે. તેમજ તે સુષુપ્ત અળસિયાને સક્રિય કરી અને અલભ્ય પોષક તત્વોને લભ્ય બનાવી છોડના મૂળને પ્રાપ્ત કરાવે છે. આનાથી છોડની રોગ પ્રતિકારક શક્તિ વધે છે અને નાઈટ્રોજનની ઉપલબ્ધિ વધે છે.

ગુજરાતની રાજ્યની ખેતીની જમીનમાં ઓર્ગેનિક કાર્બન, નાઈટ્રોજન, ઝીંક સલ્ફર, વગેરે પોષક તત્વોની મોટી ઉણપ હોવાથી કોઈ પણ પ્રકારની ખેતી પ્રવૃત્તિમાં કૃષિ પદ્ધતિથી તૈયાર કરાયેલ જીવામૃત/ઘન જીવામૃત નો ઉપયોગ કરવો જોઈએ. આવું કરવાથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા અને પોષક તત્વોની ઉપલબ્ધિ વધે છે.

પ્રાકૃતિક ખેતી દ્વારા જમીનની ભેજ સંગ્રહની ક્ષમતા વધે છે અને ઉત્પાદનમાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. પાણી બચત સાથે પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે.

વધુમાં ખેડૂતો માટે જીવાત નિયંત્રણ કરવા પણ આવી જ પ્રાકૃતિક રીતે નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, બ્રહ્માસ્ત્ર તૈયાર કરવાં આવી છે. દશપર્ણી અર્ક, ખાટી છાશનો ઉપયોગ પણ ફૂગનાશક તરીકે થાય છે. આ ઉપરાંત ફુગનાશકો તરીકે બીજામૃત અને સુંઠાસ્ત્ર તૈયાર કરવામાં આવે છે.

ખેડૂતોને જિલ્લામાં પ્રાકૃતિક ખેતી અંગે તમામ પ્રકારનું માર્ગદર્શન પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી (આત્મા), આત્માની કચેરી, વિસત પેટ્રોલ પંપની પાસે સાબરમતી અમદાવાદ ખાતેથી મળી શકશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### બિહારમાં વીજળી પડતાં ખેતરમાં પતિ-પત્ની અને પુત્રીનું મોત નીપજ્યું



। (એજન્સી) બિહાર, તા.૧૫ ।

બિહારમાં કમોસમી વરસાદના કારણે હવામાન બદલાયું છે. બિહારમાં વીજળી અને તોફાનના કારણે અનેક લોકો મોતને ભેટ્યા છે ત્યારે હવે અરવલમાં જિલ્લામાં મેઘપ્રકોપના કારણે એક પરિવારનો માળો વિખાય ગયો છે. બિહારના અરવલ જિલ્લામાંથી એક એવી હૃદય દ્રાવક ઘટના સામે આવી છે. બિહારના અરવલ જિલ્લામાં વરસાદ વચ્ચે વીજળી પડવાથી પતિ-પત્ની અને તેની પુત્રીનું જીવતા સળગી જવાથી મોત થઈ ગયું છે. આ હૃદયદ્રાવક દુર્ઘટનાનું દ્રશ્ય એટલું ભયાનક હતું કે તેને જોઈને લોકોના હૃદય કાંપી ઉઠ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે અરવલમાં સોમવારે સાંજે વીજળી પડવાથી શાદીપુર ગામના નિવાસી ૪૮ વર્ષીય અવધેશ યાદવ, તેમની પત્ની ૪૫ વર્ષીય રાધિકા દેવી અને ૧૮ વર્ષની દીકરી રિંકુ કુમારીનું દુઃખદ મોત થઈ ગયું છે. ગામલોકોએ જણાવ્યું કે વરસાદ શરૂ થઈ જતા પરિવારના સભ્યો ખેતરમાં ઘઉં લેવા માટે ગયા હતા. આ દરમિયાન જ્યારે તેઓ ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે તેમના પર અચાનક વીજળી પડી અને પરિવારના ત્રણેય સભ્યો તેની લપેટમાં આવી ગયા.

### IPL પછી ભારતીય ટીમ જશે બાંગ્લાદેશના પ્રવાસે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ટીમ ઈન્ડિયાને આઈપીએલ ૨૦૨૫ પછી ઈંગ્લેન્ડનો પ્રવાસ કરવાની છે, જ્યાં બંને ટીમો વચ્ચે ૫ ટેસ્ટ મેચ રમાશે. આ પછી ભારતીય ટીમ વનડે અને ટી-૨૦ શ્રેણી માટે બાંગ્લાદેશના પ્રવાસે જશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ પ્રવાસ માટેનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ટીમ ઈન્ડિયાનો આ પ્રવાસ ૧૭ ઓગસ્ટથી શરૂ થશે અને છેલ્લી મેચ ૩૧ ઓગસ્ટે રમાશે. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ પછી ટીમ ઈન્ડિયાની આ પહેલી સફેદ બોલની શ્રેણી હશે. ભારતની ડોમેસ્ટિક સિઝન ઓક્ટોબર મહિનામાં શરૂ થશે, જ્યારે વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકાની ટીમો ભારતનો પ્રવાસ કરશે. ભારતની હોમ સીઝનની શરૂઆત ૨ ઓક્ટોબરે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ શ્રેણીથી થશે, ત્યારબાદ તેઓ નવેમ્બર-ડિસેમ્બરમાં દક્ષિણ આફ્રિકા સામે બે ટેસ્ટ, ત્રણ વનડે અને પાંચ T20I મેચ રમશે. ભારત બે ઘરઆંગણાની શ્રેણી વચ્ચે ઓસ્ટ્રેલિયામાં ત્રણ વનડે અને પાંચ ટી-૨૦ મેચ રમશે.

### કળિયુગી માતાએ તેના પ્રેમી સાથે મળીને પુત્રી સાથે કર્યું શરમજનક કૃત્ય

। (એજન્સી) પુણે, તા.૧૫ ।

પુણેમાં એક મહિલા અને તેના પ્રેમીની પોતાની સગીર પુત્રીનું જાતીય શોષણ કરવા અને અશ્લીલ વીડિયો બનાવવાના આરોપ માં ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા તેની પુત્રીથી ગુસ્સે હતી કારણ કે તેણે મકાનમાલિકને તેની માતાના લગ્નેત્તર સંબંધો વિશે જણાવ્યું હતું. સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું કે બદલો લેવા માટે, મહિલા ભારતી વિકાસ કુહાડેએ તેના પ્રેમી ગુરુદેવ કુમાર સ્વામી સાથે મળીને સગીર પુત્રીનું શોષણ કરવાનું કાવતરું ઘડ્યું. બંનેએ કથિત રીતે છોકરીનું વસ્ત્રહરણ કર્યું, અશ્લીલ વીડિયો રેકોર્ડ કર્યા અને તેને સંબંધીઓને મોકલ્યા. ચોંકાવનારી વાત એ છે કે, મહિલા પર તેની પુત્રીને તેના બોયફ્રેન્ડ સાથે શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કરવાનો પણ આરોપ છે.પોલીસે બંને આરોપીઓની જિલ્લાના ઉત્તરીય ભાગમાંથી ધરપકડ કરી છે. ગુનો કર્યા પછી તેઓ ભાગી ગયા હતા અને પોતપોતાના ઘરેથી ફરાર થઈ ગયા હતા. છોકરીનો વીડિયો વાયરલ થયા બાદ, બિબવેવાડી પોલીસે તાત્કાલિક તેમને પકડી લીધા. તપાસમાં પુષ્ટિ મળી કે માતાએ આ પગલું તેની પુત્રીને તેના અફેર વિશે જણાવવાથી લીધું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો હતો કે મોદી સરકાર ફક્ત બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું નામ લે છે.

# લખનૌની હોસ્પિટલમાં મધ્યરાત્રિએ ભીષણ આગ લાગી

## આ પછી, ટીમે કેટલાક લોકોને સીડીઓ દ્વારા અને કેટલાક લોકોને દોરડાની મદદથી બચાવ્યા દરમિયાન, ટીમના બાકીના સભ્યોએ આગ ઓલવવાનું કામ કર્યું

। (એજન્સી) લખનૌ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં લોકબંધુ હોસ્પિટલમાં મોડી રાત્રે આગ લાગી હતી. જેના કારણે લોકો ગભરાઈ ગયા છે. હોસ્પિટલના બીજા માળે મહિલા વોર્ડ અને ICUમાં આગ લાગી હતી. જેના કારણે આખા ફ્લોર પર ધુમાડો ફેલાઈ ગયો. પરંતુ ફાયર બ્રિગેડની તત્પરતા, હોસ્પિટલ સ્ટાફની કાર્યક્ષમતા અને વહીવટી અધિકારીઓના સંચાલનને કારણે, ૨૦૦ દર્દીઓને તાત્કાલિક બહાર કાઢીને બીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. હોસ્પિટલમાં લાગેલી આગના વીડિયો પણ સામે આવ્યા છે, જેને જોઈને તમે પોતે જ અંદાજ લગાવી શકો છો કે દર્દીઓના જીવ કેવી રીતે બચી ગયા. લખનૌ ફાયર બ્રિગેડના સીએફઓ મંગેશ કુમારે જણાવ્યું હતું કે અમને રાત્રે ૯:૪૪ વાગ્યે માહિતી મળી હતી અને માહિતી મળતાની સાથે જ અમારી આખી ટીમ ઘટનાસ્થળે



પહોંચી ગઈ હતી. જ્યારે ટીમ અહીં પહોંચી ત્યારે તેમણે જોયું કે આગના ડરથી ઘણા લોકો ભાગી રહ્યા હતા. જ્યારે કેટલાક લોકો હોસ્પિટલની બારીઓમાંથી ડોકિયું કરી રહ્યા હતા અને કૂદવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ ઉપરાંત, કેટલાક લોકો સીડીઓ પરથી નીચે દોડી રહ્યા હતા. ઘટનાસ્થળે પહોંચ્યા પછી, અમારી ટીમે જોયું કે પરિસ્થિતિ ગંભીર હતી અને જો લોકો બારીઓમાંથી કૂદી પડે તો તેઓ પોતાનો જીવ ગુમાવી શકે છે. આવી સ્થિતિમાં ટીમ ઘણા ભાગોમાં વહેંચાઈ ગઈ. આ પછી, ટીમે કેટલાક લોકોને સીડીઓ દ્વારા અને કેટલાક લોકોને દોરડાની મદદથી બચાવ્યા. દરમિયાન, ટીમના બાકીના સભ્યોએ આગ ઓલવવાનું કામ કર્યું. ટીમે માત્ર ૩૦ મિનિટમાં આગ બુઝાવી દીધી. સીએફઓ મંગેશ કુમારે જણાવ્યું હતું કે બચાવ દરમિયાન અમારી ટીમે હોસ્પિટલમાં લગાવેલા કાચ તોડી નાખ્યા હતા. જેના કારણે ક્રોસ વેન્ટિલેશન સર્જાયું અને બચાવ કાર્ય ઝડપી બન્યું. ઉપરાંત, ક્રોસ વેન્ટિલેશનને કારણે દર્દીઓનો શ્વાસ રૂંધાયો ન હતો. જેના કારણે બધાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગ બીજા માળે લાગી હતી. દરેક માળે ફક્ત ધુમાડો જ પહોંચ્યો હતો. જેના કારણે લોકોને લાગ્યું કે આખી હોસ્પિટલમાં આગ લાગી ગઈ છે. પરંતુ આગ ફક્ત બીજા માળ સુધી જ મર્યાદિત હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ વિશાખ જી ઐયરે જણાવ્યું હતું કે, "લોકબંધુ હોસ્પિટલમાં આગ લાગવાની માહિતી મળતાં જ અમે ફાયર અને રેસ્ક્યૂ વિભાગની એક ટીમ મોકલી હતી. તેમણે બચાવ કામગીરી શરૂ કરી હતી. આગથી ICU, એક મહિલા વોર્ડ અને બીજા વોર્ડને અસર થઈ હતી. આ વોર્ડમાંથી તમામ દર્દીઓને બચાવી લેવામાં આવ્યા છે. તેમને ૩ હોસ્પિટલોમાં રિફર કરવામાં આવ્યા છે, પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છેપઆગ લાગ્યા પછી, ફાયર બ્રિગેડ ટીમ, પોલીસકર્મીઓ અને હોસ્પિટલ સ્ટાફની મદદથી દર્દીઓને એક પછી એક બચાવી લેવામાં આવ્યા. વીડિયોમાં જોઈ શકાય છે કે દર્દીઓને વેન્ટિલેટર દ્વારા પણ બહાર કાઢવામાં આવી રહ્યા છે.

### ભારતને UNSCનો કાયમી સભ્ય બનાવવામાં આવે

# ભારત અને રશિયા વચ્ચે રાજકીય મિત્રતાને ૭૮ વર્ષ પૂર્ણ થઈ ગયા છે

## રશિયાના વિદેશ મંત્રાલયે બંને દેશો વચ્ચેના રાજકીય સંબંધોને ૭૮ વર્ષ પૂર્ણ થવા પર શુભેચ્છાઓ પાઠવતાં આ માગ કરી હતી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૫ ।

ભારત અને રશિયા વચ્ચે રાજકીય મિત્રતાને ૭૮ વર્ષ પૂર્ણ થયા છે. કોલ્ડવૉરથી માંડી પાકિસ્તાન યુદ્ધ સુધી રશિયાએ ભારત સાથે મિત્રતા નિભાવી છે. હવે ફરી એકવાર રશિયા પોતાની મિત્રતા નિભાવતાં ભારતને યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં સામેલ કરવાની માગ કરી રહ્યું છે. રશિયાએ UNSCમાં ભારતને કાયમી સભ્ય પદ આપવાની માગ ઉઠાવી છે. રશિયાના વિદેશ મંત્રાલયે બંને દેશો વચ્ચેના રાજકીય સંબંધોને ૭૮ વર્ષ પૂર્ણ થવા પર શુભેચ્છાઓ પાઠવતાં આ માગ કરી હતી. રશિયાના વિદેશ મંત્રાલયે UNIPLSCમાં ભારતને કાયમી સભ્ય પદ આપવા સમર્થન આપ્યું છે. તદુપરાંત સ્લોવાકિયાએ પણ ભારતને કાયમી સભ્ય બનાવવાની વાતને સમર્થન આપ્યું



છે. ૧૯૪૫માં શરૂ થયેલા યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં હાલ કુલ ૧૫ સભ્યો છે. જેમાં અમેરિકા, રશિયા, ફ્રાન્સ, ચીન, બ્રિટન પાંચ સ્થાયી સભ્ય દેશ છે. જ્યારે ૧૦ અસ્થાયી સભ્ય દેશ સામેલ છે. આ સંસ્થા આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી લે છે. રશિયાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, અમે ભારત સાથે રાજકીય ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માગીએ છીએ. બંને દેશો વચ્ચે રાજકીય સંવાદ વધુ મજબૂત બને તેમજ બંને દેશોના નેતાઓ વચ્ચે મુલાકાતનો સિલસિલો ચાલુ રાખવા પ્રયાસો થશે. બંને દેશો વચ્ચે વેપાર સંબંધ સતત વધી ૬૦ અબજ ડોલરે પહોંચ્યા છે. પરમાણુ ઉર્જા પર પણ અમે સહયોગ આપી રહ્યા છીએ. બંને દેશો વચ્ચે ડિફેન્સ, સ્પેસ, ટેક્નોલોજી અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન થવુ જોઈએ. બંને દેશો વચ્ચે પરમાણુ ઉર્જા પર સહયોગ થઈ રહ્યો છે. તમિલનાડુના કુંડનકુલમમાં પરમાણુ ઉર્જા પ્લાન્ટ લગાવવામાં આવી રહ્યો છે. આ વર્ષે પુતિન ભારતની મુલાકાત લેશે. રશિયાએ પણ પોતાની વિક્ટ્રી ડે પરેડમાં PM મોદીને આમંત્રણ આપ્યું હતું. જેમાં ભાગ લેવા વિદેશ મંત્રી એસ. જયશંકર જવાના છે. UNSCમાં કાયમી સભ્ય પદ માટે ભારત લાંબા સમયથી રાહ જોઈ રહ્યું છે. તે વિશ્વનું સૌથી શક્તિશાળી સંગઠન છે. જેમાં સ્થાયી સભ્યો પાસે વીટો પાવર હોય છે.

### મહારાષ્ટ્ર સરકારે ફરી એકવાર યોજનામાં ફેરફાર કર્યો

# મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજનાને લઈને ફરી એકવાર રાજકારણ શરૂ થયું

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૫ ।

મહારાષ્ટ્રમાં લાડલી બહેન યોજનાને લઈને ફરી એકવાર રાજકારણ શરૂ થયું છે. મહારાષ્ટ્ર સરકારે ફરી એકવાર યોજનામાં ફેરફાર કર્યો છે. આ યોજના હેઠળ ૮ લાખ મહિલાઓને ૧૫૦૦ રૂપિયાને બદલે ફક્ત ૫૦૦ રૂપિયા મળશે. સરકારી નિયમો અનુસાર, ૧૫૦૦ રૂપિયા ફક્ત તે લાભાર્થીઓને જ આપવામાં આવશે, જેમને અન્ય કોઈ યોજનાનો લાભ મળી રહ્યો નથી. આ ફેરફાર પછી, નમો કિસાન સન્માન નિધિનો લાભ મેળવતી મહિલા ખેડૂતોને હવે લાડલી બહેન યોજના હેઠળ ફક્ત ૫૦૦ રૂપિયા જ મળશે. નમો કિસાન સન્માન યોજના હેઠળ, રાજ્ય સરકાર ૬ હજાર રૂપિયા અને કેન્દ્ર સરકાર ૬ હજાર રૂપિયા આપે છે, આમ વાર્ષિક કુલ ૧૨ હજાર, જ્યારે લાડલી બહેન યોજના હેઠળ, ૧૮ હજાર આપવામાં આવે છે. તેથી, કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ લેતી લાડલી બહેનોને બાકીના ફક્ત ૬ હજાર રૂપિયા વાર્ષિક અને દર મહિને ૫૦૦ રૂપિયા તફાવત તરીકે મળશે. લાડલી બહેન યોજનાના લાભાર્થીઓ માટે શરત એ છે કે, જો તેઓ અન્ય કોઈ સરકારી યોજનાનો લાભ મેળવી રહ્યા હોય, તો તેમને આ યોજનાનો



લાભ મળશે નહીં. હવે આના પર રાજકારણ શરૂ થઈ ગયું છે. વિપક્ષનું કહેવું છે કે, સરકારે ચૂંટણી દરમિયાન મત મેળવવા માટે આ યોજના લાવી હતી. હવે સરકાર ધીમે ધીમે આ યોજનામાં ઘટાડો કરશે અને તેને બંધ કરશે. સરકાર આપણી લાડલી બહેનો સાથે છેતરપિંડી કરી રહી છે. સરકાર કહે છે કે, આ યોજનાની શરતોનું પાલન કરતી મહિલાઓની રકમમાં કોઈ કપાત કરવામાં આવશે નહીં, પરંતુ વિપક્ષ ભ્રમ ફેલાવી રહ્યો છે. આ સાથે, સરકાર લાડલી બહેન યોજનાના લાભાર્થીઓની પણ તપાસ કરી રહી છે, જેથી ફક્ત યોગ્ય લોકોને જ લાભ મળી શકે. ઓક્ટોબરમાં આ યોજના માટે લગભગ ૨.૬૩ કરોડ અરજીઓ આવી હતી. તપાસ પછી, ફેબ્રુઆરી સુધીમાં, આ સંખ્યા ૧૧ લાખ ઘટીને ૨.૫૨ કરોડ થઈ ગઈ હતી.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ૨૦૨૩ બેચના IAS અધિકારીઓ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુને મળ્યા.

# ઉ.પ્રદેશમાં બસ-રીક્ષા વચ્ચે ભીષણ ટક્કર, એક જ પરિવારના પાંચના મોત

। (એજન્સી) લખનૌ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશના બહરાઈચમાં મંગળવારે (૧૫મી એપ્રિલ) ભયાનક અકસ્માત સર્જાયો છે. બસે એક રીક્ષાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના પાંચ લોકોના મૃત્યુ નીપજ્યા છે. જ્યારે ૧૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાની માહિતી મળતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતાં. ગોંડા-બહરાઈચ રોડ પર આ અકસ્માત સર્જાયો હતો. મૃતકો અને ઈજાગ્રસ્ત લોકો હુઝુરપુર પોલીસ સ્ટેશન વિસ્તારના



હીરાપુર ગામના રહેવાસી છે. તેઓ રીક્ષામાં લગ્નમાં હાજરી આપવા જઈ રહ્યો હતો. આ દરમિયાન બસે રીક્ષાને ટક્કર મારી હતી. મૃતકોની ઓળખ અઝીમ, ફહાદ, મરિયમ, અમજદ અને મુન્ની તરીકે થઈ છે. આ અકસ્માતને પગલે લોકોના ટોળા ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. થોડી જ વારમાં ગોંડા-બહરાઈચ રોડ પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો.

### સલમાન ખાન વિશે એક મોટા સમાચાર આવ્યા

# સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપનારો વડોદરાનો યુવક નીકળ્યો

## આ શંકાસ્પદ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ ૨૬ વર્ષનો છોકરો છે આ છોકરો માનસિક રીતે નબળો હોવાનું કારણ કહેવાય છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

બોલિવૂડ અભિનેતા સલમાન ખાન વિશે એક મોટા સમાચાર આવ્યા હતા. ફરી એકવાર સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. મેસેજમાં ઘરમાં ઘૂસીને મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી, તેમજ કારને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ સમાચાર બહાર આવતાની સાથે જ પોલીસ એક્શનમાં આવી ગઈ અને હવે આ કેસમાં એક અપડેટ આવી છે. અહેવાલો અનુસાર, મુંબઈ પોલીસે ગુજરાતના વડોદરામાંથી એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ શંકાસ્પદ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ ૨૬ વર્ષનો છોકરો છે. આ છોકરો માનસિક રીતે નબળો હોવાનું કહેવાય છે. સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી ટ્રાન્સપોર્ટ વિભાગના



વોટ્સએપ નંબર પર મોકલવામાં આવી હતી. મુંબઈના વરલી સ્થિત ટ્રાન્સપોર્ટ વિભાગના વોટ્સએપ પર આ મેસેજ આવ્યો હતો, 'સલમાન ખાન મારી નાખશે, તે ચોક્કસ મારી નાખશેપ તે ઘરમાં ઘૂસીને મારી નાખશે.' આ સાથે, બીજા મેસેજમાં, તેમની કારને બોમ્બથી ઉડાવી દેવાનો ઉલ્લેખ હતો. એવા અહેવાલો છે કે મુંબઈ પોલીસ ટૂંક સમયમાં ધરપકડ કરાયેલા શંકાસ્પદ વ્યક્તિની પૂછપરછ કરશે. આ સમાચારો વચ્ચે, સલમાન ખાને ગઈકાલે રાત્રે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પણ શેર કરી. 'સિકંદર' અભિનેતાએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની બે તસવીરો શેર કરી. સલમાન ખાનની આ તસવીરો જીમમાં લેવામાં આવી છે. આ તસવીરોમાં સલમાન ખાન પોતાના બાઈસેપ્સ ફ્લોન્ટ કરતો જોવા મળી રહ્યો છે. આ સાથે, તેમણે કેપ્શનમાં લખ્યું છે, 'પ્રેરણા બદલ આભાર.' સલમાન ખાનની આ તસવીરો પર ચાહકો ભારે ટિપ્પણીઓ કરી રહ્યા છે. એક વ્યક્તિએ લખ્યું છે, 'ભાઈજાન, તમારે ડરવાની જરૂર નથીપ તમારી આ ઝલક લોકોને જવાબ આપવા માટે પૂરતી છે.' જ્યારે બીજા એક વ્યક્તિએ લખ્યું છે કે, 'તમારી એક ઝલક જોતાં જ દુશ્મનો ધ્રૂજવા લાગે છે.'

# વકીલોએ શહેરમાં રેલી કાઢીને UCC કાયદાનો વિરોધ કર્યો

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

ગુજરાતમાં કોમન સિવિલ કોડ કાયદો લાગુ કરવા સામે વાંધા સૂચનો રજૂ કરવા અંગેનો આજે છેલ્લો દિવસ હતો. આ દરમિયાન વડોદરામાં વકીલોએ આ કાયદાનો વિરોધ કર્યો હતો. વડોદરા કોર્ટથી લઈને કલેક્ટર કચેરી સુધી પગપાળા રેલી યોજીને સુત્રોચ્ચાર કર્યા હતાં. શહેરના વકીલો બેનરો અને પોસ્ટરો લઈને રેલીમાં જોડાયા હતાં. કલેક્ટરને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી.

# મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશને લઈને બે સમુદાયો વચ્ચે મોટો વિવાદ થયો

। (એજન્સી) ઇન્દોર, તા.૧૫ ।

એક દલિત વરરાજાના મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશને લઈને બે સમુદાયો વચ્ચે મોટો વિવાદ થયો હતો. લગભગ બે કલાક સુધી ચાલેલા આ વિવાદ બાદ પોલીસે વરરાજા અને તેના પરિવારને મંદિરની અંદર દર્શન કરવાની મંજૂરી આપી હતી. મધ્યપ્રદેશના ઈન્દોરમાં એક દલિત વરરાજાના રામ મંદિરમાં પ્રવેશને લઈને વિવાદ થયો હતો. વિવાદ એટલો વધી ગયો કે, બંને સમુદાયના લોકો આમને-સામને આવી ગયા હતા, ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટના બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મજયંતીના દિવસની છે. ઘટના બાદ, ઘટનાસ્થળે પહોંચેલા વરરાજાએ પોલીસ સુરક્ષા વચ્ચે મંદિરમાં પૂજા કરી હતી. ઈન્દોરના મહુના બલાઈ સમુદાયનો એક વરરાજા તેના સંબંધીઓ અને વરઘોડા સાથે ૨૫ કિમી દૂર સંઘવી ગામમાં સ્થિત મંદિરમાં પહોંચ્યો હતો. આ સમય દરમિયાન, મંદિરમાં પૂજા કરવા અંગે તેમનો કેટલાક ઉચ્ચ જાતિના લોકો સાથે વિવાદ થયો હતો. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં વરરાજા મંદિરની બહાર ઊભો જોવા મળી રહ્યો છે. આ દરમિયાન, અન્ય જાતિના લોકો લગ્ન પક્ષ સાથે દલીલ કરતા જોવા મળે છે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગકાર્ય

ટેન્ડર આમંત્રણ સૂચના સં. - DRM-SnT-ADI-Sig 03 વર્ષ 2025-26 ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્ય કરતા DRM/S&T, ટેન્ડર સંખ્યા DRM-SnT-ADI-Sig 03 વર્ષ 2025-26, છેલ્લી તારીખ 09.05.2025, 15:00 માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. બિડર્સ તેમની મૂળ / સુધારેલી બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકે છે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. (1) કાર્યનું નામ : અમદાવાદ વિભાગમાં સમાખ્યાલી (X) - પાલનપુર વિભાગમાં ખામીયુક્ત / વધુ ઉંમરના મિડલાઇફ સિગ્નલિંગ ગિયર્સની વિશ્વસનીયતા સુધારણા અને બદલીના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, સ્થાપન, પરીક્ષણ અને કમિશનિંગ. (2) કામનો અંદાજિત ખર્ચ : ₹3,28,73,822.92/- (રૂપિયા ત્રણ કરોડ અઠયાવીશ લાખ તોતેર હજાર આઠસો બાવીસ રૂપિયા અને બાણું પૈસા માત્ર) (3) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹3,14,400/- (ત્રણ લાખ ચૌદ હજાર ચારસો રૂપિયા માત્ર) (4) સમાપ્તિ તારીખ અને સમય : 09.05.2025 ના 15:00 કલાક સુધી. (5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : ખુલવાની તારીખ 09.05.2025 ના 15:30 કલાકે. (6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ : www.ireps.gov.in

009

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# ભારતના ભવિષ્યમાં રોકાણ કરવાનો સમય

છેલ્લા કેટલાક દાયકામાં ભારતના શ્રેષ્ઠ પ્રતિભાશાળી લોકોએ સારી તકોની શોધમાં વિદેશ જવાને પ્રાથમિકતા આપી છે. વિશેષ રૂપે અમેરિકા આ પ્રતિભાઓની પ્રાથમિકતા હોય છે. જોકે અમેરિકામાં વિદેશીઓની આવક પર અંકુશના ઉપાય શરૂ થઈ ગયા છે, તેથી ભારતે આ લોકો માટે દેશમાં જ યોગ્ય અવસર તૈયાર કરીને આ વલણને પલટવાનો અનોખી તક છે. અમેરિકામાં એ૧બી વિઝા અને ગ્રીનકાર્ડનો રસ્તો કઠિન કરવાની તૈયારી થઈ રહી છે તો વિદેશમાં વસેલા ભારતીયો પણ સ્વદેશ પાછા ફરવાની સંભાવના શોધી રહ્યા છે, જો તેમને અહીં અનુકૂળ આર્થિક અવસરોની સાથે જ એક સારી રહેણીકરણી મળી શકે. એવું નથી કે ભારતમાં અનુકૂળ આર્થિક અવસર નથી. દેશમાં પહેલાંની તુલનામાં ક્યાંય વધુ આકર્ષક તકો બની છે. ડોલરની દૃષ્ટિએ ભારતના જીડીપીમાં વાર્ષિક ૧૨ ટકાના દરે વૃદ્ધિ કરવાની સંભાવનાઓ છે. કોઈ અર્થવ્યવસ્થામાં વ્યાવસાયિકોનું વેતન સરેરાશ જીડીપી વિકાસ દરની તુલનામાં ૨૫ ટકાના દરે વધે છે. તેનો અર્થ છે કે જીડીપી ૧૨ ટકા વધશે તો વ્યાવસાયિકોનું વેતન ૧૪ ટકા વાર્ષિકના દરે વધશે. આ ૧૪ ટકા વધારાની દૃષ્ટિએ જોઈએ તો દર પાંચ વર્ષમાં વેતન બેગણું થઈ જશે. સરેરાશ ૪૦ વર્ષની કારકિર્દીમાં આવો વધારો લગભગ આઠ વખત માનીને ચાલીએ તો ભારતમાં પોતાની કરિયર શરૂ કરનારા વ્યાવસાયિકોનો પગાર ડોલરના સંદર્ભે લગભગ ૨૫૦ ગણો થઈ જશે. તેનાથી વિપરીત અમેરિકાની સ્થિતિ જોઈએ તો ત્યાં જીડીપી વિકાસ દસ (૫ ટકા) ઓછો હોવાથી વ્યાવસાયિકોનું વેતન લગભગ ૬.૨૫ ટકાના દરે વધશે. ત્યાં ૬.૨૫ ટકાની ઝડપથી વેતનમાં દર ૧૨ વર્ષે જ તે બેગણું થઈ શકશે. એટલે કે ૪૦ વર્ષની કારકિર્દીમાં લગભગ ત્રણ વાર જ પગાર બેગણો થશે અને આખી કાકિર્દીમાં માત્ર ૧૦ ગણો વધારો મળી શકશે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# પગારોની અસમાનતા

આજકાલ સરકારી ખાતાના કર્મચારીઓ તથા ખાનગી કંપનીઓમાં કામ કરતાં કર્મચારીઓના પગાર ધોરણમાં આસમાન જમીનનો તફાવત રહેલો છે. સરકારી કર્મચારીઓના પગારમાં તબક્કાવાર પગાર વધારો થયાં કરે છે તથા વર્ષમાં બે વખત વાર્ષિક ઈજાફો થતો રહે છે. આ ઉપરાંત સરકારી કર્મચારીઓ પોતાની અમુક માંગણીઓ મંજૂર કરાવવા માટે હડતાળ કે ગો સ્લો જેવી આડોડાઈ કરીને સરકારને ઝુકાવે છે. એથી જ અમુક વ્યક્તિઓ, સરકારી કર્મચારીઓને, સરકારના જમાઈ તરીકેની ઉપમા આપે છે. આ ઉપરાંત આવા સરકારી કર્મચારીઓ પોતાની ફરજમાં આવતાં કામનાં બદલામાં ભોળી જનતા પાસેથી કટકી કે લાંચ લેતાં જ હોય છે, અને કોઈ વ્યક્તિ કટકી ના આપે તો જાતજાતના બહાનાં બતાવી ધરમધક્કા ખવડાવે છે. આવા સરકારી કર્મચારીઓ વૃદ્ધ,અપંગ કે બિમાર વ્યક્તિઓ સાથે બદસલૂકાઈ કરે છે. તો બીજી તરફ ખાનગી કંપનીઓમાં, કારખાનાઓમાં, મિલમાં કે સહકારી સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓના પગારમાં ક્યારેય ઉત્તરોત્તર વધારો થતો નથી કે ક્રમશઃ ઈજાફો મળતો નથી. ઉદ્યોગ ધંધામાં કે કંપનીઓમાં ઉત્પાદન આધારિત પગાર માળખું ગોઠવેલું હોય છે અને વ્હાલાં દવલાની નીતિઓ તથા રાજરમત ચાલતી જ હોય છે તેથી ખાનગી કંપનીઓમાં કામ કરતાં કર્મચારીઓના પગારમાં ઝાઝો પગાર વધારો થતો નથી. ક્યારેક મહિલા કર્મચારીઓ તો માલિક કે મેનેજરની હવસનો શિકાર પણ બને છે.આમ ખાનગી સંસ્થાઓમાં કર્મચારીઓનું નકરું શોષણ જ થાય છે. બીજું ખાનગી કંપનીઓમાં યુનિયન જેવી પ્રવૃત્તિઓ હોતી નથી અને જ્યાં હોય ત્યાં માલિકો નાણાંનાં જોરે કે નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપીને યુનિયન માં ફાટફૂટ પડાવે છે. ખાનગી કંપનીઓમાં દરેક કર્મચારીએ નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જ પડે છે નહીં તો પગાર કાપ, ઈજાફો બંધ થવો, રજાઓ જતી કરવી. આ ઉપરાંત શિસ્તભંગ જેવાં પગલાંઓનો પણ સામનો કરવો પડે છે. મતલબ કે ખાનગી કંપનીઓમાં કર્મચારીઓને બીક રાખીને કામ કરવું પડે છે. આ ઉપરાંત સ્થાનિક નગરપાલિકા કે સહકારી બેંકો તથા સહકારી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાના કર્મચારીઓએ પણ ચાર ચોપડી ભણેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના સભાસદોને સાહેબ સાહેબ કહીને સલામો મારવી પડે છે. સહકારી મંડળીઓ, બેંકો તથા સહકારી સંઘોમાં પણ ચેરમેન, સેક્રેટરી કે મેનેજિંગ ડિરેક્ટરના તાબામાં જ કામ કરવું પડે છે. આવા લોકો પોતાની વગનો ઉપયોગ કરીને, કર્મચારીઓ પર દબાણ કરીને પોતાનું ધાર્યું કામ કરાવતાં અને કઢાવતાં હોય છે અને એમના ઉપર કોઈ આળ કે આરોપ આવે તો દોષનો ટોપલો કર્મચારીઓ ઉપર ઢોળી દે છે.

હા, અમુક મલ્ટિ નેશનલ કંપનીમાં કામ કરતા કર્મચારીઓ તથા મેનેજરોને લાખોની સંખ્યામાં પગારનું પેકેજ તથા અન્ય સગવડો આપવામાં આવે છે, પરંતુ એનાં બદલામાં આવા કર્મચારીઓ/મેનેજરોને ઉત્પાદન અંગેનું નિર્ધારિત લક્ષ આપવામાં આવે છે અને જો એ ટાસ્ક પૂરૂં ના થાય તો નોકરીમાંથી હાથ ધોવા પડે છે. આ ઉપરાંત સંસ્થામાં હજારો કામદારો/કર્મચારીઓ કામ કરતાં હોવાથી દરરોજ કાંઈ ને કાંઈ ડખા તથા સમસ્યાઓ ચાલ્યાં જ કરતી હોય છે. આમ આ લોકોને રાતે પણ નિરાંતે નિંદ આવતી નથી અને રાત્રે ગમે તે સમયે અથવા અઠવાડિક રજાના દિવસે પણ ફરજ બજાવવી પડે છે. આમ સરકારી કર્મચારીઓ તથા ખાનગી કંપનીઓમાં કામ કરતાં કર્મચારીઓના પગારમાં, કામમાં તથા જવાબદારીઓમાં જમીન આસમાનનો તફાવત જોવા મળે છે. ખરેખર સરકારે ખાનગી સંસ્થાઓમાં કામગીરી કરતાં કર્મચારીઓના હિતનું પણ વિચારવું જોઈએ. મોંઘવારીના પ્રમાણમાં દરેકનું પગાર ધોરણ એકસરખું અને એકસમાન હોવું જરૂરી છે. આ અંગે ફેક્ટરી ઈન્સ્પેકટરો, લેબર કોર્ટના જજીસો, સરકારનાં સલાહકારો તથા ઉચ્ચ અમલદારોએ સરકાર તથા ખાનગી કંપનીઓના માલિકો સાથે મધ્યસ્થી બનીને આ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે, નહીં તો સરકારી કર્મચારીઓ કરતાં ખાનગી કે અન્ય સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓ નાણાકીય રીતે પછાત અને પાયમાલ જ રહેવાનાં છે.

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો શરીર જડ છે,પણ આત્માને એ પકડી રાખે છે, આમ માનવું બરાબર નથી**


# જવાબદારી જેના માથા ઉપર છે, એમણે ક્યારેક આંધળા, ક્યારેક બહેરા તો ક્યારેક મુંગા પણ બનવું પડે છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરીક્ષિત રાજાને શુકદેવજી કહે છે કે, તમે જેવા પ્રશ્નો પૂછો છો તેવા વિદુરજીએ મૈત્રેયજીને પૂછ્યા હતા, આ વિદુરજી એવા ભક્ત કે ભગવાન તેમને ત્યાં વગર આમંત્રણે ગયા હતા, ધૃતરાષ્ટ્રે પાંડવોને લાક્ષાગૃહમાં બાળવા પ્રયત્ન કર્યો ત્યારે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને અનેક વખત ઉપદેશ કર્યો, પણ ધૃતરાષ્ટ્ર પર કોઈ અસર થઈ નહીંત્યારે વિદુરજીએ વિચાર્યું કે, ધૃતરાષ્ટ્રના કુસંગથી મારી બુદ્ધિ બગડશે.**

જવાબદારી જેના માથા ઉપર છે,એમણે રિસાવાનો કે થાકવાનો અધિકાર નથી.. સબંધો જાળવી રાખવા માટે એમણે ક્યારેક આંધળા , ક્યારેક બહેરા તો ક્યારેક મુંગા પણ બનવું પડે છે. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શરીર જડ છે,પણ આત્માને એ પકડી રાખે છે, આમ માનવું બરાબર નથી. કારણ કે જડ વસ્તુ ચેતનને કઈ રીતે બાંધી શકે? સ્વપ્રમાં માણસ જેમ ભ્રમથી રડે છે તેવું આમાં છે. તત્ત્વ દૃષ્ટિથી શરીર ચેતન આત્માને પકડી રાખે છે એમ કહી શકાય નહીં.આત્મા શરીરથી જુદો છે, પણ તેનો અનુભવ કોઈક જ કરી શકે છે. પરીક્ષિત રાજાને શુકદેવજી કહે છે કે, તમે જેવા પ્રશ્નો પૂછો છો તેવા વિદુરજીએ મૈત્રેયજીને પૂછ્યા હતા. આ વિદુરજી એવા ભક્ત કે ભગવાન તેમને ત્યાં વગર આમંત્રણે ગયા હતા. ધૃતરાષ્ટ્રે પાંડવોને લાક્ષાગૃહમાં બાળવા પ્રયત્ન કર્યો ત્યારે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને અનેકવખત ઉપદેશ કર્યો.પણ ધૃતરાષ્ટ્ર પર કોઈ અસર થઈ નહીંત્યારે વિદુરજીએ વિચાર્યું કે,ધૃતરાષ્ટ્રના કુસંગથી મારી બુદ્ધિ બગડશે,એટલે તેમણે ગામ છોડ્યું ને ઘર છોડ્યું,ને વનમાં રહ્યા. ધૃતરાષ્ટ્ર શબ્દનો અર્થ થાય છે જે રાષ્ટ્રને એટલે કે પારકી સંપત્તિને હજમ કરે તે. તાળું તોડીને લઈ જાય એ જ ચોર નથી. જે ઓછી મહેનતે બધું મેળવવા પ્રયત્ન કરે તે પણ ચોર છે.આથી વિદુરજી ધૃતરાષ્ટ્ર થી દૂર રહે છે. વિદુરજી પહેલેથી જ તપસ્વી જીવન ગાળતા અને ભગવાનનું કીર્તન કરતા. વિદુર અને તેમનાં પત્ની સુલભા વનમાં આવી નદી કિનારે ઝૂંપડી બાંધી રહેતાં હતાંને તપશ્ચર્યા કરતાં હતાં.રોજ ત્રણ કલાક પ્રભુની સેવા, ત્રણ કલાક પ્રભુનું ધ્યાન, ત્રણ કલાક પ્રભુનું કીર્તન,ત્રણ કલાક શ્રીકૃષ્ણ કથા અને ત્રણ કલાક શ્રીકૃષ્ણ સેવા કરે છે. બાર વર્ષ આ પ્રમાણે તેમણે ભગવાનની આરાધના કરી. આ પ્રમાણે મનને સત્કર્મમાં પરોવી રાખે ભગવાનનું કીર્તન કરે અને ભૂખ લાગે ત્યારે કેવળ ભાજીનો આહાર કરે.ભોજન કરવુંએ પાપ નથી. ભોજન સાથે તન્મય થવું અને ભોજન કરતાં ભગવાનને ભૂલી જવું એ પાપ છે. ઘણા લોકો કઢી ખાતાં કઢી સાથે તન્મય બની જાય છે. વાહ કઢી! બીજે દિવસે સેવા કરતાં, માળા ફેરવતાં કઢી જ યાદ આવે છે. મનમાં થાય છે,શું ગઈકાલની કઢી. વાહ કઢી!એવામાં દ્વારિકા નાથ વિષ્ટિ કરવા હસ્તિનાપુર પધારવાના હતા. ધૃતરાષ્ટ્રે હુકમ કર્યો, સ્વાગતની ભવ્ય તૈયારી કરો.છપ્પન ભોગ તૈયાર કરો! ધૃતરાષ્ટ્ર કુભાવથી સેવા કરે છે. સેવા સદભાવથી કરવી જોઈએ.કુભાવથી સેવા કરનાર ઉપર ભગવાન પ્રસન્ન થતા નથી. જે સદભાવથી સેવા કરે છે, તેના ઉપર પ્રસન્ન થાય છે. વિદુરજી ગંગાસ્નાન કરવા ગયેલા ત્યાં સાંભળ્યું કે, આવતી કાલે મોટો વરઘોડો નીકળવાનો છે, દ્વારિકા ધીશ પધારવાના છે. વિદુરજી ઘરે આવ્યા. આજે તેમને ખૂબ આનંદમાં જોઈ સુલભા કારણ પૂછે છે. વિદુરજી કહે છે, દ્વારિકાનાથ પધારે છે. મને લાગે છે, દ્વારિકાનાથ દુર્યોધન માટે નહીં, પરંતુ મારા માટે આવે છે. બાર વર્ષનું મારું તપ ફળ્યું. બાર વર્ષ એક જગ્યાએ રહી તપ-ધ્યાન કરે તેને પ્રભુ દર્શન આપે છે તે વાત સાચી ઠરી. સુલભા કહે, મને પણ એમ લાગે છે. બાર વર્ષથી મેં અન્ન લીધું નથી. બંને ખૂબ આનંદમાં છે. વિદુરજી કહે છે કે, હું શ્રીકૃષ્ણને વંદન કરું છું, ત્યારે તે મને કાકા કહીને બોલાવે છે. જીવ દીન બનીને ઈશ્વરને શરણે જાય છે, તો જીવને ઈશ્વર ખૂબ માન આપે છે. સુલભા કહે છે, મારા મનમાં બસ એક જ ઈચ્છા છે કે, મારા ભગવાન આરોગે અને હું પ્રત્યક્ષ નિહાળું. તમે ભગવાનને બોલાવી લાવો! વિદુરજી કહે છે, પણ આવડી નાની ઝૂંપડીમાં તેમને બેસાડીશું ક્યાં? આપણે ઘરે પરમાત્મા આવશે તો આપણને આનંદ થશે, પણ પરમાત્માને શ્રમ થશે. મારા ભગવાન છપ્પન ભોગ આરોગે છે. ધૃતરાષ્ટ્ર ને ત્યાં તેમનું સ્વાગત સારું થશે. મારી પાસે તો ભાજી સિવાય કશું નથી.મારા પરિશ્રમ નહીં આપું. સુખના માટે હું મારા ભગવાનને જરાય આ જ પુષ્ટિ ભક્તિ છે. સુલભા કહે છે કે,મારા ઘરમાં ભલે બીજું કંઈ ન હોય,પણ મારા હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ છે. તે પ્રેમ હું મારા પરમાત્માને અર્પણ કરીશ આપણે જે ભાજી ખાઈએ છીએ તે ભાજી હું મારા ઠાકોરજી ને પ્રેમ થી અર્પણ કરીશ. આહાર જો સાદો અને શુદ્ધ હોય તો સત્ત્વશુદ્ધિ થાય છે અને શરીર માં સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ વધે તો સહનશક્તિ વધે છે,અને છેવટે બુદ્ધિ સ્થિર થાય છે માટે અતિશય સાદું જીવન ગાળો વિદુરજીની જેમ.જેનું સાદું જીવન છે તે જરૂર સાધુપુરુષ છે. સુલભા કહે છે કે, હું ગરીબ છું તે કંઈ ગુનો થોડો છે! પ્રભુ પ્રેમના ભૂખ્યા છે. ભગવાન તો ગરીબ ઉપર ખૂબ પ્રેમ રાખે છે. વિદુરજી કહે છે,વાત તારી સાચી, પણ મારા ઘરમાં ભગવાનને પરિશ્રમ થશે, તેથી હું ના પાડું છું. ઠાકોરજી મારે ઘરે આવે તેવી આશા હાલ રાખવા જેવી નથી. આપણે ત્યાં વળી કોઈક વખત આવશે. વૈષ્ણવો આશાથી જીવે છે. મારા પ્રભુ આજે નહીં આવશે તો પાંચ વર્ષ પછી આવશે. અરે!છેવટે મારા અંતકાળે ઠાકોરજી જરૂર ને જરૂર મારે ત્યાં આવશે.સુલભા વિચારે છે કે,પતિ સંકોચથી આમંત્રણ આપતા નથી,પણ હું મનથી આમંત્રણ આપીશ. બીજે દિવસે તે બાલકૃષ્ણની સેવા કરે છે બાલકૃષ્ણ હસે છે.વિદુર અને સુલભા પ્રાર્થના કરે છે. 'રથમાં બિરાજીને જતાં અને રસ્તામાં બ્રાહ્મણો જેમની સ્તુતિ કરે છે અને જે સ્તુતિ સાંભળીને પદે પદે દયાથી દ્રવિત થાય છે એવા દયા સિંધુ, સમસ્ત જગના બંધુ, સમુદ્ર તટવાસી જગન્નાથ સ્વામી સદા મારાં નેત્ર સન્મુખ રહો!' ભગવાન રથમાં જઈ રહ્યા છે. હંમેશાં એવા રથારુઢ દ્વારિકાનાથ નાં દર્શન કરો.જ્યાં સુધી જીવ શુદ્ધ ન થાય, ત્યાં સુધી પરમાત્મા તેને આંખ આપતા નથી અને ચાર આંખ એક થયા વગર દર્શનમાં આનંદ આવતો નથી. વિદુરજી વિચારે છે કે, મારે ઘરે ભગવાન આવે તેને માટે હું લાયક નથી. પણ મારા ભગવાન એકવાર મને નજર પણ શું નહીં આપે? મારા ભગવાન તો પતિતપાવન છે. મારા પ્રભુ માટે મેં સર્વ કામનાઓ નો ત્યાગ કર્યો છે. બાર વર્ષથી મેં અન્ન ખાધું નથી.ભગવાન,એકવાર શું મને નજર પણ નહીં આપે? હજાર જન્મથી વિખૂટો પડેલો આ જીવ તમારે શરણે આવ્યો છે! લોકોની ભીડમાંથી રથ જઈ રહ્યો છે.પ્રભુએ આંખો ઊંચી કરી. વિદુર સુલભા દર્શન કરે છે. શ્રીકૃષ્ણની દૃષ્ટિ વિદુરકાકા ઉપર પડે છે. વિદુરકાકા પોતાને કૃતાર્થ માને છે કે,મારા ભગવાને મારી સામે જોયું. ભગવાનનું હૃદય પણ ભરાયું. દૃષ્ટિ પ્રેમભીની થઈ. આવો મારો વિદુર ઘણા સમયથી મારી પ્રતીક્ષા કરી રહ્યો છે.એક મૂર્તિકારે ખૂબ જ સુંદર મૂર્તિ બનાવીને ગામના પાદરે મૂકી દીધી અને નીચે લખ્યું કે જે કોઈને આ મૂર્તિમાં કોઈ ખામી જણાય તો તેને ત્યાં નિશાની કરવી. સાંજે તેણે મૂર્તિ જોઈ તો મૂર્તિ પર ઘણા નિશાન હતા.આ જોઈને તેને ખૂબ દુઃખ થયું.હવે શું કરવું તે તેને સમજાતું ન હતું, તે ઉદાસ થઈને બેઠો હતો. ત્યારે તેનો એક મિત્ર ત્યાંથી નીકળ્યો તેને અચાનક જ પૂછ્યું કે અલ્યા,આમ નિરાશ કેમ બેઠો છે ત્યારે તેને આખી ઘટના પેલા મિત્ર ને જણાવી. તેણે કહ્યુંએક કામ કર, આવતીકાલે બીજી મૂર્તિ બનાવ અને તેમાં લખો કે જેને આ મૂર્તિમાં કોઈ ખામી જણાય તો તેને સુધારી લે.એ મિત્રની સલાહ મુજબ તેણે બીજા દિવસે એવું કર્યું. સાંજે જ્યારે તેણે તેની મૂર્તિ જોઈ તો તેણે જોયું કે કોઈ એ મૂર્તિને કંઈ કર્યું નથી.તેને દુનિયાની રીત સમ જાઈ ખામીઓ શોધવી,ટીકા કરવી ખરાબ કહેવું સહેલું છે પણ એ ખામીઓ દૂર કરવી બહુ અઘરી છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.



**સરકાર આરોગ્યસંભાળ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે ફક્ત ઉપચારાત્મક જ નહીં પરંતુ નિવારક, ઉપશામક અને પુનર્વસન પણ છે**

# કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ ઋષિકેશ એઈમ્સના પાંચમા દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરી

**આરોગ્ય ક્ષેત્રમાં કેન્દ્ર સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, નડ્ડાએ જણાવ્યું હતું કે, "આજે, દેશભરમાં ૧.૭૫ લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત છે જે આરોગ્યસંભાળ અને સુખાકારી સંબંધિત વિવિધ સેવાઓ પૂરી પાડે છે, છેલ્લા ૧૦ વર્ષમાં, મેડિકલ કોલેજોમાં ૧૦૧% નો વધારો થયો છે, જે દેશભરમાં કુલ ૭૮૦ છે, એમબીબીએસ બેઠકોમાં ૧૩૦% નો વધારો થયો છે જ્યારે પીજી બેઠકોમાં ૧૩૮% નો વધારો જોવા મળ્યો.**

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે ઋષિકેશમાં AIIMS ના પાંચમા દીક્ષાંત સમારોહની અધ્યક્ષતા કરી હતી. તેમની સાથે ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામી; ઉત્તરાખંડના આરોગ્ય અને શિક્ષણ મંત્રી શ્રી ધન સિંહ રાવત; લોકસભાના સભ્યો, શ્રી અજય ભટ્ટ, શ્રી અજય તમટા અને શ્રી ત્રિવેન્દ્ર સિંહ રાવત; અને ઉત્તરાખંડ વિધાનસભાના અધ્યક્ષ શ્રીમતી રીતુ ખંડુરી ભૂષણ જોડાયા હતા. સભાને સંબોધતા શ્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે "દિક્ષાંત સમારોહ એ એક ખાસ પ્રસંગ છે જે વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત સિદ્ધિઓને માન્યતા આપે છે." તેમણે કહ્યું કે દેશના દરેક ગરીબ વ્યક્તિને સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ પૂરી પાડવી એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા છે. શ્રી જે.પી. નડ્ડાએ તબીબી શિક્ષણ અને સેવાઓમાં દેશભરની એઈમ્સ સંસ્થાઓની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે "આ સદીના આગમન સુધી, ભારતમાં ફક્ત એક જ એઈમ્સ હતી. આજે, દેશમાં ૨૨ એઈમ્સ કાર્યરત છે." તેમણે જણાવ્યું કે એઈમ્સ ઋષિકેશ તેની શ્રેષ્ઠ સેવાઓને કારણે આરોગ્યસંભાળ સંસ્થાઓમાં એક અનોખી ઓળખ બનાવી છે. તેમણે નાગરિકોને વિશ્વસ્તરીય આરોગ્યસંભાળ પૂરી પાડવા માટે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. "સરકાર એવી આરોગ્યસંભાળ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે ફક્ત ઉપચારાત્મક જ નહીં પરંતુ નિવારક, ઉપશામક અને પુનર્વસનકારક પણ છે", એમ તેમણે જણાવ્યું હતું. આરોગ્ય ક્ષેત્રમાં કેન્દ્ર સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, "આજે, દેશભરમાં ૧.૭૫ લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત છે જે આરોગ્યસંભાળ અને સુખાકારી સંબંધિત વિવિધ સેવાઓ પૂરી પાડે છે. છેલ્લા ૧૦ વર્ષમાં, મેડિકલ કોલેજોમાં ૧૦૧% નો વધારો થયો છે, જે દેશભરમાં કુલ ૭૮૦ છે. એમબીબીએસ બેઠકોમાં ૧૩૦% નો વધારો થયો છે જ્યારે પીજી બેઠકોમાં ૧૩૮% નો વધારો જોવા મળ્યો છે." "દેશભરમાં ૧.૭૫ લાખ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત છે. છેલ્લા ૧૦ વર્ષમાં, મેડિકલ કોલેજોમાં ૧૦૧% નો વધારો જોવા મળ્યો છે. MBBS બેઠકોમાં ૧૩૦% નો વધારો થયો છે જ્યારે PG બેઠકોમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧૩૮% નો વધારો જોવા મળ્યો છે" આયુષ વિભાગમાં ઈન્ટિગ્રેટેડ મેડિસિન,



ન્યુક્લિયર મેડિસિન વિભાગમાં PET સ્કેન મશીન, રેડિયોલોજી વિભાગમાં PACS સુવિધા અને સેન્ટર ફોર એડવાન્સ્ડ પીડિયાટ્રિક્સ ઈન પીડિયાટ્રિક કેર સહિત અનેક આરોગ્યસંભાળ સુવિધાઓનું ઉદ્ઘાટન કરે છે. "તે જ રીતે, પેરામેડિક્સને સેવા આપવા માટે, ૧૫૭ નર્સિંગ કોલેજો પણ સ્થાપિત કરવામાં આવી રહી છે, જે મેડિકલ કોલેજો સાથે સહ-સ્થિત હશે", તેમણે વધુમાં જણાવ્યું હતું. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ AIIM ઋષિકેશ દ્વારા હેલિકોપ્ટર અને ડ્રોન સેવાઓનો અસરકારક રીતે ઉપયોગ કરીને ૩૦૯ ગંભીર દર્દીઓને બચાવ્યા તે બદલ પ્રશંસા કરી. તેમણે રાજ્યના દૂરના અને વંચિત વિસ્તારોમાં ટેલિમેડિસિન (eSanjeevani) જેવી ડિજિટલ સેવાઓનો ઉપયોગ કરવા બદલ દેશની શ્રેષ્ઠ સંસ્થાઓમાંની એક હોવા બદલ AIIM ઋષિકેશને અભિનંદન પણ આપ્યા. નડ્ડાએ વિદ્યાર્થીઓને કરુણા, પ્રામાણિકતા અને સમર્પણ સાથે તેમના કાર્યને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરીને તેમના ભાષણનો અંત કર્યો. સરકાર દરેક MBBS વિદ્યાર્થી માટે રૂ. ૩૦-૩૫ લાખ ખર્ચ કરે છે તેના પર ભાર મૂકતા, તેમણે નવા ડોકટરોને તેમની વ્યાવસાયિક કારકિર્દી શરૂ કરતી વખતે વધુ જવાબદારીઓ નિભાવવા વિનંતી કરી. આ કાર્યક્રમ દરમિયાન, શ્રી નડ્ડાએ સંસ્થાની તબીબી સેવાઓને વધારવા માટે અનેક આરોગ્યસંભાળ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું, જેમાં આયુષ વિભાગમાં ઈન્ટિગ્રેટેડ મેડિસિન, ન્યુક્લિયર મેડિસિન વિભાગમાં PET સ્કેન મશીન, રેડિયોલોજી વિભાગમાં PACS સુવિધા અને બાળરોગ સંભાળમાં અદ્યતન બાળરોગ કેન્દ્રનો સમાવેશ થાય છે. સમારોહ દરમિયાન, નડ્ડાએ MBBS, DM, MSc નર્સિંગ, BSc નર્સિંગ અને BSc એલાઈડ હેલ્થ સાયન્સ પ્રોગ્રામના ૧૦ મેડિકલ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ડિગ્રી એનાયત કરી. દીક્ષાંત સમારોહ દરમિયાન કુલ ૪૩૪ વિદ્યાર્થીઓએ ડિગ્રી પ્રાપ્ત કરી જેમાં 98 MBBS વિદ્યાર્થીઓ, 95 BSc (ઓનર્સ) નર્સિંગ વિદ્યાર્થીઓ, 54 BSc એલાઈડ હેલ્થ સાયન્સના વિદ્યાર્થીઓ, ૧૦૯ MD/MS/MDS વિદ્યાર્થીઓ, 17 MSc નર્સિંગ વિદ્યાર્થીઓ, 1 MSc મેડિકલ એલાઈડ વિદ્યાર્થી, ૧૨ માસ્ટર ઓફ પબ્લિક હેલ્થ વિદ્યાર્થીઓ, 40 DM/MCh વિદ્યાર્થીઓ અને 8 PhD વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે બોલતા, શ્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે છેલ્લા દાયકામાં આયુષ્માન ભારત જેવી પહેલો શરૂ થવાથી અને નવી એઈમ્સ અને મેડિકલ કોલેજોની સ્થાપનાથી ભારતના આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. તેમણે જણાવ્યું હતું કે AIIMS ઋષિકેશ રાજ્યભરના લોકોને ગુણવત્તાયુક્ત અને સસ્તી આરોગ્ય સંભાળ સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડી રહી છે. તેમણે જણાવ્યું હતું કે સંસ્થા દર્દીઓને રોબોટિક સર્જરી, ન્યુરો સર્જરી અને રેડિયેશન થેરાપી જેવી અદ્યતન તબીબી સારવાર પૂરી પાડી રહી છે. તેમણે AIIMS ઋષિકેશમાં હેલી-એમ્બ્યુલન્સ સેવાઓના ઉદ્ઘાટન પર પણ પ્રકાશ પાડ્યો હતો. ધામીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે આજે ઉત્તરાખંડમાં ૫,૦૦૦ થી વધુ ગ્રામ પંચાયતો ટીબી મુક્ત છે. તેમણે જણાવ્યું હતું કે સરકાર રાજ્યના દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ સ્થાપવા અને રાજ્યમાં જન ઔષધિ કેન્દ્રોના નેટવર્કને વિસ્તૃત કરવા માટે કામ કરી રહી છે. આ કાર્યક્રમમાં AIIMS ઋષિકેશના પ્રમુખ પ્રો. સમીરન નંદી; એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, પ્રો. મીનુ સિંઘ; ડીન એકેડેમિક્સ, પ્રો. જયા ચતુર્વેદી; મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ, પ્રો. બી. સત્ય શ્રી; ડેપ્યુટી ડિરેક્ટર (એડમિનિસ્ટ્રેશન), કર્નલ રાજીવ સેન રોય; ડીન પરીક્ષાઓ, પ્રો. પ્રશાંત પાટિલ; નાણાકીય સલાહકાર, લેફ્ટનન્ટ કર્નલ એસ. સિદ્ધાર્થ; ઓર્ગેનાઈઝિંગ કમિટીના અધ્યક્ષ, પ્રો. લતિકા મોહન; વિવિધ વિભાગોના વડાઓ, ફેકલ્ટી સભ્યો, અધિકારીઓ અને મેડિકલ અને નર્સિંગ વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા હતા.

# સોનુ કક્કડે ભાઈ-બહેન નેહા-મ્યુઝિક કમ્પોઝર ટોની સાથે સંબંધો તોડ્યાં

## સોનુ કક્કડે સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી

સોનુ કક્કડ, ટોની અને નેહા કક્કડ આ ત્રણે ભાઈ બહેન સંગીતની દુનિયામાં ઘણાં જાણીતાં છે, તેઓ અનેક કોલબરેશન અને શોમાં પણ સાથે પર્ફોર્મ કરી ચૂક્યા છે. ત્યારે સોનુ કક્કડની એક સોસિયલ મીડિયા પોસ્ટે તેમના ફેન્સને આંચકો લગાવ્યો છે. તેણે જાહેર કર્યું છે કે તે હવે તેનાં નાનાં ભાઈ-બહેન ગાયક નેહા કક્કડ અને મ્યુઝિક કમ્પોઝર ટોની કક્કડની બહેન નથી. તેનાથી આ ત્રણેયના ફેન્સ આશ્ચર્ય સાથે આઘાતમાં સરી પડ્યાં છે. આ પોસ્ટના કારણે અનેક પ્રકારની ચર્ચાઓ અને તર્ક વિતર્ક પણ શરૂ થઈ ગયાં છે. ખાસ તો ટોની કક્કડનો ૯ એપ્રિલે જન્મદિવસ હતો, તેની ઉજવણીમાં સોનુ હાજર નહોતી. ત્યારથી ઘણા પ્રસંશકોમાં તેની ગેરહાજરી અંગે ઉત્સુકતા અને પ્રશ્નો હતા. તેનાં બે જ દિવસમાં સોનુએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી, જેમાં લખ્યું, ‘‘આપ સૌને જાણ કરતાં અતિશય આઘાત અનુભવું છું, કે હવેથી હું બે ટેલેન્ટેડ સુપરસ્ટાર્સ ટોની કક્કડ અને નેહા કક્કડની બહેન નથી. મારી લાગણી અતિશય દુભાયા પછી આ નિર્ણય લેવો પડ્યો છે, આજે હું ખુબ જ વ્યથિત છું.’’સોનુએ ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર આ પોસ્ટ શેર કરી હતી અને જેવી તેણે આ પોસ્ટ શેર કરી કે તરત જ વાયરલ થઈ ગઈ હતી. ઘણા લોકોએ સોનુના આ નિર્ણય પર શંકા પણ વ્યક્ત કરી હતી, તો કોઈએ આ નિવેદનની ખરાઈ અંગે પણ શંકા વ્યક્ત કરી હતી.



# જયદીપના ડાન્સે ‘તૌબા તૌબા’ની યાદ અપાવી

ટૂંક સમયમાં જયદીપ આહલાવત અને સૈફ અલી ખાનની ‘જ્વેલ થીફ - ધ હાઈસ્ટ બિગિન્સ’ ઓટીટી પર આવી રહી છે. તેમાં કુણાલ કપૂર અને નિકિતા દત્તા પણ છે. તેનું પહેલું ગીત ‘જાદુ’ રિલીઝ થયું છે, આ ગીત આવતાં જ ઈન્ટરનેટ પર છવાઈ ગયું છે, કારણ કે પહેલી વખત હાથીરામ જેવા ગંભીર રોલ માટે જાણીતો જયદીપ આઈાવત એક ‘તૌબા તૌબા’ પ્રકારના અલતારમાં જોવા મળે છે. લોકો જયદીપનો આ અવતાર પહેલી વખત જોઈને આશ્ચર્ય સાથે ખુશ ખુશ થઈ ગયાં છે. આ વીડિયો જોઈને તેનો એફટીઆઈઆઈ દિવસોનો મિત્ર વિજય વર્ણા પણ ખુશ થઈ ગયો અને તેણે કહ્યું કે તેને ઈન્સ્ટિટ્યુટના જૂના દિવસો યાદ આવી ગયા છે. વિજય વર્માએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં જયદીપનો વીડિયો શેર કર્યો હતો. તે જયદીપના આ ડાન્સથી ઘણો પ્રભાવિત થયો છે. તેણે આ વીડિયો સાથે જયદીપની કોલેજની ળેશર્સ પાર્ટીની યાદો તાજી કરી હતી. પોતાના મિત્રના વખાણ કરતા વિજયે લખ્યું, ‘‘યાર આહલાવત એફટીઆઈઆઈની ફેશર્સ પાર્ટી પછી હવે છેક તારો આ ડાન્સ જોવા મળ્યો,’’ તેનાં પછી તેણે બે કેકના અને બે કિસના ઈમોજી પણ મુક્યાં હતાં. આ સાથે તેણે જયદીપને ટેગ પણ કર્યો હતો. જ્વેલ થીફ ફિલ્મનું પહેલું ગીત થોડાં દિવસો પહેલાં જ લોંચ થયું અને તેને રાઘવ ચૈતન્ય દ્વારા ગાવામાં આવ્યું છે તેમજ ઓએએફએફ તેમજ સવેરા દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. તેના લિરિક્સ કુમારે લખ્યા છે. આ ગીતમાં સૈફ અલી ખાનને પણ ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવ્યો છે, જે લૂંટનો માસ્ટરમાઈન્ડ છે. નિકિતા દત્તા આ ફિલ્મમાં ‘‘ડ્રીમર એટ હાર્ટ’’ છે, તો જયદીપ ‘‘કિંગ ઓફ ક્રાઈમ’’ છે, જ્યારે કુણાલ કપૂર ‘‘ધ રિલેન્ટલેસ કોપ’’ છે. કૂકી ગુલાટી અને રોબી ગ્રેવાલની આ ફિલ્મ જયદીપ અને સૈફ મળીને આફ્રિકન રેડ સન ડાયમંડ ચોરવાની યોજના ઘડે છે. આ ફિલ્મથી સિદ્ધાર્થ આનંદ ઓટીટી પર ડેબ્યુ કરશે. તે સૈફ સાથે લાંબા સમય પછી કામ કરી રહ્યા છે. આ પહેલાં તેઓ બંને તા રા રમ પમ અને સલામ નમસ્તેમાં સાથે કામ કરી ચૂક્યા છે.



# વિચિત્ર ડ્રેસ પહેરીને આવેલી તનિષા લોકોની મજાકનો શિકાર બની ગઈ

બોલિવૂડ અભિનેત્રી કાજોલની નાની બહેન તનિષા મુખર્જી છેલ્લા કેટલાક સમયથી પડદા પરથી ગાયબ છે. પરંતુ તે જાહેરમાં દેખાતી રહે છે. તાજેતરમાં તે એક કાર્યક્રમમાં જોવા મળી હતી. જ્યાં તેના વિચિત્ર ડ્રેસે બધાનું ધ્યાન ખેંચ્યું. અભિનેત્રી લોકોની ટીકાનો ભોગ બની અને યુઝર્સે અભિનેત્રી ઉર્ફી જાવેદને બહેન કહેવાનું શરૂ કર્યું.તનિષા મુખર્જી ૪૭ વર્ષની છે અને હજુ પણ કુંવારી છે. ‘બિગ બોસ’ અને ‘ખતરો કે ખિલાડી’ સિવાય તેણે ‘ઝલક દિખલા જા’ પણ કરી હતી. પરંતુ તે કોઈ પણ ખિતાબ જીતી શકી નહીં. જોકે તે ઘણીવાર ચર્ચામાં રહે છે. તે ઘણીવાર તેની માતા તનુજા અને બહેન કાજોલ સાથે જોવા મળે છે. પરંતુ હવે તે રેટ્રો લુકમાં જોવા મળી હતી, જેના કારણે તેનો વીડિયો વાયરલ થયો હતો. બોલિવૂડ અભિનેત્રી કાજોલની નાની બહેન તનિષા મુખર્જી છેલ્લા કેટલાક સમયથી પડદા પરથી ગાયબ છે કાજોલની બહેન તનિષા મુખર્જીએ કાળા રંગનો નેટ ડ્રેસ પહેર્યો હતો જેના કેટલાક ભાગો પર મોટા ફૂલો હતા, જે તેના ઉપરના અને નીચેના ભાગોને ઢાંકી દેતા હતા. હવે જ્યારે તે રસ્તા પરથી રેડ કાર્પેટ તરફ ચાલી રહી હતી, ત્યારે તેને જોઈને એવું લાગતું હતું કે તે પોતે પણ આરામદાયક નહોતી. પણ તેણે કોઈ ખાસ કારણોસર તે પહેર્યું. વાળ બનમાં બાંધેલા હતા અને ટોપી જેવો હેરબેન્ડ પહેરેલો હતો. જો કે તનિષાને જોઈને લોકોએ અલગ અલગ પ્રતિક્રિયાઓ આપી.



### કરણ છ એપિસોડની વેબ સિરીઝ બનાવશે

# ‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’માં શનાયા કપૂરના ડબલ રોલ

સંજય કપૂર અને મહિપ કપૂરની દીકરી શનાયા કપૂર ‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’ના કારણે ચર્ચામાં છે. યાદગાર ફિલ્મોની ફ્રેન્ચાઈઝીને આગળ વધારતા કરણ જોહરે આ વખતે નવો અખતરો કર્યો છે. ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’ ફ્રેન્ચાઈઝીની બે ફિલ્મો અગાઉ સફળ થઈ હતી, પરંતુ આ વખતે કરણ જોહરે ફિલ્મના બદલે સિરીઝ બનાવવાનો નિર્ણય લીધો છે. જૂની કાસ્ટને રીપિટ કરવાના બદલે આ સિરીઝમાં શનાયા કપૂરનો લીડ રોલ નક્કી થયો છે. ‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’ને છ એપિસોડની વેબ સિરીઝ તરીકે બનાવવામાં આવશે. યાદગાર ફિલ્મોની ફ્રેન્ચાઈઝીને આગળ વધારતા કરણ જોહરે આ વખતે નવો અખતરો કર્યો છે શનાયા કપૂરની સાથે આ ફિલ્મથી ડાયરેક્ટર તરીકે રીમા માયા ડેબ્યુ કરશે. ચર્ચાઓ મુજબ, આ સિરીઝમાં શનાયા કપૂર ડબલ રોલમાં જોવા મળશે. સ્ટુડન્ટ ઓફ ધ યરમાં અગાઉ આલિયા ભટ્ટ, વરુણ ધવન, સિદ્ધાર્થ મલહોત્રા, અનન્યા પાંડે, તારા સુતરિયા કામ કરી ચૂક્યા છે. આ સિરીઝ જિયોહોટસ્ટાર પર થશે. કરણ જોહર અને ટીમે માત્ર ૩૦ દિવસમાં જ આખી સિરીઝનું શૂટિંગ પૂરું કરવાનું વિચાર્યુ છે. ‘સ્ટુડન્ટ ઓફ ધ યર ૩’ સાથે શનાયાને કરિયરમાં પ્રથમ વખત ડબલ રોલ કરવા મળશે. શનાયાની પહેલી ફિલ્મ ‘આંખો કી ગુસ્તાખિયાં’નું શૂટિંગ તાજેતરમાં પૂરું થયું છે. આદર્શ ગૌરવ સાથે શનાયાની થ્રિલર ‘તુ યા મૈં’ પ્રોડક્શન સ્ટેજમાં છે અને તેને વેલેન્ટાઈન્સ ડે ૨૦૨૬ના રોજ રિલીઝ કરવાની છે. આ ઉપરાંત અભય વર્મા સાથેની એક ફિલ્મ પણ સનાયા પાસે છે.

# મારે હજુ વધારે ‘જાટ’ જેવી ફિલ્મો કરવી છેઃ રણદીપ હુડા

રણદીપ હુડાએ સન્ની દેઓલની ફિલ્મ ‘જાટ’માં વિલન રાણાતુંગાનો રોલ કર્યો છે, જેમાં તેના અભિનયના વખાણ થયા છે. રણદીપ છેલ્લા ૨૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાં વિવિધ રોલ કરી રહ્યો છે. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સરસ ચાલી રહી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં રણદીપે રાણાતુંગાના પાત્રની તૈયારી વિશે વાત કરી હતી. તેણે ઈન્ડસ્ટ્રીની રીઢી માનસિકતા અને પોતાનો રસ્તો પોતે બનાવવાની તેની સફર વિશે વાત કરી હતી. રણદીપે કહ્યું, ‘‘આ થોડી વિચિત્ર પરિસ્થિતિ છે. બોલિવૂડ હોય, કોઈ બીજી ઈન્ડસ્ટ્રી હોય કે પછી હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી, આ બધું અંતે એક બિઝનેસ છે. જે પ્રોડક્ટ ચાલી જાય, લોકો તેના તરફ જ ઢળી જશે. એક ફિલ્મ સફળ થઈ એટલે બીજી એવી જ ફિલ્મો બનવા માંડશે. મેં સફળતાથી ગણો કે નિષ્ફળતાથી આ પ્રકારના પ્રવાહમાં ન તણાવવાનો હંમેશા પ્રયત્ન કર્યો છે અને હું હંમેશા કોઈ વાસ્તવિક વાર્તાઓ તરફ જ આકર્ષાયો છું. હું એવું નથી કહેતો કે મારા બધાં જ નિર્ણયો સાચા જ હતા પણ ખરાબ પણ નહોતા.’’રણદીપે આગળ કહ્યું, ‘‘હું સામાન્ય જનતાને પસંદ પડે એવા સિનેમાનો ભાગ બની રહ્યો છું, જાટ કર્યા પછી મને આવા રોલ વધારે કરવાની ઈચ્છા છે, જે લાર્જર ધેન લાઈફ હોય, અવાસ્તવિક હોય છતાં પણ લોકો તેને સ્વીકારી લે છે. તમે જેમ આગળ વધો તેમ એક કલાકાર તરીકે તમે પણ બદલાતા રહો છો. લાંબા સમય પછી હું આ જોનરમાં પાછો આવ્યો છું.’’ આ ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની અને કંગનાની દોસ્તી વિશે પણ વાત કરી હતી. જેમાં ૨૦૧૯માં આલિયાના પક્ષમાં રણદીપે કંગનાને ઓકેશનલ એક્ટર કહી હતી. ૨૦૧૯માં કંગનાએ આલિયાની ગલીબોય ફિલ્મના અભિનયને મીડિયોકર ગણાવ્યો હતો. ત્યારે રણદીપે આલિયાની તરફેણમાં કંગનાનું નામ લીધા વિના ટ્વીટ કરી હતી.





જાન્હવી કપૂરની છેલ્લી બે ફિલ્મ ‘દેવરા ૧’ અને ‘ઉલઝ’ બોક્સઓફિસ પર ખાસ સફળ રહી નહી

# જાન્હવી કપૂરને અનન્યા બિરલાએ ૫ કરોડની લેમ્બોર્ગિની ગિફ્ટ કરી

જાન્હવી કપૂરને તાજેતરમાં જ અતિશય મોંઘી ગિફ્ટ મળી છે. પરપલ રંગની રૂ.૫ કરોડની લક્ઝુરિયસ લેમ્બોર્ગિનીની ડિલીવરી મુંબઈ ખાતે જાન્હવીના ઘરે થઈ હતી. જાન્હવીને આ કાર તેની ક્લોઝ ળેન્ડ અનન્યા બિરલાએ ગિફ્ટ કરી છે. અનન્યાએ કાર સાથે એક મોટું ગિફ્ટ બોક્સ પણ મોકલ્યું હતું, જેનો કલર કારના કલર જેવો જ હતો. આ સાથે તેના પર ‘વિથ લવ ઈટીસી-અનન્યા બિરલા’ લખેલું ટેગ પણ હતું. અનન્યા દેશના જાણીતા ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા અને નિરજા બિરલાની દીકરી છે. અનન્યાએ મ્યૂઝિશિયન તરીકે પણ નોંધપાત્ર સફળતા મેળવી છે. હવે તેણે મ્યૂઝિક ઈન્ડસ્ટ્રી છોડીને આંત્રપ્રિન્યોર તરીકે કરિયર બનાવી છે. ૨૦૧૬માં અનન્યાનું પહેલું ઈંગ્લિશ મ્યૂઝિક સિંગલ લિવિન ધ લાઈફ રિલીઝ થયુ હતું, જેને જિમ બીન્ઝે પ્રોડ્યુસ કર્યુ હતું. ત્યારબાદ મેન્ટ ટુ બી ગીતે અનન્યાને પહેલી ભારતીય આર્ટિસ્ટ બનાવી હતી, જેના અંગ્રેજી ગીતને ઈન્ટરનેશનલ ચાર્ટમાં સ્થાન મળ્યુ હતું. અનન્યા અને જાન્હવી વર્ષોથી એકબીજાના સારા મિત્ર છે. અનન્યાએ આપેલી લેમ્બોર્ગિની ઉપરાંત જાન્હવી પાસે અન્ય લક્ઝુરિયસ કાર પણ છે. જાન્હવી પાસે ૨.૨.૫ કરોડની ટોયોટા લેક્સ, રૂ.૬૭.૧૫ લાખની મર્સિડીઝ જીએલઈ ૨૫૦ડી, રૂ.૯૬ લાખની બીએમડબ્યુ એક્સ-૫, રૂ.૧.૬૨ કરોડની મર્સિડિઝ એ-ક્લાસ છે. જાન્હવીના કાર કલેક્શનમાં સૌથી મોંઘી કાર હવે લેમ્બોર્ગિની છે. જાન્હવી કપૂરની છેલ્લી બે ફિલ્મ ‘દેવરા ૧’ અને ‘ઉલઝ’ બોક્સઓફિસ પર ખાસ સફળ રહી ન હતો. હાલ તે ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ અને ‘પરમ સુંદરી’નું શૂટિંગ કરી રહી છે. આ ઉપરાંત જાન્હવી ‘હોમબાઉન્ડ’ના કારણે પણ ચર્ચામાં છે. આ ફિલ્મમાં તે સ્પેશિયલ રોલ કરી રહી છે અને તેને કાન્સ ફેસ્લિવમાં પસંદ કરવામાં આવી છે.



### નેપોટિઝમના આક્ષેપો અંગે

# રિતિક રોશનનો જવાબ મેં પહેલી જાતમહેનતથી ફિલ્મ મેળવી હતી

રિતિક રોશનનું નામ આજે દેશના સુપરસ્ટાર્સમાં લેવાય છે. એવું માનવામાં આવે છે કે જે કલાકારો ફિલ્મના પરિવારમાંથી આવતા હોય છે, તેમના માટે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ સહેલું અને નક્કી જ હોય છે, પરંતુ રિતિક માટે આવું નથી, તેને આ સુપરસ્ટારની સફર અને સફળતા ચાંદીની ચમચીમાં પીરસેલી મળી નથી. હાલ રિતિક સતત ચર્ચામાં છે, એક તરફ તેની ‘વૉર ૨’ આવી રહી છે. તેની ડોક્યુ ડ્રામા સિરીઝ ‘રોશન્સ’ ચાલી રહી છે તેમજ તાજેતરમાં જ તેના પોતાના ડિરેક્ટર તરીકે ડેબ્યુ ફિલ્મ ‘ક્રિશ ૪’ની પણ જાહેરાત થઈ છે. ત્યારે ન્યૂજર્સીમાં યોજાયેલી એક ઈવેન્ટમાં રિતિકે પોતાની સફરની વાત કરી હતી. રાકેશ રોશન જેવા સફળ ફિલ્મ મેકરનો દિકરો હોવા છતાં રિતિકે આ ઈવેન્ટમાં ખુલાસો કર્યો હતો કે તેના માટે ડેબ્યુ કરવું જરા પણ સહેલું નહોતું. પોતાના પિતાના શબ્દો યાદ કરતા રિતિકે કહ્યું કે તેના પિતાએ શરૂઆતમાં સ્પષ્ટ કહ્યું હતું કે, રિતિકે પોતાનો રસ્તો જાતે જ બનાવવો પડશે અને તે ઈન્ડસ્ટ્રીમાં બ્રેક માટે પારિવારીક સંબંધોનો લાભ કે મદદ લઈ શકશે નહીં. રિતિકે કહ્યું કે તેને ખબર હતી કે તેને લોંચ કરવા માટે માત્ર તેના પિતા કોઈ ફિલ્મ બનાવશે નહીં, તેણે જાતે કમાઈને એ સ્થાન મેળવવું પડશે, રિતિકે આ અંગે ઉદાહરણ આપતા કહ્યું હતું કે, રિતિકે શેખર કપુરની ફિલ્મ ‘તા રા રમ પમ’ માટે ઓડિશન આપ્યું હતું એ જ રીતે રિતિકનો દૃષ્ટિકોણ બન્યો હતો. રિતિકે એવું પણ કહ્યું કે તેને ઘણી વખત તો શંકા પણ થતી હતી કે તે ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુને લાયક નથી, તેથી તે અન્ય ફિલ્મમેકર્સ માટે ઓડિશન પણ આપતો હતો. રિતિકે આ અંગે ઉદાહરણ આપતા કહ્યું હતું કે, રિતિકે શેખર કપુરની ફિલ્મ ‘તા પા રમ પમ’ માટે ઓડિશન આપ્યું હતું, પરંતુ એ ફિલ્મ ક્યારેય બની જ નહીં. જ્યારે તેના પિતાને ખબર પડી કે તે આ રીતે ફિલ્મો માટે ઓડિશન આપી રહ્યો છે, ત્યારે તેઓ થોડા નિઃરાશ થઈ ગયા હતા. રિતિકે કહ્યું કે એક વખત ઓડિશનની વચ્ચે રાકેશ રોશને તેને ફોન કર્યો હતો અને તરત જ પાછો બોલાવી લીધો હતો. તેમને રિતિક ઘરના પ્રોડક્શનની બહાર કામ મેળવી શકે તે બાબતે પ્રશ્નો હતા. રિતિક માને છે કે કદાચ તેના પિતાને પોતાનો દિકરો કોઈ બીજા ડિરેક્ટર સાથે ડેબ્યુ કરે તે બાબતે મુંઝવણ હતી. જોકે, એ બાબતે રિતિકને ગૌરવ છે કે એક પિતા તરીકે નહીં પણ એક ફિલ્મમેકર રાકેશ રોશન તરીકે સમયાંતરે પહેલી ફિલ્મ ઓફર કરી હતી. આ પહેલી ફિલ્મ એટલે કહો ના પ્યાર હૈ અને તેના કારણે જ રિતિકને કરિયરની શરૂઆતથી જ સ્ટારડમ મળ્યુ હતું. ફેન્સ સાથેના મીટ એન્ડ ગ્રીટ દરમિયાન રિતિકે પોતાને પૈસા ઉધાર લેવા પડ્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે કહ્યું કે તેને વારંવાર ઓડિશન આપવા માટે પૈસા ઉધાર પણ લેવા પડ્યાં હતાં અને વચન આપવું પડેલું કે જ્યારે તેને કોઈ મોટી ફિલ્મ મળશે, ત્યારે તે પૈસા પાછા આપી દેશે તેથી ચિંતા ન કરે. હવે રિતિક પોતાની સુપર હિરો સિરીઝની ફિલ્મ ‘ક્રિશ ૪’થી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે અને લાંબા વર્ષો પછી તે ફરી સુપર હરો અવતારમાં જોવા મળશે, તે બાબતે તેના ફેન્સ ઘણાં ઉત્સુક છે. આ ફિલ્મ હાલ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે. તેનું કામ ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થાય તેવી શક્યતા છે.




# ફોલોઅર્સ વધારવા આઇડિયા પૂછ્યાં, મજેદાર જવાબ મળ્યાં

## “બહુ કોશિશ કરીએ છીએ, પણ આ ૪૯ મિલિયન ફોલોઅર્સનો આંકડો વધતો જ નથી, કોઈ રસ્તો તો બતાવા”

બીગ બી અમિતાભ બચ્ચન એક એવા સુપરસ્ટાર છે, જે દેશમાં સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફોલોવર્સ ધરાવાતા સેલેબ્રિટીમાંના એક છે, તેમજ તેમની જનરેશનના અન્ય જાણીતા કલાકારોમાં સોશિયલ મીડિયા પર સૌથી વધુ સક્રિય છે. ત્યારે હવે તેમના માટે એક્સ પર ૫૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવવા એ એક પડકારરૂપ કામ થઈ રહ્યું છે. રવિવારે તેમણે એક્સ પર એક પોસ્ટ શેર કરીને તેમના ફોલોઅર્સના પ્રતિભાવો અને સૂચનો માગ્યાં હતાં, કે કેઈ રીતે તેઓ પોતાના ફોલોઅર્સ વધારી શકે. તેમણે લખ્યું,‘‘બહુ કોશિશ કરીએ છીએ, પણ આ ૪૯ મિલિયન ફોલોઅર્સનો આંકડો વધતો જ નથી. કોઈ રસ્તો તો બતાવો.’’ ઘણા સોશિયલ મીડિયા યૂઝર્સને આ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડે છે, જેમાં યૂઝરના વધારા અને ઘટાડાનો એક મોટો પડકાર હોય છે. અમિતાભ બચ્ચનની આ પોસ્ટ પર તેમના ફોલોઅર્સ તરફથી ઘણા રમુજી અને રસપ્રદ સૂચનો પણ મળ્યાં હતાં. જેમાં પત્ની જયા બચ્ચન સાથે વીડિયો પોસ્ટ કરવાથી લઈને તેમની સાથે થોડી મજાક કરવા સુધીના સૂચનો આવ્યાં હતાં. બચ્ચને ફોલોઅર્સ વધારવા આઈડિયા પૂછ્યાં અને મજેદાર જવાબ મળ્યાં, તેમણે લખ્યું,‘‘બહુ કોશિશ કરીએ છીએ, પણ આ ૪૯ મિલિયન ફોલોઅર્સનો આંકડો વધતો જ નથી. કોઈ રસ્તો તો બતાવા’’ તો કોઈએ એવું પણ કહી દીધું હતું કે માત્ર પેટ્રોલના ભાવ અંગે પ્રશ્ન ઉઠાવવાથી જ તેમને ૫૦ મિલિયન ફોલોવર્સ મળી જશે. તો કોઈએ આ સૂચનમાં કટાક્ષમાં કમેન્ટ કરીને એવું પણ કહી દીધું હતું કે તેમણે રેખા સાથે લગ્ન કરવાની જરૂર હતી. તો કોઈએ તેમને રેખા સાથે સેલ્ફી પોસ્ટ કરવાનું પણ સૂચન કર્યુ હતું. જો અમિતાભના કામની વાત કરવામાં આવે તો તેઓ ટૂંક સમયમાં ‘કૌન બનેગા કરોડપતિ’ની નવી સીઝન લઈને આવી રહ્યા છે અને તેના માટેનાં રજિસ્ટ્રેશન પણ શરૂ થવાની તૈયારી છે.





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજરોજ ઝાલોદ ઘટક ૧ના ઝાલોદ સેજા ના માંડલીખુંટા નિશાળ આંગણવાડી કેન્દ્ર બાળદિવસ ની ઉજવણી કરવામાં આવી.જેમાં આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકની જન્મદિવસ ની ઉજવણી અને બાળકો દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓનું પ્રદર્શન કરી માતા-વાલીઓને બતાવવામાં આવ્યુ અને બાળકોને આંગણવાડીમાં કઈ કઈ પ્રવૃતિ કરાવવામાં આવે છે તેની સમજ અને આજનું ગુલાબ,બાળકોને પ્રોત્સાહન માટે ઈનામ આપવામાં આવ્યું. ઉજવણી માં ઝાલોદ સીડીપીઓ શ્રી માછી નીલુબેન, વોર્ડ નંબર ૬ ના કાઉન્સિલર શ્રી ભાભોર રાધાબેન અને અને ગામની સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને અન્ય માતાઓ હાજર રહ્યા હતા.

### એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી મંડળ (ગુજરાત રાજ્ય) તરફથી

# સ્વ. દિલીપભાઈના પરિવારને ૧૩,૩૩,૫૦૩ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

આજ રોજ સ્વર્ગસ્થ દિલીપભાઈ વસૈયા (પૂર્વ રેવન્યુ તલાટી તથા હાલ નાયબ મામલતદાર) ના પરિવાર ને ગામ- મેલણીયા, તાલુકો ઝાલોદ જી-દાહોદ ખાતે ને એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી, રાજ્ય મંડળ તરફથી મરણ સહાય આપવા માટે શ્રી વિપુલભાઈ મકવાણા એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી, રાજ્ય મંડળ પ્રમુખ, ભીખુસિંહ પરમાર એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી, રાજ્ય મંડળ ઉપ પ્રમુખ, શરણમભાઈ પાઠક સભ્ય એસો.ઓફ રેવન્યુ તલાટી, રાજ્ય મંડળ, શ્રીપાલભાઈ પટેલ એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી, રાજ્ય મંડળ ખજાનચી, અરવલ્લી જિલ્લા એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી પ્રમુખ ગોપાલસિંહ ઝાલા, તથા દાહોદ જિલ્લા એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી, પ્રમુખ હેતુલભાઈ બારીયા, એસો. ઓફ રેવન્યુ તલાટી, મહામંત્રી સ્વપ્રિલભાઈ ભુરીયા તથા નાયબ મામલતદાર નીતિનભાઈ કટારા, સુરેશભાઈ નીનામા તથા મલસિંગભાઈ હઠીલા હાજર રહ્યા હતા..

આજ રોજ એસોસિએશન ઓફ રેવન્યુ તલાટી મંડળ (ગુજરાત રાજ્ય) તરફથી સ્વ.દિલીપભાઈ ના પરિવારને અંકે રૂ. ૧૩,૩૩,૫૦૩ /- રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો.

સ્વ. દિલીપભાઈના પરિવારે મહેસૂલી તલાટી પરિવારના તમામ મિત્રોનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરેલ છે. મહેસૂલી પરિવાર તમામ સહાય આપનાર તમામ રેવન્યુ તલાટી એસો. ઓફ રેવન્યુ તલાટી ગુજરાત રાજયે મહેસૂલી પરિવાર તમામ તથા સહાય આપનાર તમામ રેવન્યુ તલાટી મિત્રોનો હૃદય પૂર્વક આભાર માન્યો છે. રેવન્યુ વિભાગના આ યુવા કર્મચારીઓની એક અનોખી પહેલ છે જે ખૂબ સરાહનિય છે. અગાઉ પણ જે જે રેવન્યુ તલાટી અવસાન પામેલ છે એવા મિત્રોના પરીવારોની આ યુવા કેડરે પોતાના પરીવારની જેમ સાચવી છે અને આગળ પણ આ જ રીતે આ એમની પ્રથા ચાલુ રહે એવી શુભેચ્છાઓ.

# ગુજરાત સરકાર ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ માટે અનુદાન અપાશે

। અમદાવાદ, તા.૧૫ ।

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા જાગૃતિ લાવવા માટેના સેફટી એન્ડ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ (તાલીમ) માટે તથા શ્રમયોગીઓ અને જાહેર જનતાની જનજાગૃતિ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન અપાશે. વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર તરફથી શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તંત્ર માટે સલામતી અંગેની જાગૃતિ લાવવા તાલીમ કાર્યક્રમો અને હોર્ડિંગ દ્વારા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ અને જાહેર જનતાની જનજાગૃતિ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. જે સ્વૈચ્છિક સંસ્થાઓ આ બાબતની કામગીરીનો અનુભવ ધરાવતી હોય તેઓએ પોતાના લેટર પેડ પર, સંસ્થાના નોંધણીના પ્રમાણપત્રની નકલસહ તેમણે ઔદ્યોગિક ક્ષેત્રમાં સલામતી અને સ્વાસ્થ્ય અંગે કરેલ કાર્યવાહી એક - બે દિવસના તાલીમ કાર્યક્રમોની રૂપરેખા, પોતાની પાસે હયાત ક્વોલીફાઈડ સ્ટાફ તથા હયાત ઈન્ફ્રાસ્ટ્રકચરની માહિતી તથા ખર્ચની વિગતો સહિતની દરખાસ્ત ડાયરેકટરશ્રી, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજય, અમદાવાદ ૩જો માળ, શ્રમભવન, રૂસ્તમ કામા માર્ગ, ખાનપુર, અમદાવાદને આ પ્રસિદ્ધ થયેથી એક માસ સુધીમાં પહોંચતી કરવાની રહેશે, એમ અમદાવાદની ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદ જિલ્લાના તમામ 'આયુષ્માન આરોગ્ય મંદિર' ખાતે 'આયુષ્માન આરોગ્ય શિબિર' યોજાઈ

। અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ જિલ્લામાં આયુષ્માન આરોગ્ય મંદિરની સાતમી વર્ષગાંઠ નિમિત્તે આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય શિબિરનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી.

અમદાવાદ જિલ્લાના તમામ આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય શિબિર યોજાઈ હતી. જિલ્લાના ૩૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૪૩ સબ સેન્ટર, ૦૭ અર્બન આરોગ્ય કેન્દ્ર એમ કુલ ૧૮૩ જેટલા આરોગ્ય કેન્દ્ર ખાતે આરોગ્ય શિબિર યોજાઈ હતી.

આ આરોગ્ય શિબિરમાં લાભાર્થીઓને આરોગ્ય વિષયક માહિતીઓ આપવામાં આવી હતી અને યોગા સેશન પણ યોજાયા હતા. આ ઉપરાંત ડાયાબિટીસ, હાઈપર ટેન્શન, ઓરલ કેન્સર, બ્રેસ્ટ કેન્સર, સર્વાઈકલ કેન્સર જેવા અનેક રોગોનું સ્ક્રીનીંગ કરાયું હતું. વધુમાં ફેમિલી પ્લાનિંગ તથા મોતિયા વિશે પણ તપાસી માર્ગદર્શન અપાયું હતું. સાથે સાથે ન્યુટ્રિશન અને ડાયટ કાઉન્સિલિંગ બાબતે પણ માર્ગદર્શન અપાયું હતું. ઈ-સંજીવની થકી ટેલી કન્સલટેશન પણ કરાયું હતું. અને દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ મંડળમાં ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ ઉત્સાહ પૂર્વક મનાવવામાં આવી



। અમદાવાદ, તા.૧૫ ।

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ મંડળ માં બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકર ની જન્મજયંતિ ખૂબ જ ઉત્સાહ પૂર્વક મનાવવામાં આવી. આ પ્રસંગે, મંડળ રેલ પ્રબંધક કાર્યાલય ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં, મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ બાબા સાહેબની છબી ને માળા અર્પણ કરી અને દીપ પ્રાગટ્ય કર્યું.

મંડળ રેલ પ્રબંધક શ્રી શર્માએ જણાવ્યું કે સંવિધાન માં સમાનતા ન્યાય અને બંધુત્વ ની ભાવના નો જે ભાવ બાબા સાહેબે આપ્યો છે તેનું પરિણામ છે કે વિશ્વના સૌથી મોટા લોકશાહી ના રૂપમાં ભારત પ્રગતિ કરી રહ્યું છે. બાબા સાહેબે કહ્યું હતું કે આપણે શરૂઆતથી અંત સુધી ભારતીય છીએ, જો આપણે આ ભાવનાને આપણા જીવનનો ભાગ બનાવીને કામ કરીશું, તો આપણને ચોક્કસ સફળતા મળશે. આ પ્રસંગે, અપર મંડળ રેલ પ્રબંધક શ્રીમતી મંજુ મીણા, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી સિદ્ધાર્થ સહિત વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને માન્યતા પ્રાપ્ત ટ્રેડ યુનિયન અને એસોસિએશનના પદાધિકારીઓએ પણ એક પછી એક શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને બાબા સાહેબના જીવન પર પોતાના વિચારો વ્યક્ત કર્યા.

# ગુજરાત શૂટિંગ બોલ એસોસિએશનની શૂટિંગ બોલ સ્પર્ધા ૨૦૨૫



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૫ ।

ગુજરાત શૂટિંગ બોલ એસોસિએશન દ્વારા આયોજિત સબ જુનિયર અને જુનિયર ભાઈઓ તેમજ બહેનોની સ્ટેટ ચેમ્પિયનશિપ સુરેન્દ્રનગર શૂટિંગ બોલ એસોસિએશન દ્વારા નાઈટ ટુર્નામેન્ટ યોજતા જિલ્લામાંથી આવેલા ખેલાડીઓ તથા કોચ મેનેજર અને ગુજરાત શૂટિંગ બોલના સેક્રેટરી લતાબેન શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા જેમાં અ.૧૯ માં મહીસાગરના ખેલાડીઓ વિજેતા બન્યા હતા જેમાં શ્રી મહાવીરસિંહ બેસ્ટ સુટર અને માધવસિંહ ડિફેન્ડર બની મહીસાગર જીલ્લાનું દીવડા ગામનું તેમજ સમાજનું નામ રોશન કરેલ હતું.

# અમદાવાદ જિલ્લાનાં આંગણવાડી કેન્દ્રો ખાતે અન્નપ્રાસન દિવસ અને બાળ દિવસની ઉજવણી કરવામાં આવી

। અમદાવાદ, તા.૧૫ ।



અમદાવાદ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગના આઈસીડીએસ કાર્યક્રમ હેઠળ પોષણ પખવાડિયા અંતર્ગત દસ્ક્રોઈ, સાણંદ, ધોળકા તાલુકાના આંગણવાડી કેન્દ્રો ખાતે અન્નપ્રાસન દિવસ અને બાળ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આંગણવાડી કાર્યકરો દ્વારા પ્રોટીનયુક્ત આહાર, THR (ટેક હોમ રાશન) અને તેમાંથી મળતા વિટામિન્સ અને તેના ફાયદા જાણી ઘરમાં બનતી વાનગીઓમાં તેનો ઉપયોગ કરવા માટે સગર્ભા માતા અને વાલીઓને સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત, આ કાર્યક્રમમાં ૬ મહિના પૂર્ણ કરેલા બાળકોને ઉપરી આહારની શરૂઆત કરાવવામાં આવી હતી. ધાત્રી માતા અને સગર્ભા બહેનોને માતૃશક્તિ, બાલશકિતના ફાયદા વિશે માહિતી આપી તેનો નિયમિત ઉપયોગ કરવા સમજાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પોષણ પખવાડિયામાં જન આંદોલનન થકી પોષણ અને આરોગ્ય વિશે જાગૃતિ ફેલાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

# સીડીપીઓની ઉપસ્થિતિમાં પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।



ઝાલોદ તાલુકાના ઘટક ૧ ના ઝાલોદ સેજા ના આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ પખવાડીયા ની ઊજવણી કરવામાં આવી. જેમાં સીડીપીઓશ્રી માછી નીલુબેન, BNM અને કાર્યકર, તેડાગર દ્વારા વિસ્તારમાંથી સગર્ભા માતા ધાત્રી માતા તેમજ કિશોરીઓ અને અન્ય માતાઓ હાજર રહ્યા હતા સગર્ભા માતા ધાત્રી માતાઓને અને કિશોરીઓને પ્રથમ ૧૦૦૦ દિવસ સુધીની સાવચેતી વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ આંગણવાડી કેન્દ્રમાંથી આપવામાં આવતા માતૃશક્તિ, પૂર્ણ શક્તિ અને બાલ શક્તિ નો આહારમાં કઈ રીતે ઉપયોગ કરવો, THR માંથી માતાઓની હાજરી માં લાઈવ વાનગી બનાવી માતાઓને આહારમાં THR નો ઉપયોગ અને તેમાંથી મળતા પોષક તત્વો અને તેનું મહત્વ સમજાવવામાં આવ્યું. માતાઓની હાજરીમાં બાળકોના વજન ઊંચાઈ અને લંબાઈ કરીને માતાઓને બાળકના ગ્રોથ વિશે સમજ આપવામાં આવી SAM બાળકોની માતાઓ ને બાળકને સીએમટીસી માં દાખલ કરવા અને દાખલ કરવાથી બાળકને કેવા ફાયદા થઈ શકે તે માટેની સમજ આપવામાં આવી તેમજ બાળકોને આંગણવાડી કેન્દ્રમાં "પોષણ સંગમ" અંતર્ગત SAM બાળકોની માતાઓને રોજ બાળકોને કેન્દ્ર પર લાવીને નાસ્તો તેમજ આરોગ્ય તપાસ કરાવવા, બાળકોની સંભાળ કઈ રીતે રાખવી તે માટે માતાઓને માર્ગદર્શન અને જાગૃતિ.

# જીવનશૈલીમાં નાના પણ મહત્વના પરિવર્તનથી મેદસ્વીતાથી છૂટકારો મેળવી શકાય છે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

આજના ઝડપી જીવનશૈલી અને અસંતુલિત ખોરાકના કારણે મોટાપો, ઓબેસિટી વિશ્વભરમાં એક ગંભીર સમસ્યા બની ગયો છે. મોટા ભાગના લોકો સ્ટ્રેસ, બેઠાડુ જીવનશૈલી અને અનિયમિત ખોરાકના લીધે વધતા વજનનો સામનો કરી રહ્યા છે. મોટાપો માત્ર શરીરનું કદ વધારતો રોગ નથી, પણ તેમાંથી ઊભી થતી બીમારીઓ જેમ કે હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હાર્ટ ડિઝીઝ અને સાંધાના દુ:ખાવા જેવી સમસ્યાઓ જીવનની ગુણવત્તા ઉપર ગંભીર અસર કરે છે.

મોટાપાને અટકાવવા માટે સૌથી પહેલું પગલું છે સ્વસ્થ જીવનશૈલી અપનાવવી. તેની શરૂઆત સામાન્ય અને સરળ બદલીથી કરી શકાય છે. દરરોજ તાજું અને પૌષ્ટિક ખોરાક લેવો જોઈએ. ફાસ્ટ ફૂડ, ઓઈલી ફૂડ, શુગર અને પેકેજડ ફૂડના અતિસેવનથી દૂર રહેવું જોઈએ. આ બદલે ફળો, શાકભાજી, ઓટ્સ, બ્રાઉન રાઈસ, **Whole Grains** અને ઓમેગા-૩થી ભરપૂર ખોરાક અપનાવવો જોઈએ. પાણીનું પૂરતું સેવન પણ વજન ઘટાડવામાં મદદરૂપ છે—દિવસમાં ઓછામાં ઓછા ૮થી ૧૦ ગ્લાસ પાણી પીવું જોઈએ.

શારીરિક સક્રિયતા પણ એટલી જ જરૂરી છે. દિવસનો ઓછામાં ઓછો ૩૦ મિનિટ **brisk walk**, યોગા, ડાન્સ અથવા જિમ એક્ટિવિટી માટે ફાળવવો જોઈએ. જો લાંબા સમય સુધી એક જગ્યા પર બેસી રહેવું પડે તો દર ૧ કલાકે થોડીક સેકન્ડ માટે ઊભા થઈ હલનચલન કરવું. ઘરના કામોમાં મદદ કરવી કે સિંપલ સ્ટ્રેચિંગ પણ ફાયદાકારક સાબિત થાય છે. તદુપરાંત યોગ્ય નિંદ્રા પણ મહત્વપૂર્ણ છે. દરરોજ ઓછામાં ઓછા ૭-૮ કલાક ઊંઘ લેવાથી શરીર યોગ્ય રીતે કાર્ય કરે છે અને હોર્મોન્સનું બેલેન્સ જળવાઈ રહે છે, જે વજન નિયંત્રણ માટે મહત્વપૂર્ણ છે. સ્ટ્રેસ પણ મોટાપાના કારણોમાંથી એક છે. મેડિટેશન, પ્રાણાયામ, અને સમયસર આરામ કરવાથી સ્ટ્રેસને નિયંત્રિત રાખી શકાય છે.

મોટાપાને દૂર રાખવા માટે તમારું લક્ષ્ય માત્ર વજન ઘટાડવાનું નહિ, પણ એક જળવાયેલું આરોગ્યમય જીવન જીવવાનું હોવું જોઈએ. કદાચ શરૂઆતમાં ધીરજ રાખવી મુશ્કેલ લાગી શકે, પણ સતત પ્રયત્ન અને નિયમિતતા સાથે સફળતા પ્રાપ્ત થઈ શકે છે. લાસ્ટ બટ નોટ લિસ્ટ, નિષ્ણાત ડાયેટિશિયન કે ફિટનેસ ટ્રેનરથી સલાહ લેવી એ પણ એક સારા નિર્ણયો ગણાય. કોઈપણ ડાયેટ કે એક્સરસાઈઝ પ્લાન શરૂ કરતા પહેલા તમારું હેલ્થ સ્ટેટસ જાણવું ખૂબ જરૂરી છે.

આ પરિવર્તન નાનાં નાના હોવા છતાં તેમાં નિયમિતતા અને નિષ્ઠા હોય તો મોટાપાને હરાવવો શક્ય છે અને આરોગ્યમય જીવન જીવી શકાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :**
સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારા દિવસની શરૂઆત સવારે થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવારમાંથી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો?

**સિંહ (મ,ટ) :**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજથી સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. કામ બાકી હોવા છતાં રોમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે કરેલ રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. ભાગીદારીને લગતી તકો સારી જણાય છે, પણ બધું જ કાગળ પર સ્પષ્ટ કરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે અમુક બાબતે બાળક જેવો તમારો સ્વભાવ સપ ાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે. તમે રાત્રે પ્રેમી સાથે કલાકો સુધી ફોન પર વાત કરી શકો છો. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે.

# SC અનામતને ત્રણ શ્રેણીમાં વહેંચનાર તેલંગાણા દેશનું પ્રથમ રાજ્ય બન્યું

### કમિશને પોતાના રિપોર્ટમાં ૫૯ શીડ્યુલ કાસ્ટ સમાજોને ત્રણ અલગ-અલગ કેટેગરીમાં વહેંચવા ભલામણ કરી હતી



। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૫ ।

તેલંગાણા સરકારે સોમવારે શીડ્યુલ કાસ્ટ્સ (એસસી) સમાજમાં અનામતને ત્રણ કેટેગરીમાં વહેંચવાનો નિર્ણય લીધો છે. અનામતમાં પણ સબ કેટેગરીના આધારે અનામત લાગુ કરનારું દેશનું પ્રથમ રાજ્ય તેલંગાણા બન્યું છે. તેલંગાણા સરકારે અગાઉ હાઈકોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ શામીમ અખ્તરના નેતૃત્વ હેઠળ કમિશનની રચના કરી હતી, જેણે એસસી સમાજને સરકારી નોકરી અને શિક્ષણમાં અનામત માટે કેટેગરી પાડવાની ભલામણ કરી હતી. કમિશને પોતાના રિપોર્ટમાં ૫૯ શીડ્યુલ કાસ્ટ સમાજોને ત્રણ અલગ-અલગ કેટેગરીમાં વહેંચવા ભલામણ કરી હતી અને આ તમામ વચ્ચે અનામતનો લાભ વહેંચવા સૂચવ્યું હતું. તેલંગાણાના રાજ્યપાલે ૮ એપ્રિલે તેલંગાણા સરકારના આ ખરડાને મંજૂરી આપી છે અને તેને ૧૪ એપ્રિલે તેલંગાણા સરકારના ગેઝેટમાં પ્રકાશિત કરાયો છે. બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરના જન્મદિન નિમિત્તે સરકારે આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીએ એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, એસસી સમાજમાં પેટા જ્ઞાતિઓના વર્ગીકરણની માગણી લાંબા સમયથી પડતર હતી અને તેના પર નિર્ણય લેવાનું જરૂરી હતું. એસસી સબકેટેગરીનો ક્રાંતિકારી નિર્ણય લેનારું દેશનું પ્રથમ રાજ્ય તેલંગાણા બન્યું છે. દલિત સમાજના તમામ વર્ગનું સશક્તિકરણ થાય અને ઉજળી તક મળે તે હેતુથી સરકારે આ ઐતિહાસિક નિર્ણય લીધો છે. કમિશનના રિપોર્ટ મુજબ, ગ્રૂપ-૧માં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક રીતે લાભથી વંચિત એસસી સમાજની ૧૫ જાતિનો સમાવેશ કરાયો છે અને તેમને એક ટકો અનામત આપવામાં આવશે. ગ્રૂપ ૨માં અનામતનો ઓછો લાભ મળ્યો હોય તેવા ૧૮ સમુદાયને સમાવાયા છે અને તેમના માટે નવ ટકા ક્વોટા નિર્ધારિત થયો છે.

### હોસ્પિટલમાં લાગેલી આગના વીડિયો પણ સામે આવ્યા

# લખનૌની હોસ્પિટલમાં મોડી રાતે આગનો બનાવ, ૨૦૦ દર્દીઓ હતા સારવાર હેઠળ

### ફાયર બ્રિગેડ ટીમ, પોલીસકર્મીઓ અને હોસ્પિટલ સ્ટાફની મદદથી દર્દીઓને એક પછી એક બચાવી લેવામાં આવ્યા

। (એજન્સી) લખનૌ, તા.૧૫ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં લોકબંધુ હોસ્પિટલ માં મોડી રાત્રે આગ લાગી હતી. જેના કારણે લોકો ગભરાઈ ગયાહતા. હોસ્પિટલના બીજા માળે મહિલા વોર્ડ અને ICUમાં આગ લાગી હતી. જેના કારણે આખા ફ્લોર પર ધુમાડો ફેલાઈ ગયો. ફાયર બ્રિગેડની તત્પરતા, હોસ્પિટલ સ્ટાફની કાર્યક્ષમતા અને વહીવટી અધિકારીઓના સંચાલનને કારણે, ૨૦૦ દર્દીઓને તાત્કાલિક બહાર કાઢીને બીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. હોસ્પિટલમાં લાગેલી આગના વીડિયો પણ સામે આવ્યા છે, જેને જોઈને તમે પોતે જ અંદાજ લગાવી શકો



છો કે દર્દીઓના જીવ કેવી રીતે બચી ગયા. લખનૌ ફાયર બ્રિગેડના સીએફઓ મંગેશ કુમારે જણાવ્યું હતું કે અમને રાત્રે ૯:૪૪ વાગ્યે માહિતી મળી હતી અને માહિતી મળતાની સાથે જ અમારી આખી ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જ્યારે ટીમ અહીં પહોંચી ત્યારે તેમણે જોયું કે આગના ડરથી ઘણા લોકો ભાગી રહ્યા હતા. જ્યારે કેટલાક લોકો હોસ્પિટલની બારીઓમાંથી ડોકિયું કરી રહ્યા હતા અને કૂદવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ ઉપરાંત, કેટલાક લોકો સીડી પરથી નીચે દોડી રહ્યા હતા.આગ લાગ્યા પછી, ફાયર બ્રિગેડ ટીમ, પોલીસકર્મીઓ અને હોસ્પિટલ સ્ટાફની મદદથી દર્દીઓને એક પછી એક બચાવી લેવામાં આવ્યા ફાયર બ્રિગેડ ટીમ, પોલીસ કર્મીઓ અને હોસ્પિટલ સ્ટાફની મદદથી દર્દીઓને એક પછી એક બચાવી લેવામાં આવ્યા. વીડિયોમાં જોઈ શકાય છે કે દર્દીઓને વેન્ટિલેટર દ્વારા પણ બહાર કાઢવામાં આવી રહ્યા છે. આ પછી તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

### પરિવારને બાળકીના માત્ર અવશેષો જ મળ્યા

# સુત્રાપાડા પાસે ફળિયામાં રહેલી ત્રણ વર્ષની બાળકીનો દીપડાએ શિકાર કર્યો

### ગત રાતે ત્રણ વર્ષની બાળકી ઘરની બહાર હાથ ધોવા ગઈ ત્યારે દીપડો તેને ઉઠાવી ગયો હતો

। (એજન્સી) વેરાવળ, તા.૧૫ ।

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના મોરાસા ગામમાં માનવભક્ષી દીપડાએ ત્રણ વર્ષની બાળકીનો શિકાર કરતા અરેરાટી ફેલાઈ છે. ગત રાતે ત્રણ વર્ષની બાળકી ઘરની બહાર હાથ ધોવા ગઈ ત્યારે દીપડો તેને ઉઠાવી ગયો હતો. આજે સવારે બાળકીના મૃતદેહના અવશેષો મળી આવ્યાં હતાં. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભયનો માહોલ છે.મળતી માહિતી મુજબ, મોરાસા ગામમાં ગત રાતે સાડા નવ વાગ્યે રમેશભાઈ પાલાભાઈ ચાવડાની ત્રણ વર્ષની દીકરી કુંદના ઘરની બહાર ફળિયામાં હાથ ધોવા ગઈ હતી. તે સમયે પરિવારના સભ્યો ઘરમાં જમી રહ્યા હતા. અચાનક જ દીપડો આવ્યો અને બાળકીને ઉઠાવીને લઈ ગયો હતો. બાળકીના પિતા રમેશભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ઘરમાં અમે ત્રણ જણા જમવા બેઠા હતા અને છોકરી બહાર હાથ ધોવા ગઈ હતી, ત્યારે અચાનક દીપડો આવ્યો અને તેને બોચીમાંથી પકડી લઈ ગયો. અમે તેને બચાવવા માટે દીપડા પાછળ દોડ્યા પણ હાથમાં કાંઈ આવ્યું નહીં. પછી દૂર ગયા તો ત્યાં મારી દિકરીના વસ્ત્રો મળ્યા હતાં. બાદ અમે રાત્રે સાડા અગિયાર વાગ્યે વન વિભાગને જાણ કરી હતી. અમે આખી રાત શોધખોળ કર્યા બાદ આજે સવારે સાત વાગ્યે મૃતદેહ મળ્યો હતો.આ ઘટના પછી વન વિભાગે માનવભક્ષી દીપડાને પકડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

### સમયમર્યાદાથી ન્યાયતંત્રના કાર્યક્ષેત્રને અસર થઈ શકે છે

# સમયમર્યાદામાં બિલોને મંજૂરીના સુપ્રીમના નિર્ણયને કેન્દ્ર પડકારશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટના તાજેતરના ઐતિહાસિક ચુકાદાને પડકારે તેવી શક્યતા છે જેમાં રાજ્યપાલો અને રાષ્ટ્રપતિને રાજ્ય વિધાનસભાઓ દ્વારા પસાર કરાયેલા બિલોને મંજૂરી આપવા માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. ૮ એપ્રિલના રોજ આવેલા ચુકાદાએ એક રીતે રાષ્ટ્રપતિની સત્તાઓમાં ઘટાડો પણ કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સમીક્ષા અરજી દાખલ કરવાની યોજના બનાવી રહ્યું છે. તમિલનાડુ કેસમાં જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બે જજોની બેન્ચ દ્વારા ચુકાદો અપાયો હતો. આ ચુકાદા સાથે સુપ્રીમે રાજ્યપાલો દ્વારા રજૂ કરાયેલા બિલો પર રાષ્ટ્રપતિને ત્રણ મહિનાની સમયમર્યાદા આપી હતી. સરકારનું માનવું છે કે, રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ જેવા બંધારણીય પદો માટે સમયમર્યાદા નક્કી કરવી ન્યાયતંત્રના કાર્યક્ષેત્રને અસર કરી શકે છે. આ મુદ્દા પર સરકારના ઉચ્ચ સ્તરે ચર્ચાઓ ચાલી રહી છે.સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ થવાની પૂરી શક્યતા છે. આ અરજી કયા આધારે દાખલ કરવામાં આવશે તે અંગે વિચારણા ચાલી રહી છે અને સરકાર સુપ્રીમ કોર્ટમાં જશે પછી જ તે જાણી શકાશે. ભારતના એટર્ની જનરલ (એજી) આર વેંકટરામણીએ જણાવ્યું હતું કે આ મામલે રાષ્ટ્રપતિનો પક્ષ પણ ધ્યાનમાં લેવો જોઈતો હતો, પરંતુ કેન્દ્ર સમીક્ષા અરજી દાખલ કરશે કે નહીં તેની પુષ્ટિ કરવાનો ઈનકાર કર્યો હતો.ગયા અઠવાડિયે એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે નિર્ધારિત કર્યું હતું કે રાષ્ટ્રપતિએ રાજ્યપાલ દ્વારા વિચારણા માટે અનામત રાખેલા બિલો પર આ પ્રકારનો સંદર્ભ પ્રાપ્ત થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો જોઈએ. ચુકાદા બાદ તમિલનાડુ સરકારે સુપ્રીમના ચુકાદાને ટાંકીને સત્તાવાર ગેઝેટમાં ૧૦ કાયદાઓને સૂચિત કર્યા, જે મુજબ તેમને મંજૂરી મળી ગઈ છે.

### ખાનગી સંસ્થાને પરીક્ષા કેન્દ્ર ન ફાળવવાનો નિર્ણય

# ૪ મેએ યોજાશે નીટ યુજી એક્ઝામ, નવા ફેરફાર સાથે લેવાશે પરીક્ષા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ NEET (UG)ની પરીક્ષા આગામી ૪ મે, ૨૦૨૫ના રોજ યોજાશે. ગેરરીતિ અટકાવવા નીટની પરીક્ષામાં કેટલાક મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં પ્રથમવાર એકપણ ખાનગી સંસ્થાને નીટની પરીક્ષાનું સેન્ટર ફાળવવામાં આવશે નહીં, ફક્ત સરકારી સંસ્થાઓમાં જ પરીક્ષા લેવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે, વિદ્યાર્થીઓને પેપરમાં મળતો ઓપ્શનનો લાભ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. પંચમહાલમાં NEETની પરીક્ષામાં ચોરી કૌભાંડનો પર્દાફાશ થયા બાદ મે ૨૦૨૫માં યોજાનારી NEETની પરીક્ષાને લઈને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં દેશમાં પ્રથમવાર સેન્ટરની પસંદગી માટે કમિટી બનાવવાનો નિર્ણય લાવાયો હતો. આ સાથે જ ખાનગી સંસ્થાને પરીક્ષા કેન્દ્ર ન ફાળવવાનો નિર્ણય લેવાયો છે. મહત્ત્વનું છે કે, ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલી જય જલારામ સ્કૂલના નીટ પરીક્ષાના કેન્દ્રમાં ઉમેદવારોને પાસ કરાવવાનું કૌભાંડ મે માસના પ્રારંભમાં ઝડપાયા બાદ તેના પડઘા સમગ્ર દેશભરમાં પડયા હતા. NTA દ્વારા NEETની પરીક્ષા આગામી ૪ મે રવિવારના રોજ યોજાશે. જેમાં બપોરના ૨:૦૦ વાગ્યાથી ૫:૦૦ વાગ્યા સુધી એમ ત્રણ કલાકનું પેપર રહેશે.

### કેટી પેરી સહિત ૬ મહિલાઓ અવકાશની મુસાફરી કરી

# અબજોપતિ જેફ બેઝોસની બ્લુ ઓરિજિને મહિલા સ્પેસ ક્રૂ સાથે ઇતિહાસ રચ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫ ।

મેરિકન અબજોપતિ જેફ બેઝોસની કંપની બ્લુ ઓરિજિને ઈતિહાસ રચ્યો છે. તેમની મંગેતર લોરેન સાંચેઝે એક 'ઓલ ફિમેલ સેલિબ્રિટી ક્રૂ' સાથે અવકાશની મુસાફરી કરી હતી. આ ગ્રુપમાં ફેમસ સિંગર કેટી પેરી અને 'સીબીએસ મોર્નિંગ'ના હોસ્ટ ગેલ કિંગ જેવી હસ્તીઓનો સમાવેશ થાય છે. આ ઉડાન અવકાશ પ્રવાસનની નવી લહેરનો એક ભાગ છે, જ્યાં ધનિક અને ફેમસ લોકો હવે સરળતાથી અવકાશમાં મુસાફરી કરી શકે છે.ક્રૂએ ટેક્સાસના વેન હોર્ન લોન્ચ પેડ પરથી સોમવારે સાંજે ૭ વાગ્યે ઉડાન ભરી હતી અને લગભગ ૧૧ મિનિટમાં પરત આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન રોકેટે જવાનું અને પાછા આવવાનું સહિત કુલ ૨૧૨ કિમીનું અંતર કાપ્યું હતું. આ મિશન જેફ બેઝોસની બ્લુ ઓરિજિન કંપનીના ન્યૂ શેપર્ડ પ્રોગ્રામનો એક ભાગ છે, જેનું નામ NS-31 છે.કેટી પેરી અને લોરેન ઉપરાંત આ મિશનમાં ટીવી પ્રેઝન્ટર ગેઈલ કિંગ, માનવ અધિકાર કાર્યકર્તા અમાન્ડા ન્યુએન, ફિલ્મ નિર્માતા કેરિયન ફ્લિન અને નાસાના ભૂતપૂર્વ રોકેટ સાઈન્ટિસ્ટ આયશા બોવે સામેલ હતા. સફળ લેન્ડિંગ બાદ કેટી પેરીએ જમીન પર પગ મુકતાની સાથે જ નમન કર્યુ હતું જ્યારે જેફ બેઝોસે પોતાની મંગેતરનું અવકાશમાંથી પાછા ફરતા હગ કરીને સ્વાગત કર્યુ હતું. આ ઉડાન એટલા માટે પણ ખાસ હતી કારણ કે તેમાં સવાર તમામ મુસાફરો મહિલા હતી. અવકાશ યાત્રાના ૬૪ વર્ષના ઈતિહાસમાં આ બીજી વખત હતું જ્યારે સંપૂર્ણપણે મહિલા ક્રૂ અવકાશમાં ગઈ હતી. આ પહેલા ૧૯૬૩માં સોવિયેત અવકાશયાત્રી વેલેન્ટિના તેરેશકોવા એકલા અવકાશમાં ગયા હતા. લોરેને આ ફ્લાઈટ માટે ખાસ મહિલાઓની પસંદગી કરી હતી જેથી તેઓ યુવાનો અને વૃદ્ધોને મોટા સપના જોવા માટે પ્રેરણા આપી શકે.

## ભારતીય મુળના મહિલા ડોક્ટર સહિત ૬ના મોત

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૧૫ ।

ન્યૂયોર્કમાં પ્લેન ક્રેશ દુર્ઘટનામાં ભારતીય મૂળના ડોક્ટર અને તેમના પરિવારનું મોત નીપજ્યું છે. મૃતકોમાં પંજાબમાં જન્મેલા ડૉ. જોય સૈની અને તેમના પરિવારના પાંચ સભ્યોનો સમાવેશ થાય છે. આ વિમાન તેમના પતિ માઈકલ ગ્રોફ ઉડાડી રહ્યા હતા. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પરિવાર ન્યૂયોર્કના વ્હાઈટ પ્લેન્સમાં વેસ્ટચેસ્ટર કાઉન્ટી એરપોર્ટ પર ગ્રોફના પ્રાઈવેટ પ્લેનમાં સવાર હતો. આ નાનું ખાનગી વિમાન વેસ્ટચેસ્ટર કાઉન્ટી એરપોર્ટથી ઉડાન ભરીને કોલંબિયા કાઉન્ટી એરપોર્ટ તરફ જઈ રહ્યું હતું. વિમાનમાં તેમની સાથે પુત્રી કરેના ગ્રોફ, પુત્ર જેરેડ ગ્રોફ, જેરેડના પાર્ટનર એલેક્સિયા કોયુટાસ ડુઆર્ટે અને કરેનાનો બોયફ્રેન્ડ જેમ્સ સેન્ટોરો હતા. પરિવાર બર્થડે સેલિબ્રેશન અને પાસઓવરની હોલિડે માટે કેટસ્કિલ્સ જઈ રહ્યો હતો. અકસ્માત પહેલા પાયલટે વિમાનને લેન્ડ કરવાની પરવાનગી માંગી હતી પરંતુ થોડીવાર પછી વિમાન ક્રેશ થયું હતું.

### સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ સરકારે નવી SOP જાહેર કરી

# ટ્રાફિક ચલણ માટે હવેથી ૧૦ સેકન્ડનો વીડિયો રેકોર્ડ કરાશે

### નવી SOP મુજબ ચલણ જારી કરવા માટે કેમેરા હવે ઓછામાં ઓછા ૧ સેકન્ડ અને વધુમાં વધુ ૧૦ સેકન્ડ માટે વીડિયો રેકોર્ડ કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।


હવે ટ્રાફિક નિયમો તોડવા બદલ ફક્ત ફોટાના આધારે નહીં પરંતુ વિડીઓ પુરાવાના આધારે ચલણ આપવામાં આવશે. કેન્દ્ર સરકારે એક નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) બહાર પાડી છે, જે હેઠળ ઓટોમેટિક કેમેરા દ્વારા ટ્રાફિક નિયમોનું નિરીક્ષણ કરવામાં આવશે. આ SOP રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટના ૨૩ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ બાદ સરકારે SOP જાહેર કરી છે.આ નવી સિસ્ટમ હેઠળ હેલ્મેટ કે સીટ બેલ્ટ ન પહેરવા, મોબાઈલ ફોન પર વાત કરવી, રોન્ગ સાઈડમાં વાહન ચલાવવું અને વાહન ચલાવતી વખતે ખાવા-પીવા જેવી પ્રવૃત્તિઓ હવે કેમેરામાં રેકોર્ડ થશે. આ કેમેરા એટલા હાઈટેક હશે કે તે ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પણ સ્પષ્ટ વીડિયો રેકોર્ડ કરી શકશે. નવી SOP મુજબ ચલણ જારી કરવા માટે કેમેરા હવે ઓછામાં ઓછા ૧ સેકન્ડ અને વધુમાં વધુ ૧૦ સેકન્ડ માટે વીડિયો રેકોર્ડ કરશે. જેમાં ગાડી નંબર, લોકેશન, તારીખ અને સમય જેવી બધી માહિતી સ્પષ્ટપણે દેખાશે.


**વિશેષ** ભારત સરકારના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાત દરમિયાન કુલ રૂપિયા ૧૧.૬૬ કરોડના વિકાસ કામોની જિલ્લાના નાગરિકોને ભેટ આપી

# શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય રાજપીપલામાં MPLADSની ગ્રાન્ટમાંથી ૨.૫૦ કરોડના ખર્ચે એક્સ્પાન્સન થયેલા જિમ્નેશિયમ હોલ અને વ્યાયામના અદ્યતન સાધનોનું લોકાર્પણ કરતા વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર

। (માહિતી) અમદાવાદ ।

ભારત સરકારના વિદેશ મંત્રી શ્રી ડૉ. એસ. જયશંકર નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધાર્યા હતા. બીજા દિવસે રાજપીપલાની શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય ખાતે તેઓની MPLADSની ગ્રાન્ટમાંથી રૂપિયા ૨.૫૦ કરોડના ખર્ચે એક્સ્પાન્સન પામેલા જિમ્નેશિયમ હોલ અને વ્યાયામના અદ્યતન સાધનોનું લોકાર્પણ કર્યુ હતું. અને ઉભરતા નવયુવાન ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અને જિમ્નેશિયમના રમતવીરોના કૌશલ્ય-કરતબને પણ નજરે નિહાળી ખુશી વ્યક્ત કરી હતી. શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય ખાતેના જિમ્નેશિયમમાં તાલીમ મેળવી નેશનલ કક્ષાની ટ્રેમ્પોલિન ચેમ્પિયનશીપ માં સિલ્વર મેડલ મેળવનાર શ્રી સિલિમકર મયંક અને શ્રી દેવીન વસાવાની સિદ્ધિને સાંભળી બંને રમતવીરોને વધુ આગળ વધવાની શુભેચ્છા પાઠવી અહીં પોતાની





ગ્રાન્ટમાંથી થયેલા કામનું પરિણામ નજરે નિહાળી વિદેશમંત્રીશ્રીએ આનંદની લાગણી અનુભવી તમામ રમતવીરોને શુભકામના પાઠવી વિકસીત ભારત સાથે ફિટ ઈન્ડિયા બને તેવી કામની કરી હતી. વિદેશમંત્રીશ્રી બાદમાં રાજપીપલાની પોસ્ટ ઓફિસ ખાતે કાર્યરત પાસપોર્ટ સેવાકેન્દ્રની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં નવા પાસપોર્ટની પ્રક્રિયા માટે સુરતથી એપોઈન્ટમેન્ટ લઈને આવેલા ડો. મિતેશ જયસ્વાલ અને તેમના પરિવાર સાથે સંવાદ કર્યો હતો. બાદમાં સમગ્ર પોસ્ટ ઓફિસની કામગીરી અને આધાર સેવાકેન્દ્રની મુલાકાત કરી નિરિક્ષણ કરી કેન્દ્રિય કર્મીઓ સાથે સમૂહ તસવીર લઈને પ્રોત્સાહિત કર્યા હતા. વિદેશ મંત્રીશ્રી ત્યારબાદ તેઓના દત્તક લીધેલા નાંદોદ તાલુકાના લાછરસ ગામે પહોંચ્યા હતા. જ્યાં પ્રાથમિક શાળા ખાતે ૪.૯૬ લાખના ખર્ચે તૈયાર થયેલા સ્માર્ટ ક્લાસરૂમની મુલાકાત કરી સ્માર્ટ બોર્ડ પર વિદ્યાર્થીઓ દ્વારા થતી અભ્યાસલક્ષી પ્રવૃત્તિને નિહાળી હતી. બાદમાં શાળાની નજીકમાં આવેલા શ્રી રામજી મંદિરમાં પહોંચી પૂજા અર્ચના કરી હતી. ગામમાં MPLADS ની ગ્રાન્ટમાંથી રૂપિયા ૧૬ લાખના ખર્ચે નિર્માણ પામેલી સ્માર્ટ આંગણવાડીનું પણ લોકાર્પણ કરી ભૂલકાંઓ સાથે હેતથી સંવાદ કરી બિરદાવ્યા હતા. જ્યારે આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ અભિયાન અંતર્ગત સરકારશ્રીની વિવિધ યોજનાના લાભાર્થીઓ પૈકી ૬ મહિનાના બાળકને અન્નપ્રાસન કરાવી ઉપરી આહાર આપી તેના નિરોગી સ્વસ્થ ભવિષ્ય માટે બાળકની માતાને શુભકામના પાઠવી હતી. વિદેશ મંત્રીશ્રીએ લાછરસ ગામે નિર્માણ પામેલા અમૃત સરોવરની પણ મુલાકાત કરી જળસંચયના કાર્યને બિરદાવ્યું હતું. વિદેશ મંત્રીશ્રીએ નર્મદા જિલ્લાની બંને દિવસની મુલાકાત દરમિયાન MPLADS અંતર્ગત દત્તક લીધેલા ગામો પૈકી તિલકવાડા તાલુકાના વ્યાધર અને અગર ગામ, ગરૂડેશ્વર તાલુકાના આમદલા અને જેતપુર(વઘ.) ગામ અને નાંદોદ તાલુકાના લાછરસ ગામની મુલાકાત લઈને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, એમ્બ્યુલન્સ, સક્ષમ સ્માર્ટ આંગણવાડી, પ્રાથમિક શાળાનાં સ્માર્ટ ક્લાસરૂમ તથા કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ કરી જવાહર નવોદય વિદ્યાલય-કેવડિયા કોલોનીના ટ્રાન્સપોર્ટ વિહીકલ પણ અર્પણ કરી હતી. સાથોસાથ MPLADSની ગ્રાન્ટમાંથી હવે પછી ગરૂડેશ્વરના જેતપુર, તિલકવાડાના અગર, સાગબારાના કોલવણ અને દેડિયાપાડા તાલુકાના સગાઈ ગામે એમ કુલ ચાર ગામોમાં રૂપિયા ૫.૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારા એલ.ડી.આર. બિલ્ડિંગનું ભૂમિપૂજન કર્યું હતું. બંને દિવસો દરમિયાન વિદેશ મંત્રીશ્રીએ તેઓ દ્વારા દત્તક લીધેલા ગામોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને નાગરિકોના આરોગ્યની સુવિધા માટે કુલ રૂપિયા ૧૧.૬૬ કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી. મંત્રીશ્રીના બીજા દિવસની જિલ્લાની મુલાકાત વેળાએ વિદેશ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરીશ્રી સંદિપ બય્યપ્પુ, ઉચ્ચ અધિકારીશ્રી રવિ અરોરા, શ્રી વિનય ભૂસારી, નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહ તડવી, છોટાઉદેપુરના સાંસદશ્રી જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખ, જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.કે. જાદવ, જિલ્લાના અગ્રણીઓ, સહિત ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા.

## વડોદરામાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીનો કાળો કકળાટ

। (એજન્સી) વડોદરા, તા.૧૫ ।

વડોદરામાં ઉનાળાની શરૂઆત સાથે જ પાણીનો કાળો કકળાટ શરૂ થઈ ગયો છે. અનેક વિસ્તારોમાં પાણી ઓછું મળતું હોવાથી કોર્પોરેશન સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે સમા વિસ્તારમાં આજે પાણીના મુદ્દે ભારે તંગદિલી સર્જાઈ છે. કોર્પોરેશનના વોર્ડ નંબર ૨ માં છેલ્લા કેટલાક સમયથી પાણીના મુદ્દે લોકોએ રજૂઆત કરી હોવા છતાં કોઈ પરિણામ નહીં મળતા આજે (મંગળવારે) સમા વિસ્તારમાં મહિલાઓ મોટી સંખ્યામાં ભેગા થઈને મોરચો કાઢ્યો હતો. જો કે તેમના દેખાવોને પોલીસની પરવાનગી મળી ન હોવાથી પોલીસે મહિલાઓને મોરચો કાઢવા દીધો ન હતો. જે દરમિયાન પોલીસ અને મહિલાઓ વચ્ચે ઘર્ષણ તેમજ ઝપાઝપી થઈ હતી. એક તબક્કે મહિલા પોલીસની મદદ લઈ પોલીસ દ્વારા વિરોધ કરનારાઓને ટીંગાટોળી કરીને પોલીસ વાનમાં લઈ જવાયા હતા.

## ટંકારામાં નવજાત શિશુને જીવતું દાટી દેનારા નિષ્ઠુર દંપતીની ધરપકડ

। (એજન્સી) મોરબી, તા.૧૫ ।

મોરબીના ટંકારા નજીક નવજાત શિશુને જીવતું દાટીને નાસી જનાર નિષ્ઠુર દંપતી આખરે ૨૫ દિવસની શોધખોળના અંતે ઝડપાયું છે. ચાર દિવસના માસૂમ બાળકના કપડાં પર લખેલા બનાસકાંઠાનાં આરોગ્ય કેન્દ્રના નામથી પોલીસને પગેરું મળ્યું હતું. જેમાં રિસામણે બેઠેલી પત્ની સગર્ભા બનતા પતિએ શંકા કરીને કહ્યું હતું કે, 'પાછું આવવું હોય તો બાળક ન જોઈએ.' બન્નેએ જઘન્ય કૃત્ય આચર્યું હોવાનું ખુલ્યું છે. જેના આધારે પોલીસે બન્નેની સઘન પૂછતાછ કરવા સહિતની તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે. ટંકારા તાલુકાના પુનડા ગામની સીમમાં ૧૯મી માર્ચના રોજ પસાર થતા એક રાહદારીને બાળકના રડવાનો અવાજ આવ્યો હતો. તેમણે અન્ય લોકોની મદદથી શોધખોળ કરતા સૌના આશ્ચર્ય વચ્ચે જમીનમાં દાટી દેવાયેલી હાલતમાં જીવિત નવજાત શિશુ મળ્યું હતું.

# પ્રાકૃતિક કૃષિ યોગ્ય પદ્ધતિથી અને પૂરી પ્રમાણિકતાથી થાય તો ખૂબ સારું પરિણામ મળે, આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે : આચાર્ય દેવવ્રતજી

### પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક ક્લસ્ટર લેખે ૪,૮૫૪ ક્લસ્ટર્સની રચના કરાઈ : ત્રણ ગામ દીઠ બે વ્યક્તિઓ તાલીમ આપશે



। ગાંધીનગર, તા.૧૫ ।

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ત્રણ ગામ દીઠ બે વ્યક્તિઓને પ્રાકૃતિક કૃષિનું પ્રશિક્ષણ આપવાની જવાબદારી સોંપવામાં આવશે. બે વ્યક્તિઓમાં એક કોમ્યુનિટી રિસર્ચ પર્સન હશે અને બીજી પ્રાકૃતિક કૃષિ સખી - મહિલા હશે. ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક ક્લસ્ટર લેખે ૪,૮૫૪ ક્લસ્ટર્સની રચના કરવામાં આવી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે રાજભવનમાં આયોજિત બેઠકમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુક્ત સચિવ શ્રી પી. ડી. પલસાણા, કૃષિ નિયામક શ્રી પ્રકાશ રબારી અને આત્માના નિયામક શ્રી સંકેત જોશી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાકૃતિક કૃષિ યોગ્ય પદ્ધતિથી અને પૂરી પ્રમાણિકતાથી થાય તો ખૂબ સારું પરિણામ મળે છે. આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ખેડૂતોને યોગ્ય અને અસરકારક તાલીમ મળે એ માટે તેમને તાલીમ આપનારા પ્રશિક્ષકોને પણ સમયાંતરે સઘન અને સુયોગ્ય તાલીમ મળતી રહે એ જરૂરી છે. પ્રાકૃતિક કૃષિ એ લોકોને જીવન આપનારું માનવતાનું કામ છે. એમ કહીને તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતીનું કામ જ પૂજા છે. ગુજરાતના તમામ શહેરો અને તાલુકા મથકોમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો શરૂ કરવા અને આ વેચાણ કેન્દ્ર પર પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો જ વેચાય તેની ચોકસાઈ રાખવા આ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો.

## વડતાલ ટેમ્પલ કમિટીના ચેરમેન પદે ડો. સંતવલ્લભદાસજી સ્વામી તથા કોઠારીપદે દેવપ્રકાશ સ્વામીની સર્વાનુમતે વરણી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય તીર્થધામ વડતાલ ધામમાં ટેમ્પલ કમિટીનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા બિનહરીફ ચૂંટાયેલા નવા ટેમ્પલ કમિટીની પ્રથમ મીટીંગ તારીખ ૧૫ એપ્રિલને મંગળવારના રોજ યોજાઈ હતી. જેમાં બિનહરીફ ચૂંટાયેલા સભ્યો પૈકી ડૉ. સંતવલ્લભદાસજી સ્વામીની ચેરમેન તરીકે તથા દેવપ્રકાશ સ્વામીની વડતાલ મંદિરના મુખ્ય કોઠારી તરીકે વરણી કરવામાં આવતા હરિભક્તોમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. વડતાલ ટેમ્પલ કમિટીના કોઠારી દેવપ્રકાશ સ્વામીએ જણાવ્યું હતું કે વડતાલ ટેમ્પલ કમિટીમાં ડૉ. સંતવલ્લભદાસજી સ્વામી, બ્રહ્મચારી હરિકૃષ્ણાનંદજી, પાર્ષદ વલ્લભભગત, સંજયભાઈ શાંતિલાલ પટેલ (ભરૂચ), તેજસભાઈ બીપીનભાઈ પટેલ (પીપળાવ), અલ્પેશભાઈ પંકજભાઈ પટેલ (વડોદરા) અને સંજયભાઈ હીરાભાઈ પટેલ (ગોધરા) બિનહરીફ ચૂંટાયા હતા. ચૂંટાયેલા કમિટીના નવા સભ્યોની પ્રથમ મીટીંગ મંગળવારે સવારે મંદિરની બોર્ડ ઓફિસમાં મળી હતી. જેમાં બ્રહ્મચારી, પાર્ષદ અને ગૃહસ્થ વિભાગના છ સભ્યોએ ડો. સંતવલ્લભદાસજી સ્વામીની ચેરમેનપદે અને દેવપ્રકાશ સ્વામીની કોઠારીપદે નિમણૂક કરી હતી, જ્યારે સંજયભાઈ શાંતિલાલ પટેલ (ભરૂચ)ની સેક્રેટરી તરીકે વરણી કરી હતી. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે ટેમ્પલ કમિટીના સભ્યોનું ફુલહાર પહેરાવી સન્માન કર્યું હતું અને અભિનંદન પાઠવ્યા હતા. દરમિયાન વડતાલ મંદિરના વડીલ સંતો પૂ નૌતમસ્વામી-શ્રીવલ્લભ સ્વામી-બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદજી-પી પી સ્વામી વગેરે સંતો એ હારતોરા કરીને શુભેચ્છા પાઠવી નવા નિમાયેલા ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી, કોઠારી દેવપ્રકાશ સ્વામી તથા અન્ય સભ્યોને ફૂલહાર પહેરાવી સ્વાગત કર્યું હતું.

### બાબા આંબેડકરના પોસ્ટર ફાટતા ભારે વિવાદ

# ૧૨ થી ૧૫ વર્ષના બાળકોએ આંબેડકરના પોસ્ટરો ફાડ્યા

### ત્રણેય બાળકોનું કારસ્તાન સામે આવતાં હાલ પોલીસ કાર્યવાહી કરી રહી છે જેમાં આગામી સમયમાં ત્રણેય બાળકોને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં આજે ડો. બાબાસાહેબ આંબેડકરના પોસ્ટર ફાડી નાખવા મામલે સ્થાનિકો ધરણાં પર ઉતર્યા હતા. જેને પગલે પોલીસે કાયદાકીય કાર્યવાહી કરતાં આજે ૧૨થી ૧૫ વર્ષના ૩ બાળકોએ પોસ્ટર ફાડ્યા હોવાનું સામે આવતાં આ ત્રણેય બાળકોને કાયદાના સંઘર્ષમાં લેવામાં આવ્યા છે.

આ બાળકો વિરુદ્ધ કોઈ ગુનાહિત ઈતિહાસ અગાઉ પોલીસ ચોપડે નોંધાયેલો છે કે નહીં તેની કાર્યવાહી કરવામાં આવશે. પરંતુ આ બનાવને લઈને હાલ શહેરમાં ચકચાર મચી જવા પામી છે. બાબા આંબેડકરની જન્મજયંતિના ભાગરૂપે સંજય ચોક ખાતે પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. પરંતુ આ પોસ્ટર બ્લેડ મારફતે ફાડી નાખતાં સ્થાનિકોએ રસ્તો રોકો આંદોલન શરૂ કર્યું હતું. જેમાં રસ્તા પર આવતાં જતાં તમામ વાહનોને રોકીને સ્થાનિકો ધરણાં પર બેઠાં હતા. જેમાં આ મામલે ત્રણેય બાળકોનું કારસ્તાન સામે આવતાં હાલ પોલીસ કાર્યવાહી કરી રહી છે. જેમાં આગામી સમયમાં ત્રણેય બાળકોને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. અમરાઈવાડી પીઆઈ પી.એચ. મકવાણાના જણાવ્યા પ્રમાણે શહેરમાં બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે અનેક વિસ્તારમાં પોસ્ટર લગાવાયા છે. જેમાં સંજય ચોક ખાતે પણ પોસ્ટર લગાવેલા હતા. વહેલી સવારે પોસ્ટર ફાટેલી હાલતમાં મળતાં લોકોએ રસ્તા રોક્યા હતા. પરંતુ પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં પૂછપરછ કરીને આ કૃત્ય બાળક દ્વારા કર્યું હોવાનું સામે આવતાં તે બાળકોને કાયદાના સંઘર્ષમાં લેવાયા છે. આગામી સમયમાં કાર્યવાહી કરવામાં આવશે. એ સિવાય જો હજુ પણ સ્થાનિકો ધરણાં પર ઉતર્યા હોય તો તેની વ્યવસ્થા ગોઠવી રહ્યા છીએ જેની વાહનચાલકોને તકલીફ ન પડે.

પોસ્ટરને માત્ર એક બાજુથી નહીં પરંતુ આખાય પોસ્ટર પર બ્લેડ વડે ચીરા કરવામાં આવ્યા છે. બ્લેડ પણ અહીં જ પડી છે. આ કૃત્ય જાણીજોઈને કરવામાં આવેલું કૃત્ય છે. વિસ્તારમાં હેરાનગતિ અને કનડગત વધારે છે. ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને નુકસાન પહોંચાડવાની ઘટના પણ વખતોવખત સામે આવી છે.

## અકસ્માત જોવા ઊભા રહેલા લોકો પર ટ્રક પલટી, ૨ વ્યક્તિના ઘટનાસ્થળે મૃત્યુ

। (એજન્સી) ગીર સોમનાથ,તા.૧૫ ।

સોમનાથ જિલ્લામાંથી હચમચાવી નાખતા દ્રશ્યો સામે આવ્યા છે. મળતા અહેવાલ પ્રમાણે ગીર સોમનાથમાં ભયંકર અકસ્માત જોવા ઉભા રહેલા લોકો પર ટ્રકે પલ્ટી મારી હતી. આ દુર્ઘટનામાં બે લોકોના મૃત્યુ થયા છે. આ અકસ્માતમાં સુભાષ પરમાર અને બાલુ કલોતરાના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મૃત્યુ નીપજ્યાં છે. જ્યારે સાતથી વધુ લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કોડીનાર-સુત્રાપાડા રોડ પર રાખેજ પાસ પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સ્થાનિકો લોકો આ અકસ્માત જોવા ઉભા હતા. તે સમયે ત્યાંથી પૂરઝડપે પસાર થઈ રહેલા ટ્રકે પલ્ટી મારી હતી. રાખેજ ગામની ફાટક પાસે રાત્રે ૮:૩૦ કલાક આસપાસ બાઈક અને ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ ત્યાં જોવા અનેક લોકો ભેગા થયા હતા. તે સમયે સુત્રાપાડા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકના ચાલકે કાબુ ગુમાવતા ટ્રક પલટી મારી હતી.

# એકતાનગર ખાતે નેશનલ ફાયર સર્વિસ-ડે ની પરેડ સાથે ઉજવણી કરાઇ

। નર્મદા, તા.૧૫ ।

નર્મદા જિલ્લામાં એકતાનગર ખાતે રાજ્યકક્ષાનો 'નેશનલ ફાયર સર્વિસ-ડે' ની સરદાર સરોવર ડેમ વ્યુ પોઈન્ટ-૧ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે ૧૪મી એપ્રિલે ફાયર ફાઈટરો અને ફાયર સર્વિસનાં કર્મચારીઓની બહાદુરી, સમર્પણ અને બલિદાન માટે તેઓને યાદ કરવામાં આવે છે. મુંબઈમાં ૧૯૪૪ માં ડોકયાર્ડમાં આગ બુઝાવામાં ૬૬ જેટલાં ફાયર જવાનોએ બલિદાન આપ્યા હતા. જેમની યાદમાં દેશની સૌથી ઉંચી પ્રતિમા સરદાર સાહેબના સાનિધ્યમાં આ યોદ્ધાઓને યાદ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. શહીદ અગ્નિસામકોને શ્રધ્ધાજંલિના રૂપે ૪ પ્લાટુન દ્વારા પરેડ પણ યોજવામાં આવી હતી. આ પ્રસંગે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ફાયરકર્મીઓને શૌર્ય એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેન્સન્સ સર્વિસીસના ડિરેક્ટરશ્રી અનિલકુમાર ચાવડાએ આ તબક્કે જણાવ્યું હતું કે, ફાયર સર્વિસ ડેનો હેતુ, "Unite to ignite a fire safe India"નક્કી કરવામાં આવ્યો છે, ફાયર જવાનો લોકોની સુરક્ષામાં પોતાની સુરક્ષાની સલામતી પણ જાળવી રાખે તે




પણ ખુબ જરૂરી છે માટે 'Fire safety and Prevention measures' પણ એટલા જ જરૂરી છે. ગુજરાતમાં ફાયર એન્ડ ઈમર્જન્સી સેવા, મહાનગરપાલિકા અને નગરપાલિકા હસ્તક હતું પરંતુ આ વર્ષે શહેરી વિકાસ વર્ષ તરીકે સરકાર ધ્વારા નક્કી કરવામાં આવ્યું છે જેને હવેથી ફાયર ડે શહેરી વિકાસ બોર્ડ થકી આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ફાયરકર્મીઓને શૌર્ય એવોર્ડ સાથે પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ સચિવ શ્રી બી.એસ.મિસ્ત્રી, આસી.ડાયરેક્ટરશ્રી વી.એમ. સોલંકી, સ્ટેશન ફાયર ઓફિસરો, ગુજરાતનાં જુદા-જુદા જિલ્લામાંથી પધારેલા ફાયરકર્મી અને ચાર પ્લાટુન અને ફાયર વિભાગ સાથે સંકળાયેલા કર્મચારી પણ હાજર રહ્યા હતાં.

### બાળકોના જીવન સુધારો, બાળલગ્ન થતાં અટકાવો

## જાહેર જનતા બાળલગ્ન અંગેની જાણ નજીકના પોલીસ સ્ટેશન, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮, અભયમ હેલ્પલાઈન ૧૮૧ પર કરી શકાશે

। અમદાવાદ, તા.૧૫ ।

હિંદુ પંચાગ મુજબ અખાત્રીજના દિવસને લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત માનવામાં આવે છે. મોટા પ્રમાણમાં વિવિધ સમાજના લગ્નપ્રસંગો આ દિવસે યોજાતા હોય છે ત્યારે આ દિવસે બાળલગ્ન અટકાવવાના આશયથી બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬ અંતર્ગત સ્ત્રી બાળકના ૧૮ વર્ષ પૂર્ણ કર્યા પહેલા અને પુરુષ બાળકના ૨૧ વર્ષ પૂર્ણ કર્યા પહેલા જો લગ્ન કરાવવામાં આવે તો તેવા લગ્ન આ અધિનિયમ અંતર્ગત બાળલગ્ન છે અને તે બિનજામીન પાત્ર ગુનો બને છે. તેમજ, આવા બાળલગ્ન કરાવે, સંચાલન કરે, તેની સૂચના આપે, પ્રોત્સાહન આપે અથવા મદદગારી કરે, કે બાળલગ્નમાં ભાગ લે તે દરેક વ્યક્તિઓને, આ અધિનિયમની કલમ ૯,૧૦ અને ૧૧.(૧), (૨) અન્વયે ૨ વર્ષની સખત કેદની સજા અને રૂ.૧ લાખ સુધીનો દંડ થઈ શકે છે. અમદાવાદ- જિલ્લા ગ્રામ્ય/શહેરમાં આપના વિસ્તાર, સોસાયટી, ગામ કે ફળિયામાં જો કોઈ બાળલગ્નનું આયોજન કરવામાં આવેલ હોય, કે બાળલગ્ન કરતાં હોય, તો આપ જાહેર જનતા તે અંગેની માહિતી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અમદાવાદ, શ્રી એસ.વી. રાઠોડને સંપર્ક નંબર ૯૪૨૯૫૬૫૯૯૬ અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અમદાવાદ, સુશ્રી તન્વીબહેન પરમારને સંપર્ક નંબર ૯૭૨૫૫૪૪૧૪૬ ઉપર જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, બી બ્લોક, ભોંયતળિયે, બહુમાળી ભવન, અપના બજાર, લાલ દરવાજા, અમદાવાદ ખાતે ફોન નંબર ૦૭૯-૨૫૫૦૮૭૧૨, તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં ૬૦૪, છઠ્ઠો માળ, હરે કૃષ્ણા કોમ્પ્લેક્ષ, કોઠાવાલા ફ્લેટની સામે, પ્રીતમનગર, પાલડી, અમદાવાદ ખાતે ફોન નં . ૦૭૯-૨૬૫૮૭૭૪૦ દ્વારા બાળ લગ્ન અંગેની માહિતી આપી શકાય છે અથવા ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ ઉપર જાણ કરી શકો છો.

### વિકસિત ભારતના નિર્માણ માટે ભાવિ પેઢીના સ્વાસ્થ્ય અને શિક્ષણ પર ભાર મૂકી

## ટેકનોલોજીના માધ્યમ થકી બાળકોની કૌશલ્ય ક્ષમતા વધારવા પર ભાર મૂકતા વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર

। નર્મદા, તા.૧૫ ।

ભારત સરકારના વિદેશ મંત્રી શ્રી ડૉ. એસ. જયશંકર નર્મદા જિલ્લાની બે દિવસીય મુલાકાતે પધાર્યા છે. વિદેશ મંત્રીશ્રી તેઓની મુલાકાતના પ્રથમ દિવસે MPLADS અંતર્ગત દત્તક લીધેલા ગામો પૈકી તિલકવાડા તાલુકાના વ્યાધર ગામે જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદી દ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

બાદમાં મંત્રીશ્રીએ અગર ગામ, ગરૂડેશ્વર તાલુકાના આમદલા અને જેતપુર(વઘ.) ગામની મુલાકાત લઈ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, એમ્બ્યુલન્સ, સક્ષમ સ્માર્ટ આંગણવાડી અને પ્રાથમિક શાળાનાં સ્માર્ટ ક્લાસરૂમ તથા કોમ્પ્યુટર લેબનું પણ લોકાર્પણ કરી જવાહર નવોદય વિદ્યાલય-કેવડિયા કોલોનીના ટ્રાન્સપોર્ટ વિહીકલને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. વિદેશ મંત્રીશ્રી ડૉ.સુબ્રમણ્યમ્ જયશંકરે ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે, સાંસદ તરીકે ગુજરાતનું છેલ્લા છ વર્ષથી રાજ્યસભાના સાંસદ તરીકે પ્રતિનિધિત્વ કરવા સાથે નર્મદા જિલ્લાની પ્રધાનમંત્રીશ્રી દ્વારા વિશેષ જવાબદારી મળતા



મને વારંવાર અહીં આવીને લોકોની સુખાકારી માટેના વિકાસ કાર્યો તેમજ તેમની મુશ્કેલી સાંભળીને દૂર કરવાના પ્રયાસો કરી રહ્યો છું. MPLADS હેઠળના ગામોમાં વિકાસના કામો થકી નાગરિકોને માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થાય, આરોગ્યની સુવિધાઓ ઘર આંગણે ઉપલબ્ધ થાય તે માટે આરોગ્ય મંદિર (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર), નાનાં ભૂલકાઓ માટે આંગણવાડી, બાળકોના શિક્ષણનો પાયો મજબૂત થાય તે માટે સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ હોય તો બાળકોને શાળામાં જવા માટે ઉત્સાહ વધે તેવું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આજે બાળકોને સ્માર્ટ બોર્ડ પર અભ્યાસ કરતા અને જાતે પ્રવૃત્તિ કરતા જોઈને આનંદની લાગણી અનુભવું છું.

